દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 219 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 September 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# એશિયા કપમાં ભારત-પાકિસ્તાન 'વૉર'

## ટીમ ઈન્ડિયા એસીસીના પાકિસ્તાની વડા નક્વીના હાથે ટ્રોફી નહીં સ્વીકારવાના મૂડમાંઃ પાકિસ્તાન સ્પર્ધાનો બહિષ્કાર કરવાની તૈયારીમાંઃ બોર્ડની મૅચ રેફરી પાયક્રૉફ્ટને હટાવવાની પાકિસ્તાનની માગણીઃ વિજય પહલગામના પીડિત તથા લશ્કરને સમર્પિત કર્યો ટીમ ઈન્ડિયાએ

હૅન્ડશૅક વિવાદ

દુબઈ : એશિયા કપની મૅચમાં પાકિસ્તાન ખેલાડીઓ સાથે હાથ મિલાવાનો ભારતના ખેલાડીનો ઈનકાર એક મોટો વિવાદ બની ગયો છે અને ગુસ્સે ભરાયેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે મૅચ રેફરી એન્ડી પાયક્રૉફ્ટ આગળ ભારતની ટીમ સામે વિરોધ નોંધાવ્યા બાદ હવે એશિયા કપમાંથી પાયક્રૉફ્ટને હટાવવાની માગણી કરી છે. પાકિસ્તાને ઈન્ટર ક્રિકેટ કાઉન્સિલને ધમકી આપી છે કે જો અમારી માગણી નહીં સ્વીકારવામાં આવે તો અમે સ્પર્ધામાંથી ખસી જઈશું. પાકિસ્તાને બે કટ્ટર હરીફો વચ્ચે નવી તંગદિલી ઊભી થવા માટે એન્ડી પાયક્રૉફ્ટને જવાબદાર ઠરાવ્યા છે. હાલમાં પાકિસ્તાન બોર્ડના વડા મોહસિન નક્વી એસીસીના હાલના વડા છે અને એશિયા કપ એ આઈસીસીનો નહીં, પરંતુ એસીસીનો ઈવેન્ટ છે.જો ભારત ૨૮ સપ્ટેમ્બરે સ્પર્ધા જીતશે તો તે નક્વી સાથે પ્રેઝન્ટેશન મંચમાં નહીં આવે. નક્વી એસીસીના વડા તરીકે ટ્રોફી એનાયત કરવાના છે અને ભારત કદાચ તેમના હાથે ટ્રોફી સ્વીકારવાની પણ ના પાડી દે

(જુઓ પાનું ૨)





મોહસિન નક્વી



એન્ડી પાયક્રૉફ્ટ

**સંઘભાવના નહીં, દેશદાઝની ભાવનાઃ** પાકિસ્તાન સામે રવિવારે દુબઈમાં જીત્યા પછી સંઘભાવનાને કોરણે મૂકી ભારતીય ટીમ દેશદાઝને માન આપી હરીફ ટીમ સાથે હૅન્ડશૅક નહોતું કર્યું. (એજન્સી)

## ... તો બિહારમાં મતદારયાદીની સમીક્ષા રદ કરીશુંઃ સુપ્રીમ કોર્ટ

### વોટિંગ લિસ્ટના રિવિઝન સંબંધે અંતિમ સુનાવણી સાતમી ઑક્ટોબરે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે ભારતનું ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા હોવાથી અમે માનીએ છીએ કે તે બિહારમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા કરતી વખતે કાયદાનું પાલન કરશે. સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી કે જો પંચ કોઈ પણ ગેરકાયદે બાબત કરશે તો કવાયત રદ કરાશે. જસ્ટિસ સૂર્યકાંત અને જોયમાલયા બાગચીએ બિહારની સમીક્ષાની કાયદેસરતા પર અંતિમ દલીલો કરવા સાત ઓક્ટોબરની તારીખ નક્કી કરી હતી. જોકે સર્વોચ્ચ અદાલતે આ કવાયત પર કટકે કટકે મત આપવાનો ઈનકાર કર્યો હતો. બેન્ચે કહ્યું હતું કે આખા દેશમાં પંચને આ પ્રકારની સુધારણાની કવાયત કરતા તે રોકી શકે નહીં , પરંતુ અમારો બિહાર સમીક્ષા પરનો ચુકાદો આખા ભારતની સમીક્ષા પર પણ લાગુ પડશે. સુપ્રીમ કોર્ટે ગયા સોમવારે આઠ સપ્ટેમ્બરે આદેશ આપ્યો હતો કે બિહારની મતદારયાદીની સમીક્ષામાં આધાર કાર્ડને બારમા કાયદેસર દસ્તાવેજ તરીકે પંચે સ્વીકાર કરવો જ પડશે. સુપ્રીમ કોર્ટના આદેશ છતાં ચૂંટણી અધિકારીઓ આધાર કાર્ડને સ્વીકારતા નથી એવી ફરિયાદો બાદ સર્વોચ્ચ અદાલતે આ હુકમ બહાર પાડ્યો હતો. બેન્ચે ચૂંટણી પંચના આધાર કાર્ડ સામેના વાંધાને ફગાવી દીધા હતા. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે આ દસ્તાવેજ નાગરિકત્વ સિદ્ધ કરતો નથી, પરંતુ ઓળખાણ અને રહેઠાણ માટેનો કાયદેસર દસ્તાવેજ છે. (એજન્સી)■

## દક્ષિણ મુંબઈમાં આકાશી આફતઃ ૧૨ કલાકમાં લગભગ ૮ ઈંચ વરસાદ

### કોલાબામાં સપ્ટેમ્બર મહિનાનો બીજો હાઈએસ્ટ વરસાદઃ મુંબઈગરાનું જનજીવન અસ્તવ્યસ્તઃ મોનોરલ ફરી અધવચ્ચે ખોટકાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ, થાણે, નવી મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં રવિવાર મોડી રાતથી વરસાદ શરૂ થયો હતો. સોમવાર સવાર સુધીમાં વરસાદને કારણે મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. રેલવેની સાથે જ ટ્રાફિકને અસર પડી હતી. મુંબઈ, થાણે અને રાયગડ માટે હવામાન વિભાગે સવારના ૭ થી ૧૦ વાગ્યા સુધીના ત્રણ કલાક માટે વરસાદની ચેતવણીને અપગ્રેડ કરીને ઓરેન્જમાંથી રેડ અલર્ટ આપીને ભારેથી અતિભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા વ્યક્ત કરી હતી. સોમવારના મુશળધાર વરસાદની સાથે જ મુંબઈમાં મોસમનો સરેરાશ ૧૦૧ ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

રવિવાર રાતથી સોમવાર સવાર સુધીના ૧૨ કલાકમાં દક્ષિણ મુંબઈમાં વરસાદનું જોર

(જુઓ પાનું ૨)

વધુ તસવીરો અહેવાલ ૩ ૧૪



**પાણીનો આતંકઃ** મુંબઈમાં ગઈ કાલે ભારે વરસાદ પડતા નાના ચોક સહિત અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. (અમય ખરાડે)



**ફરી ખોટકાઈઃ** મુંબઈમાં મોટા ઉપાડે શરૂ કરાયેલી મોનોરેલનું ખોડંગવાનું વારંવારનું બની ગયું છે અને આમાં ગઈ કાલેનો ભારે વરસાદને દિવસ પણ અપવાદ નહોતો. (અમય ખરાડે)

## વક્ફ સુધારો કાયદા પર સ્ટેનો સુપ્રીમ કોર્ટનો સાફ ઈનકાર

**અમુક મહત્ત્વની જોગવાઈઓનો અમલ હાલ સ્થગિતઃ વચગાળાના આદેશમાં વક્ફ સંપત્તિનો દરજ્જો નક્કી કરવાની કલેકટરને સત્તા આપતી અને વક્ફ બોર્ડમાં બિનમુસ્લિમ સભ્યની જોગવાઈઓનો અમલ અટકાવાયો**

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે વક્ફ (સુધારો) કાયદો-૨૦૨૫ના અમુક ચાવીરૂપ જોગવાઈઓ પર મનાઈ હુકમ આપ્યો છે, પરંતુ આખા કાયદા પર મનાઈહુકમ આપવાની ના પાડી હતી. છેલ્લાં પાંચ વર્ષ સુધી ઈસ્લામ ધર્મનું પાલન કરનારા જ વક્ફ બનાવી શકે એવી કલમ પર પણ મનાઈ ફરમાવી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન મસિહની બનેલી બેન્ચે આ વિવાદાસ્પદ બાબત પરના ૧૨૯ પાનાંના વચગાળા હુકમમાં કહ્યું હતું કે પૂર્વધારણા હંમેશાં કાયદો બંધારણીય છે એની તરફેણમાં હોય છે અને હસ્તક્ષેપ વિરલમાં વિરલ કેસમાં જ કરી શકાય.

બેન્ચે ચુકાદામાં વધુમાં કહ્યુ હતું કે આખા કાયદાની જોગવાઈઓ અટકાવી દેવાનો કોઈ કેસ

(જુઓ પાનું ૨)

## આધાર વેરિફાય થયું હશે તો જ રેલવેમાં રિઝર્વેશન

### ઓનલાઈન બુકિંગ ખૂલ્યાની પહેલી ૧૫ મિનિટ માટેના નવા નિયમનો પહેલી ઑક્ટોબરથી અમલ

નવી દિલ્હીઃ રેલવે ટિકિટનાં બુકિંગમાં થતા દુરુપયોગને રોકવા રેલવેએ મોટું પગલું લીધું છે. આવતા મહિનાથી ઑનલાઈન ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવશે.

પહેલી ઑક્ટોબરથી રિઝર્વેશન ખૂલ્યા બાદ પહેલી ૧૫ મિનિટ માત્ર એ લોકો જ ટિકિટ બુક કરી શકશે જેમનાં આધાર કાર્ડનું વેરિફિકેશન થઈ ગયેલું છે. આ નવો નિયમ આઈઆરસીટીસીની વૅબસાઈટ અને મોબાઈલ ઍપ એમ બંને પર લાગુ પડશે.

ભારતીય રેલવેનો ઈરાદો ટિકિટ રિઝર્વેશન સિસ્ટમના દુરુપયોગને રોકવાનો અને અસલી યાત્રીઓને પ્રાથમિકતા આપવાનો છે. વર્તમાનમાં આ પ્રતિબંધ માત્ર તત્કાલ બુકિંગ માટે જ છે.

જોકે બુકિંગ કાઉન્ટર પરથી મળતી ટિકિટના નિયમમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો. નવો નિયમ માત્ર ઑનલાઈન ટિકિટિ બુકિંગને જ લાગુ પડશે એવી સ્પષ્ટતા રેલવે અધિકારીઓએ કરી હતી. ■

## વેપાર કરાર હાથવગાઃ અમેરિકાના મુખ્ય વાટાઘાટકાર દિલ્હીમાં

નવી દિલ્હી : અમેરિકાના મુખ્ય વેપાર વાટાઘાટકાર બ્રેન્ડેન લિન્ચ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર કરવાની વાતચીત કરવા માટે નવી દિલ્હી આવી પહોંચ્યા છે અને વાતચીત મંગળવારથી શરૂ થશે

ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર પચાસ ટકા ટૅરિફ નાખવાથી બન્ને દેશના સંબંધોમાં કડવાશ આવી હતી, પરંતુ બન્ને પક્ષોએ મતભેદો ઘટાડવા પ્રયાસ કરતાં હવે વાતચીત આગળ વધશે. તાજેતરમાં અમેરિકાના ભારતમાંના રાજદૂત તરીકે અનુમોદન મેળવવા સેનેટની સુનાવણી દરમિયાન સર્જિયો ગોરે કહ્યુ હતું કે બે દેશો સફળતા મેળવવાની આરે છે, અમેરિકા સક્રિય રીતે ભારતીયો સાથે વાતચીત કરી રહ્યું છે. હકીકતમાં પ્રમુખ ટ્રમ્પે આવતા અઠવાડિયે ભારતના વાણિજ્ય અને વેપાર પ્રધાનોને અમેરિકા આવવાનું આમંત્રણ આપ્યું છે. આ મંત્રણામાં અંતિમ નિર્ણય થવાની આશા રખાઈ રહી છે. ■

## વડાં પ્રધાન કાર્કીએ કૅબિનેટમાં સમાવેલા નવા ત્રણ પ્રધાનના શપથગ્રહણ

કાઠમંડુઃ નેપાળનાં કૅરટેકર વડાં પ્રધાન સુશીલા કાર્કીએ પ્રધાનમંડળમાં નવા નિમેલા ત્રણ પ્રધાનને રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડલે સોમવારે શપથગ્રહણ કરાવ્યા હતા. પ્રધાનમંડળમાં સમાવિષ્ટ કરવામાં આવેલા ત્રણ નવા પ્રધાનમાં કુલમાન ઘિશિંગ, રામેશ્વર ખાનલ અને ઓમપ્રકાશ આર્યલનો સમાવેશ થાય છે.

૭૩ વર્ષનાં કાર્કી નેપાળનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન છે. કાર્કીએ રવિવારે વડાં પ્રધાનના કાર્યાલયનો હવાલો સંભાળી લીધો હતો.

અહીંના મહારાજગંજના શીતલ નિવાસ ખાતે આવેલા રાષ્ટ્રપતિના કાર્યાલયમાં આ ત્રણ પ્રધાનને શપથગ્રહણ કરાવવામાં આવ્યા હતા.

ભૂતપૂર્વ નાણાં સચિવ ખાનલે નાણા પ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા. નેપાળ ઈલેક્ટ્રિસિટી ઑથોરિટીના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર ઘિશિંગે શપથગ્રહણ કર્યા બાદ ઊર્જા, જળસ્રોત અને સિંચાઈ તેમ જ ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઍન્ડ ટ્રાન્સપોર્ટ અને શહેરી વિકાસ ખાતા એમ ત્રણ પોર્ટફોલિયોનો હવાલો સંભાળી લીધો હતો.

ઍડવોકેટ ઓમપ્રકાશ આર્યલને ગૃહ પ્રધાન તેમ જ કાયદા, ન્યાય અને સંસદીય બાબતોના પ્રધાન તરીકે શપથગ્રહણ કરાવવામાં આવ્યા હતા.

કાર્કીનાં વડપણ હેઠળની કૅરટેકર સરકારે પાંચ માર્ચ ૨૦૨૬ સુધીમાં નવેસરથી ફરજિયાત ચૂંટણી યોજવાની રહેશે.

કાર્કીએ ૧૨ સપ્ટેમ્બરે શપથગ્રહણ કરી નેપાળની રાજકીય અસ્થિરતાનો અંત આણ્યો હતો. (એજન્સી)

## ઘૂસણખોરોને લીધે બહેન-દીકરીઓની આબરૂની ચિંતાઃ વડા પ્રધાન

### મોદીએ બિહારમાં આના માટે વિપક્ષોને દોષી ઠેરવ્યાઃ બીડી સાથે બિહારને જોડવા બદલ કૉંગ્રેસને પણ ઝાટકી

પુર્ણિયાઃ બિહારીઓને 'બીડી' સાથે સાંકળવાની બાબતને બિહારીઓનું અપમાન લેખાવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કૉંગ્રેસ પર આકરાં પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે બિહારના લોકો આવનારી વિધાનસભાની ચૂંટણીમાં વિપક્ષ ઈન્ડિ બ્લૉકને આ અપમાનનો જડબાતોડ જવાબ આપશે.

વિપક્ષે ઘૂસણખોરોને છાવરીને કટોકટીની પરિસ્થિતિ ઊભી કરી છે જેને કારણે બિહાર, પશ્ચિમ બંગાળ અને આસામ જેવા રાજ્યોમાં બહેન-દીકરીઓની આબરૂની લોકોને ચિંતા થઈ રહી છે.

કૉંગ્રેસના કેરળ એકમે સોશ્યલ મીડિયા પર મૂકેલી પૉસ્ટે

(જુઓ પાનું ૨)



**હવે નહીં પાટલીબદલુંઃ** બિહારના કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી અને નિતિશ કુમાર. (એજન્સી)

## હું એનડીએમાં જ રહેવાનોઃ નીતીશની મોદીને ગૅરન્ટી

પૂર્ણિયાઃ બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમારે સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ખાતરી આપી હતી કે તેઓ એનડીએમાં જ રહેશે, જ્યારે આરજેડી-કોંગ્રેસ ગઠબંધન સાથેના ટૂંકા ગાળાના જોડાણનો અફસોસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જ્યારે અમે સત્તામાં ભાગીદારી કરી ત્યારે તેઓ હરહંમેશ

(જુઓ પાનું ૨)

## ૪૦,૦૦૦ કરોડ રૂપિયાનાં વિકાસ કામોનાં શ્રીગણેશ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે બિહારના પૂર્ણિયા જિલ્લામાં લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ કામોનો શુભારંભ કર્યો હતો. વડા પ્રધાને પૂર્ણિયા એરપોર્ટ પર એક નવનિર્મિત ટર્મિનલ બિલ્ડિંગનું પણ ઉદઘાટન કર્યું હતું. જેના કારણે આ ક્ષેત્રમાં મુસાફર વ્યવસ્થા ક્ષમતામાં વધારો થશે. મોદીએ પૂર્ણિયા-કોલકાતા રૂટ પર પહેલી ફ્લાઇટને લીલી ઝંડી આપી હતી. આ સમારોહમાં મુખ્ય પ્રધાન નિતિશ કુમાર, નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી, અનેક કેન્દ્રીય પ્રધાનો, રાજ્ય પ્રધાનો, સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ ભાગલપુરમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આકાર પામનાર ૩,૮૦૦ મેગાવોટના થર્મલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.■

## ચર્ચિલ ખોટા પડયા, ભારત નહીં બ્રિટન વિભાજન ભણી : ભાગવત

ઇન્દોર : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે બ્રિટન મુદ્દે મોટું નિવેદન કર્યું છે. તેમણે બ્રિટન પર પલટવાર કરતા જણાવ્યું હતું કે એક સમયે બ્રિટનના તત્કાલિન વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે ભારતની સ્વતંત્રતા પર કહ્યુ હતું કે,ભારત નહીં ટકી શકે અને વિભાજિત થશે. પરંતુ ભારત આજે વિભાજિત નથી અને આગળ વધી રહ્યુ છે. બીજી તરફ હાલ બ્રિટન પોતે વિભાજન તરફ આગળ વધી રહ્યું છે. મોહન ભાગવતે આ વાત મધ્ય પ્રદેશના કેબિનેટ મંત્રી પ્રહ્લાદ સિંહ પટેલના પુસ્તક 'પરિક્રમા કૃપા સાર'ના વિમોચન પ્રસંગે કહી હતી. મોહન ભાગવતે કહ્યું કે, ભારત જ્ઞાન, કર્મ અને ભક્તિમાં પરંપરાગત દર્શનમાં વિશ્વાસને કારણે દરેકની આગાહીઓને ખોટી સાબિત કરીને સતત આગળ વધી રહ્યુ છે. તેમજ વિશ્વમાં આજે વ્યક્તિગત હિતોને કારણે જ સંઘર્ષો ચાલી રહ્યા છે. ભાગવતે દેશની પરંપરાગત સંસ્કૃતિ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, ભારતમાં ગાય, નદીઓ,વૃક્ષો અને છોડની પૂજા દ્વારા પ્રકૃતિની પૂજા કરવામાં આવે છે. દેશનો પ્રકૃતિ સાથેનો સંબંધ જીવંત અનુભવ પર આધારિત છે.મોહન ભાગવતે જણાવ્યું હતું કે. માનવ ફક્ત એ જ માને છે જે તે જુએ છે. જ્યારે વિજ્ઞાન પણ એ જ કહે છે. મોહન ભાગવતે પુસ્તક વિમોચન પ્રસંગે પોતાના સંબોધનમાં કહ્યું કે જ્યારે ૩૦૦૦ વર્ષ સુધી ભારત અગ્રણી દેશ હતો ત્યારે દુનિયામાં કોઈ સંઘર્ષ નહોતા.તેમજ પર્યાવરણ ક્યારેય બગડ્યું ન હતું. માનવ જીવન સુખી હતું.■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પેટ્રોલમાં ઈથેનોલની ભેળસેળથી કંપનીઓને ફાયદો, દેશને નહીં

**કેન્દ્રીય** મંત્રી નીતિન ગડકરીએ પોતાના દીકરાઓના લાભાર્થે પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારીને ૨૦ ટકા કરાવી દીધું હોવાના આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે. આ આક્ષેપો વચ્ચે ગડકરીએ સફાઈ ઠોકી છે કે, મારું મગજ દર મહિને ૨૦૦ કરોડ રૂપિયા કમાઈ શકે તેમ છે અને મને પૈસા ક્યાંથી કમાવવા તેની ખબર છે. આ વિચારો હું મારા દીકરાઓને આપું છું અને અમે કોઈ છેતરપિંડી કરીને કમાણી કરતા નથી.

ગડકરીએ આડકતરી રીતે એવું કહી દીધું છે કે, કેન્દ્ર સરકારે પેટ્રોલમાં ઇથેનોલનું પ્રમાણ વધાર્યું તેના કારણે પોતાના દીકરાઓની કંપનીઓને ઘી-કેળાં થઈ ગયાં એ વાત ખોટી છે. વાસ્તવમાં અમે તો બિઝનેસ આઈડિયાને અમલમાં મૂકીને કમાણી કરી રહ્યા છીએ. ગડકરીના પુત્રો બે મોટી ઇથેનોલ કંપનીઓના માલિક છે અને તેમને ફાયદો કરાવવા માટે ઇથેનોલ ભેળવેલું પેટ્રોલ વેચવામાં આવી રહ્યું છે એવા આક્ષેપોના મારા વચ્ચે ગડકરીએ એવો દાવો પણ કર્યો કે, ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે ખેડૂતોને ફાયદો થઈ રહ્યો છે.

ગડકરીનો દાવો સાવ હાસ્યાસ્પદ છે ને આ વાત સમજવા માટે પેટ્રોલમાં ઈથેનોલની ભેળસેળના ખેલને સમજવો પડે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ ૮ ટકા બહુ પહેલાં જ કરી નાખેલું. આ પ્રમાણ ૨૦૩૦માં વધારીને ૨૦ ટકા કરવાનો નિર્ણય લીધેલો પણ ૨૦૨૧માં પાંચ જૂન એટલે કે વિશ્વ પર્યાવરણ દિને નરેન્દ્ર મોદીએ એલાન કરેલું કે, ભારત ૨૦૨૫ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડિંગ કરતું થઈ જશે. એ વખતે પેટ્રોલ પંપ પરથી જે પેટ્રોલ ખરીદતા તેમાં ૮ ટકા જેટલું ઈથેનોલ મિક્સ કરવામાં આવતું હતું.

મોદીએ આ નિર્ણય પોતાની સરકારની મોટી સિદ્ધિના કારણે લેવાયો હોય એવું ચિત્ર ઊભું કરવા કહેલું કે, ૨૦૧૪ સુધી દેશના પેટ્રોલમાં માત્ર દોઢ ટકો ઈથેનોલ ઉમેરાતું હતું પણ શેરડીનું ઉત્પાદન વધ્યું તેથી હવે ૮.૩૦ ટકા સુધી ઈથેનોલની પેટ્રોલમાં ભેળસેળ કરવામાં આવે છે. ઓઈલ કંપનીઓએ ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૩૮ કરોડ લિટર ઈથેનોલ ખરીદેલું જ્યારે આ જાહેરાત કરી એ વરસે ૩૨૦ કરોડ લિટર ઈથેનોલ ખરીદીને અર્થતંત્રને મોટો ફાયદો કરાવ્યો છે.

ગડકરી અત્યારે કહે છે કે, આ નિર્ણયથી ખેડૂતોને બહુ ફાયદો થઈ રહ્યો છે, એ વખતે પણ એવો જ દાવો કરાયેલો. ભારતમાં શેરડી મબલક પાકે છે ને જંગી પ્રમાણમાં ખાંડનું ઉત્પાદન થાય છે. સરકાર શેરડીના પાક પર સબસિડી આપે છે. શેરડીના વધતા પાકના કારણે સરકાર પર સબસિડીનો બોજ વધી રહ્યો છે.

શેરડીમાંથી બનતી બધી ખાંડનો નિકાલ થતો નથી. ભારતમાં ખાંડનો જંગી વપરાશ કર્યા છતાં ખાંડ વધે છે તેથી મોટા પ્રમાણમાં નિકાસ કરવી પડે છે છતાં ખાંડ ખૂટતી નથી. આ કારણે સરકારે ઈથેનોલના ઉત્પાદનને પ્રોત્સાહન આપીને પેટ્રોલમાં ભેળવવા માંડ્યું એવા દાવા કરાયા હતા. તેના કારણે સરકાર પર સબસિડીનો બોજ ઘટશે ને પેટ્રોલ-ડીઝલના ભાવ કાબૂમાં રાખી શકાશે એવા દાવા પણ કરાયા હતા.

આ દાવો ખોટો છે કેમ કે ઓઈલ કંપનીઓ ઈથેનોલ ખરીદે તેનાથી ખેડૂતોને નહીં પણ ઈથેનોલ બનાવનારી કંપનીઓને ફાયદો થાય છે. ઈથેનોલ બનાવતી કંપનીઓ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે શેરડી ખરીદે છે. ઈથેનોલ કંપનીઓ ખેડૂતો પાસેથી શેરડી ના ખરીદે તો એ શેરડી સરકાર કે સહકારી સુગર મિલો ટેકાના ભાવે ખરીદવાની જ છે. આ સંજોગોમાં ઈથેનોલનું ઉત્પાદન વધ્યું તેના કારણે ખેડૂતોને કોઈ ફાયદો નથી પણ સુગર પ્લાન્ટ્સને એટલે કે ઈથેનોલ બનાવતી કંપનીઓને ફાયદો છે. ગડકરીના દીકરા નિખિલ અને સારંગ મહારાષ્ટ્રમાં આવા ૧૭ સુગર પ્લાન્ટ ધરાવે છે તેથી સૌથી મોટો ફાયદો તેમને જ છે. નિખિલ અને સારંગની કંપનીઓ સિયાન એગ્રો અને માનસ એગ્રો ધડાધડ નોટો છાપી રહી છે.

સિયાન ઈન્ડસ્ટ્રીઝ નિખિલ ચલાવે છે અને આ કંપનીની આવક એક જ વર્ષમાં ૩૦ ગણી વધી ગઈ છે. મોદી સરકારે ૧ એપ્રિલથી પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધારીને ૨૦ ટકા કર્યું પછી સિયાન એગ્રોએ ૨૦૨૫-૨૬ના પહેલા ક્વાર્ટરમાં એટલે કે એપ્રિલ-જૂનના ૩ મહિનામાં જ ૫૧૦ કરોડ રૂપિયાની આવક અને ૫૨ કરોડથી વધુનો નફો નોંધાવ્યો છે, ૨૦૨૪-૨૫ના પહેલા ત્રણ મહિનામાં કંપનીની આવક માત્ર ૧૭ કરોડ રૂપિયા હતી ને એક જ વર્ષમાં વધીને સીધી ૫૧૨ કરોડ થઈ ગઈ એ મોદી સરકારના નિર્ણયને આભારી છે.

ઈથેનોલ પેટ્રોલમાં ભેળવવાથી કોઈ નુકસાન થતું નથી એવો ઓઈલ કંપનીઓ દાવો કરે છે પણ આ દાવો સાવ ખોટો છે. ઈથેનોલ ભેળવવાથી પેટ્રોલની પડતર કિંમત ચોક્કસ ઘટે પણ વાહનના એન્જિનની પત્તર ખંડાઈ જાય છે. તેના કારણે એવરેજ પણ ઘટે છે. એકલું ઈથેનોલ બહુ અસરકારક ફ્યુઅલ છે પણ પેટ્રોલમાં ભેળસેળ કરવાથી વાહનના એન્જિન પર બહુ ખરાબ અસર પડતી હોવાથી યુરોપમાં ગેસોલિન એટલે કે પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવા પર પ્રતિબંધ છે. અમેરિકામાં ૨ ટકાથી વધારે પ્રમાણમાં ઈથેનોલ ભેળવવા પર પ્રતિબંધ છે.

પેટ્રોલમાં ઈથેનોલ ભેળવીને ઓઈલ કંપનીઓ સામાન્ય લોકોને બે રીતે લૂંટી રહી છે. સૌથી પહેલાં તો વાહનોનાં એન્જિનને નુકસાન કરીને આવરદા ઘટાડી રહી છે અને બીજું એ કે, ઈથેનોલના કારણે પડતર કિંમત ઘટી તેનો લાભ લોકોને નથી આપી રહી. એન્જિનને નુકસાન થાય એટલે લોકોએ સર્વિસ માટે વધારે નાણાં ખર્ચવા પડે. જે વાહન ૧૦ વર્ષ ચાલી શકે તેમ હોય એ જ વાહન ૮ વર્ષ કે ૯ વર્ષ ચાલે. તેના કારણે આર્થિક બોજ વધવાનો જ છે. ઇથેનોલ બ્લેન્ડિંગને કારણે એવરેજમાં ઘટાડો થાય છે એ તો રીતસરની લૂંટ જ છે કેમ કે લોકો એ જ ભાવમાં ઓછી એવરેજ આપતું પેટ્રોલ ખરીદી રહ્યા છે.

કોઈ પણ ફ્યુઅલની ક્ષમતાને કેલરિફિક વેલ્યૂ કહેવામાં આવે છે. બળતણના સંપૂર્ણ દહન દરમિયાન મુક્ત થતી ઉષ્મા ઊર્જાના પ્રમાણને બળતણનું કેલરીફિક મૂલ્ય કહેવામાં આવે છે. જેમ કેલરીફિક વેલ્યૂ વધારે તેમ બળતણ વધારે એવરેજ આપે. પેટ્રોલની કેલરીફિક વેલ્યુ ૪૬.૪ છે જ્યારે ઇથેનોલની કેલરીફિક વેલ્યૂ ૨૯.૭ છે. હવે ૨૦ ટકા ઈથેનોલ ભેળવાય એટલે પેટ્રોલ ૭ ટકા ઓછી એવરેજ આપતું થઈ જાય. આપણે ઓછી એવરેજ આપતું પેટ્રોલ જૂના ભાવે જ ખરીદી રહ્યા છીએ.

ઈથેનોલ ભેળવવાથી દેશને પણ બહુ મોટો ફાયદો નથી કેમ કે એવરેજ ઓછી મળે એટલે પેટ્રોલ વધારે વપરાશે તેથી વિદેશી હૂંડિયામણ વધારે ખર્ચવું પડે. બીજી તરફ શેરડી ઈથેનોલ બનાવવામાં વપરાય એટલે ખાંડની નિકાસમાંથી થતી આવક પણ ઘટશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૧૬-૯-૨૦૨૫, દશમી શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૨૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭.
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૦૬-૪૫ સુધી, પછી પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૩૫ સુધી (તા. ૧૭) પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રે ક. ૨૪-૨૮ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૭-૩૬, રાત્રે ક. ૧૯-૦૬,
- ઓટઃ બપોરે ક. ૧૪-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૯ (તા. ૧૭).

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દસમી. દશમી શ્રાદ્ધ, ભદ્રા ક. ૧૨-૫૩થી મધ્યરાત્રે ક. ૨૪-૨૨. સૂર્ય કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૮. મુ. ૪૫ સમર્ઘ, સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની, વાહન શિયાળ.

- મુહૂર્ત વિશેષઃ અદિતિ પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન, બી વાવવું, શ્રાદ્ધ નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, પશુ લે-વેંચ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી.
- શ્રાદ્ધ પર્વઃ દસમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. દસમનું શ્રાદ્ધ બ્રહ્મલોક અપાવે છે. આજ રોજ ધાન્યનું દાન કરવું. કન્યા પૂજન કરી જમાડવા. પરમાત્મા સાથેનું સાયુજ્ય શ્રાદ્ધ દ્વારા સાકાર થઈ શકે છે. શ્રાદ્ધનું રહસ્ય સમજવા માટે સૌ પ્રથમ શ્રદ્ધાના બીજ રોપાયલા હોવા જોઈએ. શ્રાદ્ધ સ્વીકારવાથી, શ્રાદ્ધ વિધિનું પણ અનુભવાય છે. શ્રાદ્ધ એ ફરજ છે. નિત્ય છે. ધર્મનું પાલન નહિ પરંતુ ફરજયુક્ત શાસ્રીય, વૈજ્ઞાનિક કર્મ છે.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર-ગુરુ યુતિ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ માથાફરેલ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ યુતિ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય/ સિંહ/કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-કન્યા, ગુરુ-મિથુન, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઑપરેશન સિંદૂરઃ મોદીએ સૈન્યની પ્રશંસા કરી

કોલકાતાઃ ઑપરેશન સિંદૂરમાં ભજવેલી ભૂમિકા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભારતીય સેનાની પ્રશંસા કરી હતી અને રાષ્ટ્રનિર્માણ માટે તેમણે આપેલા યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો, એમ સંરક્ષણ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

વિજય દુર્ગ ઈન્ડિયન આર્મીના ઈસ્ટર્ન કમાન્ડ હૅડક્વાટ્ર્સ ખાતેય ત્રણ દિવસની કમ્બાઈન કમાન્ડર્સ કૉન્ફરન્સ (સીસીસી)નું ઉદ્ઘાટન કર્યા બાદ મોદીએ 'ઈન્ડિયન આર્મ્ડ ફૉર્સિસ વિઝન ૨૦૪૭' ડૉક્યૂમેન્ટનું અનાવરણ કર્યું હતું. આ ડૉક્યૂમેન્ટ ભારતીય સેનાની ભાવિ તૈયારીનો માર્ગ દર્શાવે છે. આ કૉન્ફરન્સનો થીમ 'યર ઑફ રિફોર્મ્સ-ટ્રાન્સફોર્મિંગ ફૉર ધ ફ્યૂચર' હતું. કૉન્ફરન્સના ઉદ્ઘાટન સમારોહમાં મોદીએ લગભગ ચાર કલાક વીતાવ્યા હતા.

સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે પણ આ મહત્ત્વની પરિષદમાં હાજરી આપી હતી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, સંરક્ષણ સચિવ રાજેશકુમાર સિંહ અને ભારતીય સેનાની ત્રણે પાંખના વડાએ પણ આ કોન્ફરન્સમાં હાજર રહ્યા હતા.

ઑપરેશન સિંદૂર બાદ આ પ્રકારની પહેલી બેઠક હતી. પહલગામ આતંકવાદી હુમલાની સજાના ભાગરૂપ ઑપરેશન સિંદૂર હાથ ધરવામાં આવ્યું હતું. ઑપરેશન સિંદૂર અંતર્ગત પાકસ્થિત આતંકવાદી છાવણીઓ અને તાલીમકેન્દ્રનો નાશ કરવામાં આવ્યો હતો.

છેલ્લે વર્ષ ૨૦૨૩માં ભોપાલ ખાતે સીસીસીનું આયોજન કરવામાં આવ્યું હતું. (એજન્સી)■

# સુપ્રીમ કોર્ટની એસઆઈટીએ આપી વનતારાને કલીન ચિટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ જે. ચેલમેશ્વરની અધ્યક્ષતા હેઠળની એસઆઈટીએ ગુજરાતના પ્રાણી બચાવ અને પુનર્વસન કેન્દ્ર વનતારાને કલીન ચિટ આપી છે. ન્યાયમૂર્તિ પંકજ મિથલ અને ન્યાયમૂર્તિ પી. બી. વરાલેની બેન્ચે રિપોર્ટને રેકોર્ડ પર લેતાં જણાવ્યું હતું કે પ્રાધિકારીઓએ વનતારામાં અનુપાલન અને નિયામક ઉપાય બાબતે સંતોષ વ્યક્ત કર્યો છે. આ રિપોર્ટ શુક્રવારે રજૂ કરવામાં આવ્યો હતી અને સર્વોચ્ચ ન્યાયલયે સોમવારે તેને રિવ્યૂ કર્યો હતો.

આ અંગે વનતારા કેસની તપાસ કરી રહેલી એસઆઈટીએ સીલબંધ કવરમાં અહેવાલ રજૂ કર્યો હતો જેને એસઆઈટીના વકીલે કોર્ટમાં રજૂ કર્યા બાદ તેને રેકોર્ડમાં લેવામાં આવ્યો હતો. આ અંગે અદાલતે જણાવ્યું હતું કે એસઆઈટીએ સીલબંધ કવરમાં અહેવાલ અને એક પેન ડ્રાઈવ જમા કરાવી છે, જેમાં અહેવાલ સામેલ છે અને આનો સ્વીકાર કરવામાં આવે છે.

આ અંગે સમગ્ર વિગતો મુજબ વનતારા અંગે સોશ્યલ મીડિયા અને એનજીઓ અને વન્યજીવ સંગઠનોની ફરિયાદના આધારે સુપ્રીમ કોર્ટેમાં બે જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં વનતારાના અનિયમિતતાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેની બાદ સુપ્રીમ કોર્ટે પૂર્ણ ન્યાયાધીશની અધ્યક્ષતામાં ચાર સભ્યોની એસઆઈટીની રચના કરી હતી. તેમજ કહ્યું હતું કે આ કેસમાં પ્રતિવાદી નોટીસ આપવાથી કોઈ ફાયદો નહી થાય. ■

# હવે વ્યક્તિગત અધિકારોના રક્ષણ માટે કરણ જોહર કોર્ટમાં

નવી દિલ્હીઃ બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિનેતા અભિષેક બચ્ચન બાદ હવે ફિલ્મ નિર્માતા અને નિર્માતા કરણ જોહરે સોમવારે વ્યક્તિગત અને પ્રચાર અધિકારોના રક્ષણની માગ સાથે દિલ્હી હાઇ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

આ અરજી ન્યાયાધીશ મનમીત પી. એસ. અરોરા સમક્ષ સુનાવણી માટે આવી હતી. તેમણે જોહરના વકીલ પાસેથી કેટલાક સ્પષ્ટીકરણ માગ્યા હતા અને આ મામલાને સાંજે ચાર વાગ્યે આગળની કાર્યવાહી માટે સૂચિબદ્ધ કર્યો હતો. પોતાના વ્યક્તિગત અને પ્રચાર અધિકારોના રક્ષણ ઉપરાંત જોહરે કોર્ટને કેટલીક વેબસાઇટ્સ અને પ્લેટફોર્મ્સને તેમના નામ અને ફોટાવાળા મગ અને ટી-શર્ટ સહિત ગેરકાયદેસર રીતે માલ વેચવા ન દેવાની પણ વિનંતી કરી છે.

જોહર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રાજશેખર રાવે જણાવ્યું કે મને એ સુનિશ્ચિત કરવાનો અધિકાર છે કે કોઇ પણ અનધિકૃત રીતે મારા નામ, ચહેરા અથવા અવાજનો ઉપયોગ ન કરે. ■

# નાણાં ખાતાના અધિકારીનું અકસ્માતમાં મોત નિપજાવનાર મહિલા કારચાલકની ધરપકડ

નવી દિલ્હીઃ ગઈ કાલે રવિવારે બપોરે દિલ્હી કેન્ટ મેટ્રો સ્ટેશન નજીક રિંગ રોડ પર એક પૂરપાટ વેગે દોડી રહેલી કારે મોટરસાઇકલને ટક્કર મારીને ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. આ કસ્માતમાં કેન્દ્રીય નાણાં મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારી નવજોત સિંહનું મૃત્યુ નીપજ્યું અને તેમની પત્ની ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જોકે આ કાર ચલાવી રહેલી મહિલાની સોમવારે ધરપકડ કરાઇ હતી.

અહેવાલ મુજબ બાવન વર્ષીય નવજોત સિંહ મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી હતા. તેઓ દિલ્હીના હરિ નગરમાં રહેતા હતા. તેઓ બાંગ્લા સાહિબ ગુરુદ્વારાથી બાઇક પર પત્ની સાથે સવાર થઇને ઘરે પરત ફરી રહ્યા હતાં, ત્યારે રીંગરોડ પર કારચાલકે તેમના બાઈકને ટક્કર મારી હતી, જેમાં ગંભીર ઈજા પહોંચતા નવજોત સિંહનું મૃત્યુ નીપજ્યું અને તેમની સંદીપ કૌર ગંભીર રીતે ઘાયલ થઈ છે. ■

# ઝારખંડમાં એક કરોડનું ઇનામ ધરાવતો માઓવાદી, બે સાથી ઠાર

હઝારીબાગ, ઝારખંડઃ ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં સુરક્ષાદળોએ ત્રણ માઓવાદીઓને ઠાર કર્યાં હોવાનું પ્રકાશ આવ્યું છે. મહત્વની વાત એ છે કે, આ માઓવાદીઓમાં એક પર તો એક કરોડ રૂપિયાનું ઇનામ જાહેર થયેલું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે હજારીબાગના પેંતિત્રી જંગલમાં આ અથડામણ થઈ હતી. ત્રણ માઓવાદીઓને ઠાર કર્યા બાદ પણ અહીં ઓપરેશન ચાલી રહ્યું છે.

આ મામલે વિગતે એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, સોમવારે સવારે લગભગ છ વાગ્યે ગોરહર પોલીસ સ્ટેશન વિસ્તારના પેંતિત્રી જંગલમાં પ્રતિબંધિત ભાકપાના સહદેવ સોરેનની ટુકડી અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં ત્રણ માઓવાદીને ઠાર કરવામાં આવ્યાં છે. જ્યારે વિસ્તારની શોધખોળ કરવામાં આવી, ત્યારે સહદેવ સોરેન, જેના પર એક કરોડ રૂપિયાનું ઇનામ હતું. ■

# ટિકટોકઃ ચીન સાથે ડીલ થયાનો ટ્રમ્પનો ઇશારો

વોશિંગ્ટનઃ અમેરિકન અને ચીની અધિકારીઓ વચ્ચે બેઠક સારી રહી. તેમજ 'એક ખાસ' કંપની વિશે કરાર થયો, જેને આપણા દેશના યુવાનો બચાવવા માગે છે, એમ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેમની સોશ્યલ મીડિયા સાઇટ પર જણાવ્યું હતું. ટ્રમ્પની ટિપ્પણી સૂચવે છે કે આ કંપની ટિકટોક છે. જે ચીન સાથે જોડાયેલી સોશિયલ મીડિયા કંપની છે. અમેરિકન કાયદા અનુસાર તેને વેચવી અથવા કામગીરી બંધ કરવી જરૂરી છે. રિપબ્લિકન પ્રમુખે ટિકટોકના ભવિષ્યને લઇને વારંવાર સમયમર્યાદા લંબાવી છે. જોકે રવિવારે સાંજે પત્રકારો દ્વારા પૂછવામાં આવતા કોઇ કરાર માટે કોઇ પ્રતિબદ્ધતા દર્શાવી ન હતી. ટ્રમ્પે એમ પણ કહ્યું કે તે શુક્રવારે ચીની નેતા શી જિનપિંગ સાથે વાતચીત કરશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### એશિયા કપમાં

એવા અહેવાલ છે. પાકિસ્તાને આ પ્રકરણમાં ડિરેક્ટર ઑફ ઈન્ટરનેશનલ ક્રિકેટના ડિરેક્ટર ઉસમાન વાહલાને પાણીચું આપ્યું હતું. ઉસમાને મૅચ રેફરી પાયક્રૉફ્ટટ સામે ફરિયાદ કરવામાં વિફલ રહ્યા હોવાથી તેમની સામે એક્શન લેવાય છે.

બીજી બાજુ ભારતના કૅપ્ટન સૂર્યકુમાર યાદવે રવિવારે પાકિસ્તાન પર સાત વિકેટે વિજય મેળવ્યા બાદ તેમની ટીમના વલણને વાજબી ઠરાવતા કહ્યું હતું કે અમે પહેલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદી દ્વારા મારવામાં આવેલા ૨૬ જણ પ્રત્યે સહાનુભૂતિ બતાડવા કર્યું હતું.

પરંપરાગત દુશ્મન સામે રમવા માટે ટીમની વ્યાપક ટીકા થઈ ત્યાર બાદ આ બન્યું હતું. પાકિસ્તાન બૉર્ડે આખા બનાવનો ક્રોધિત પ્રતિસાદ આપતાં એશિયન ક્રિકેટ કાઉન્સિલને ફરિયાદ કરી છે. બૉર્ડે હવે આઈસીસીની દરમિયાનગીરીની માગણી કરી છે.

નકવીએ એક્સ પર લખ્યું હતું કે પીસીબીએ આઈસીસીને મૅચ રેફરી દ્વારા કરાયેલા આઈસીસી આચારસંહિતા અને ક્રિકેટના જુસ્સા અંગેના એમસીસી કાયદાના ભંગની ફરિયાદ કરી છે. પીસીબીએ અગાઉ કહ્યું હતું કે પાયક્રૉફ્ટે પાકિસ્તાનના કૅપ્ટન સલમાન અલી આગા સાથે ટોસ વખતે હાથ ન મિલાવાનું કહ્યું હતું.

પાકિસ્તાન ટીમના મેનેજર નાવેદ ચીમાએ એસીસી સમક્ષ ફરિયાદ કરી હતી કે પીક્રોફ્ટના આગ્રહને લીધે નિયમ પ્રમાણે બે કૅપ્ટન વચ્ચે કરવાનું ટીમ શીટનું આદાનપ્રદાન થયું નહોતું. ભારતીય બૉર્ડે પાકિસ્તાન બોર્ડના નિવેદન પર પ્રતિસાદ આપ્યો નથી. બન્ને ટીમોએ ટોસ વખતના એકમેક સાથેના બમ્પિંગને પણ ટાળ્યું હતું.

પાકિસ્તાન બૉર્ડે એક નિવેદનમાં કહ્યું હતું કે ટીમ મેનજેર નાવેદ ચીમાએ ભારતીય ખેલાડીના હેન્ડશેક ન કરવાના વર્તન સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો . પાકિસ્તાને આના વિરોધમાં મૅચ પછીના સમારોહમાં તેના કૅપ્ટનને મોકલ્યો નહોતો. ભારત પાછા સુપર ફોરમાં પાકિસ્તાન સાથે ટકરાશે તો પણ હેન્ડશેક ન કરવાનું ચાલુ રખાશે એવો પૉલિશી ડિસિશન ભારતની ટીમે લીધો હોવાનું જણાય છે.

ભારતના બોર્ડના અધિકારીએ નામ ન જણાવાની શરતે કહ્યું હતું કે જો તમે રૂલ બૂક જુઓ તો તેમાં હરીફ ટીમ સાથે હસ્તધૂનન કરવાનું લખાણ નથી. આ તો એક શુભેચ્છાથી કરાતી પરંપરા છે. આવો કોઈ કાયદો નથી.

જોકે આંતરરાષ્ટ્રીય ખેલમાં રાજકીય કારણસર હાથ ન મિલાવવાના બનાવો અગાઉ પણ બન્યા છે. ૨૦૨૩ની વિમ્બલડનની સિંગલ્સ મૅચમાં યુક્રેનની એલિના સ્વીતોલિનાએ બેલારુસની વિક્ટોરિયા એઝારેન્કા સાથે હાથ મિલાવ્યા નહોતા. જોકે વિમ્બલડન સત્તાવાળાઓએ એલિના સામે કઈ પગલાં લીધાં નહોતા.

બીજી બાજુ ભૂરાજકીય ટેન્શન છતાં ફૂટબોલ વિશ્વ કપમાં અમેરિકા અને ઈરાનના ખેલાડીઓએ એકમેક સાથે હાથ મિલાવ્યા હતા (એજન્સી)■

### દક્ષિણ મુંબઈમાં

વધુ રહ્યું હતું, જેમાં શિવડી, ફોર્ટ સહિતના વિસ્તારોમાં તો ૨૦૦ મિલીમીટર (લગભગ આઠ ઈંચ) થી પણ વધુ વરસાદ નોંધાયો હતો. રવિવાર સવારના ૮.૩૦ વાગ્યાથી સોમવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં કોલાબામાં ૧૩૪.૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જે છેલ્લા પાંચ વર્ષમાં સપ્ટેમ્બર મહિનાનો બીજો હાઈએસ્ટ વરસાદ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ૧૬૯.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જયારે સાંતાક્રુઝમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૭૩.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

સોમવારે ફરી એક વખત મોનોરેલમાં ટેક્નિકલ ખામી સર્જાતા બંધ પડી જતા ૧૭ મુસાફરો મોનો રેલમાં ફસાઈ ગયા હતા. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ભારે વરસાદને પગલે સોમવાર સવારના મુંબઈના દાદર, પરેલ, હિંદમાતા, સાયન,માટુંગા, કુર્લા, ઘાટકોપર, બાન્દ્રા, માહિમ, સાંતાક્રુઝ, અંધેરી જેવા વિસ્તારોમાં ઘૂંટણભેર પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદથી રસ્તા પર ઠેર ઠેર ટ્રાફિક જૅમ થયા હતા. મધ્ય રેલવેમાં કુર્લા અને સાયન વચ્ચે પાટા પર પાણી ભરાઈ જવાને કારણે સવારના સમયે રેલવે સેવાને અસર થઈ હતી.

વરસાદ અને પવન ફૂંકાવાને કારણે અનેક ઠેકાણે વૃક્ષ ધરાશાયી થવાના અને વૃક્ષની ડાળખી તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. જુદા જુદા વિસ્તારમાં શોર્ટ સર્કિટના બનાવની સાથે જ ત્રણ જગ્યાએ ઘરની દીવાલ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. ભારે વરસાદને પગલે પવઈમાં પંચસૃષ્ટિ કૉમ્પલેક્સમાં શિવભગતાની મનોર કો ઑ સોસાયટી પાસે રકેડી ટેકડી પરથી ભેખડ ધસીને નીચે રહેલી ત્રણ-ચાર ગાડી પર પડવાનો બનાવ સોમવારે બપોરના પોણા ત્રણ વાગ્યાની આસપાસ નોંધાયો હતો. મ્હાડા હેઠળ આ જગ્યા આવતી હોવાથી મ્હાડા ઓથોરિટી દ્વારા ભેખડ હટાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. મુંબઈ, થાણે, પાલઘર માટે મંગળવાર માટે યલો અલર્ટ આપી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. તો સોમવારે રેડ અલર્ટની ચેતવણી બાદ મંગળવારના રાયગડમાં ઓરેન્જ અલર્ટની આગાહી હવામાન ખાતાએ કરી છે. ■

### વક્ફ સુધારો

અમને લાગ્યો નહોતો. આથી પડકારેલા કાયદા પર મનાઈહુકમ આપવાની વિનંતી ઠુકરાવામાં આવે છે.

જોકે સુપ્રીમ કોર્ટે પક્ષોનાં હિતનું રક્ષણ કરવા, પક્ષોના હિત વચ્ચે સમતુલા રહે અને બધાને ન્યાય મળે એ માટે અમુક જોગવાઈ પર મનાઈ ફરમાવી હતી. સુપ્રીમ કોર્ટે વક્ફ સંપત્તિનો દરજ્જો નક્કી કરવાની કલેકટરની સત્તા આપતી જોગવાઈ અને વક્ફ બોર્ડમાં બિનમુસ્લિમના સહભાગની જોગવાઈ પર મનાઈ હુકમ આપ્યો હતો.

ખંડપીઠે સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલને આદેશ આપ્યો હતો કે કુલ ૨૦ સભ્યોમાં ચારથી વધારે બિનમુસ્લિમ સભ્ય ન હોવા જોઈએ અને રાજ્ય વક્ફ બોર્ડમાં ૧૧માંથી વધારેમાં વધારે ત્રણ જ બિનમુસ્લિમ સભ્ય હોવા જોઈએ.

સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે સુધારેલા વક્ફ કાયદાના ત્રીજા સેક્શનના ક્લોઝ (આર)ના ભાગ જેમાં લખવામાં આવ્યું છે કે કોઈ પણ વ્યક્તિ જે પાંચ વર્ષથી ઈસ્લામનું પાલન કરે છે એના પર સ્ટે મૂકવામાં આવે છે. આ સ્ટે જ્યાં સુધી રાજ્ય સરકાર કોઈ વ્યક્તિ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ઈસ્લામનું પાલન કરે છે એ નક્કી કરવાની યંત્રણા ઘડી કાઢશે ત્યાં સુધી અમલમાં રહેશે.

સુપ્રીમ કોર્ટે જ્યાં સુધી ડેઝીનેટેડ ઑફિસર અહેવાલ ન આપે ત્યાં સુધી સંપત્તિ 'વક્ફ સંપત્તિ' ન ગણાય એ જોગવાઈ પર મનાઈહુકમ આપ્યો છે.

#### આનો આવકાર, અંતિમ ચુકાદામાં ન્યાય મળવાની આશા

વક્ફ એમેન્ડમેન્ટ ઍક્ટ-૨૦૨૫ની અનેક ચાવીરૂપ જોગવાઈઓ પર સ્ટે મૂકતા સુપ્રીમ કોર્ટના ચુકાદાને અનેક મુખ્ય અને મહત્ત્વની મુસ્લિમ સંસ્થાઓએ સોમવારે એમ કહીને આવકાર્યો હતો કે અંતિમ ચુકાદો આવશે તેમાં અમને સંપૂર્ણ ન્યાય મળવાની આશા છે.

ઑલ ઈન્ડિયા પર્સનલ લૉ બૉર્ડ (એઆઈએમપીએલબી) અને ઑલ ઈન્ડિયા શિયા પર્સનલ લૉ બૉર્ડ (એઆઈએસપીએલબી) બંનેએ કોર્ટના ચુકાદાને આવકાર્યો હતો. ■

### ઘૂસણખોરોને લીધે

ભારે વિવાદ જગાવતાં તે ડિલિટ કરી દેવામાં આવી હતી કેમ કે તેમાં બિહારીઓને બીડી સાથે સાંકળી લેતી ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

જોકે આ પૉસ્ટનો આશય તમાકુના ઉત્પાદનો અંગેની કેન્દ્ર સરકારની જીએસટી નીતિને નિશાન બનાવવાનો હતો.

એક જાહેર સભાને સંબોધન કરતાં મોદીએ દાવો કર્યો હતો કે કૉંગ્રેસનું કહેવું છે કે બીડી અને બિહાર નામનો પ્રારંભ 'બી'થી થાય છે. બિહારના લોકોનું આ હળાહળ અપમાન છે અને આવનારી વિધાનસભાની ચૂંટણીમાં બિહારના લોકો કૉંગ્રેસના વડપણ હેઠળના ઈન્ડિ બ્લૉકને આનો જડબાતોડ જવાબ આપશે, એમ મોદીએ કહ્યું હતું. (એજન્સી)■

### હું એનડીએમાં

કંઇક ને કંઇક રમત કરતા હતા. વિધાનસભાની ચૂંટણીની જાહેરાતના અઠવાડિયા પહેલા, પૂર્ણિયામાં વડા પ્રધાન મોદીની હાજરીમાં એક રેલીમાં નિતિશ કુમાર બોલી રહ્યા હતા.

એ જેડી(યુ)-ભાજપ ગઠબંધન હતું જેણે નવેમ્બર, ૨૦૦૫માં પહેલીવાર બિહારમાં સરકાર બનાવી હતી. એક કે બે વાર, હું બીજી બાજુ ગયો હતો, મારા પોતાના પક્ષના કેટલાક સાથીદારોની ઉશ્કેરણી પર, જેમાંથી એક અહીં બેઠો છે, એમ તેમણે કેન્દ્રીય પ્રધાન રાજીવ રંજન સિંહ તરફ ઈશારો કરતા કહ્યું, જેમને તેમણે લગભગ બે વર્ષ પહેલા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવ્યા હતા. ■

# ડુંગળીએ સૌરાષ્ટ્રના ખેડૂતોને રડાવ્યા: ભાવ પ્રતિ કિલો ત્રણ રૂપિયે પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેડૂતોને તેમની ઊપજના પોષણક્ષમ ભાવ નથી મળતા તે નક્કર હકીકત છે. હાલ ઘટી રહેલા ડુંગળીના ભાવના કારણે સૌરાષ્ટ્રના ખેડૂતોને રાતાપાણીએ રડવાનો વારો આવ્યો છે. ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળી ખેડૂતોને વધુ ગરીબ કરી રહી છે.

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવ એટલી હદે ગગડી ગયા છે કે તે સાંભળીને જ ખેડૂતોને આઘાત લાગે છે. જો કે ખેડૂતો નીચા ભાવે પણ પોતાની મહેનતથી પકવેલો મહામૂલો પાક વેચવા માટે મજબૂર બન્યા છે.

મળતી વિગતો મુજબ, રાજકોટનું જૂનું માર્કેટિંગ યાર્ડમાં હાલ ખેડૂતો ડુંગળીનો પાક વેચવા માટે આવી રહ્યા છે. જોકે હાલ રાજકોટના જૂના માર્કેટિંગ યાર્ડમાં પ્રતિમણ ડુંગળી પર ૫૦થી ૩૦૦ રૂપિયા સુધી મળી રહ્યા છે. એટલે કે, ત્રણ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા સુધી પ્રતિ કિલોએ ખેડૂતોની ડુંગળી યાર્ડમાં વેચાઈ રહી છે. મોટાભાગના ખેડૂતોની ડુંગળીના ભાવ ૫૦ કે ૬૦ રૂપિયાની આસપાસ આવતા હોય છે, જે પ્રતિ કિલોના ભાવ ત્રણથી ચાર રૂપિયા માંડ થાય છે.

ખેડૂતોને મળતા આટલા ભાવને કારણે તેઓ ઘણાં જ વ્યથિત છે. તેમણે પોતાનો આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, આટલા ઓછા ભાવમાં તો બાળકનું બિસ્કિટ પણ નથી આવતું. એટલા ઓછા ભાવમાં અમે અમારો મહામૂલો પાક વેચી રહ્યા છીએ.

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં રાજકોટ જિલ્લા ઉપરાંત આસપાસના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ ખેડૂતો પોતાનો ડુંગળીનો પાક વેચવા માટે આવતા હોય છે.

# ગુજરાત હાઈ કોર્ટને ચોથી વખત બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી: પોલીસતંત્રમાં દોડધામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા કેટલાક સમયથી અજ્ઞાત શખ્સો દ્વારા ગુજરાત હાઈ કોર્ટને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી રહી છે. સોમવારે ફરી એક વખત ગુજરાત હાઈ કોર્ટને બોમ્બની ધમકી મળી હતી. આ અંગે હાઈ કોર્ટના રજિસ્ટ્રાર દ્વારા સોલા પોલીસને આ અંગે જાણ કરાઈ હતી. ત્યાર બાદ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. પોલીસની બોમ્બ સ્કવોડે તાત્કાલિક હાઈ કોર્ટ તપાસ શરૂ કરી હતી. હાઈ કોર્ટને ત્રણ મહિનામાં ચોથી વખત બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ વખતે પણ કોઈ અજાણી વ્યક્તિએ ધમકીભર્યો ઇમેલ મોકલ્યો હતો. જોકે હાઇ કોર્ટમાં રાબેતા મુજબ કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. છેલ્લે ઓગસ્ટમાં ઈમેલ દ્વારા આ રીતે ધમકી આપવામાં આવી હતી. તે અગાઉ નવમી જૂન ૨૦૨૫ના રોજ ગુજરાત હાઈ કોર્ટને મળેલા ઈ-મેલમાં આઈઈડી બ્લાસ્ટ ધમકી આપવામાં આવી હતી. આ મામલે સોલા પોલીસે એફઆઈઆર નોંધી અને સાયબર સેલે ઈ-મેલના મૂળની તપાસ શરૂ કરી હતી. તપાસમાં ધમકી ખોટી હોવાનું બહાર આવ્યું હતું. ૨૪મી જૂન ૨૦૨૫ના રોજ રેની જોશિલ્ડા નામના ઈ-મેલ આઈડીથી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. તપાસમાં ચેન્નઈની એક મહિલાની ધરપકડ કરી હતી, જેણે વ્યક્તિગત કારણોસર આવી ધમકીઓ મોકલી હોવાનું કબૂલ્યું હતું. જ્યારે ૨૦મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ગુજરાત હાઈ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

# ગુજરાતના અનેક જિલ્લામાં ચાર દિવસ વરસાદની આગાહી: નર્મદા ડેમ ૯૨ ટકા ભરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વરસાદની વિદાયના સમયે ફરીથી અમુક જિલ્લામાં આગામી દિવસોમાં વરસાદ પડે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી હતી. હવામાન વિભાગની આગાહીને પગલે કપાસ અને મગફળીના ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. રાજ્યના જુદા જુદા જિલ્લામાં આગામી ચાર દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગ દ્વારા ૧૯મી સપ્ટેમ્બર સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. માછીમારોને ૧૮ સપ્ટેમ્બર સુધી દરિયો નહીં ખેડવાની સૂચના આપવામાં આવી હતી.

હવામાન વિભાગ મુજબ, આગામી બે દિવસ દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે ૧૮ અને ૧૯ સપ્ટેમ્બરના રોજ સમગ્ર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં હાલ મગફળીની લણણીની મોસમ ચાલી રહી હોય, હવામાન વિભાગની આગાહીએ ખેડૂતોની ચિંતા વધારી હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, નર્મદા ડેમ ૯૨ ટકા ભરાયો છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૧૦૮.૨૧ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં સૌથી વધુ ૧૩૫.૯૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, પૂર્વ મધ્યમાં ૧૧૦.૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૯૩.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૧.૬૪ ટકા વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સુબીરમાં ૧.૭૩ ઇંચ, ચીખલીમાં ૧.૩૮ ઇંચ, ગણદેવીમાં ૦.૪૭ ઇંચ, વાલોડમાં ૦.૪૩ ઇંચ, પાટણ-વેરાવળમાં ૦.૩૧ ઇંચ, વઘઈમાં ૦.૨૪ ઇંચ, નવસારીમાં ૦.૨૪ ઇંચ વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં ૧૧૦ ડેમ સો ટકા ભરાયેલા છે, જ્યારે ૧૪૪ ડેમ હાઈ એલર્ટ પર છે. ૬૪ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૧૪ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૯ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે અને ૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. ૧૩ ડેમ એલર્ટ અને ૧૭ ડેમ વોર્નિંગ પર છે.

# વિજય રૂપાણીની અંતિમ યાત્રાનો પચીસ લાખનો ખર્ચ પરિવાર પાસેથી વસૂલાયો તે મુદ્દે પાટીલ મૌન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન પૂર્વ વિજય રૂપાણીનું અવસાન થતાં રાજકોટ ખાતે તેમની અંતિમ યાત્રા યોજવામાં આવી હતી. આ અંતિમ યાત્રામાં અમિત શાહ સહિત ભાજપના રાષ્ટ્રીય નેતાઓ પણ જોડાયા હતા. જોકે, એવી વાતો ચર્ચાઈ રહી છે કે, આ અંતિમ યાત્રાનો અંદાજિત ૨૫ લાખનો ખર્ચ ભાજપ પક્ષે ભોગવવાના બદલે સ્વર્ગસ્થ રૂપાણીના પરિવારજનોને ભોગવવો પડ્યો છે. આ મુદ્દો રાજકોટ ભાજપના વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. જો કે મુદ્દે રાજકોટમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા આવેલા કેન્દ્રીય પ્રધાન અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ બોલવાનું ટાળ્યું હતું. પત્રકારોએ આ મામલે સી.આર. પાટીલને સવાલ પૂછ્યો ત્યારે તેમણે કોઈ પણ જવાબ આપવાના બદલે ચાલતી પકડી હતી. સ્વ. વિજય રૂપાણીની અંતિમ યાત્રાનો ખર્ચ ભાજપે ચુકવવાની ના કહીને તેમના પરિવાર પાસે વસૂલવા માટે વેપારીઓને કહેવામાં આવ્યું હતું. તેના કારણે રાજકોટ સહિત રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું અવસાન થયું હતું. ત્યાર બાદ રાજકોટમાં ૧૬ જૂન, ૨૦૨૫ના રોજ વિજય રૂપાણીની અંતિમ યાત્રા યોજાઈ હતી. આ અંતિમ યાત્રામાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત રાષ્ટ્રીય નેતાઓ જોડાયા હતા. અંતિમ યાત્રાનો અંદાજિત રૂપિયા ૨૫ લાખનો ખર્ચ ભાજપે ચુકવવાના બદલે સ્વ. વિજય રૂપાણીના પરિવારજનોના માથે નાખ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સી.આર. પાટીલને આ મુદ્દે સવાલ કરાતાં તેમણે કોઈપણ જવાબ આપવાનું ટાળી ચાલતી પકડી હતી. જ્યારે કેટલાક નેતાઓ એવું માની રહ્યા છે કે, આ મૌન ભવિષ્યમાં કોઈ મોટા રાજકીય નિર્ણયનો સંકેત છે. જો કે, વિજય રૂપાણીના અંતિમ સંસ્કારનો મામલો સૌરાષ્ટ્રમાં ચર્ચાસ્પદ બન્યો છે.

# જૂનાગઢ-ગીર સોમનાથમાં ગેરકાનૂની ખનન મામલે ધારાસભ્ય વિમલ ચુડાસમાની હાઈ કોર્ટમાં અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જૂનાગઢ અને ગીર સોમનાથમાં ગેરકાનૂની ખનનના મુદ્દે ગુજરાત હાઇ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. વિમલ ચુડાસમાએ હાઇ કોર્ટમાં અરજી કરીને આ ગેરકાનૂની ખનન રોકવાની માગ કરી હતી. જો કે, આ અરજી કોર્ટ સમક્ષ રજૂ થતા જ સરકારી વકીલે બે વાંધા ઉઠાવ્યા હતા. પહેલો વાંધો એ હતો કે, આ અરજી કરવા પાછળ અરજદારનું કોઈ લોકસ નથી અને બીજું ધારાસભ્યે પક્ષકાર તરીકે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પણ જોડ્યા હતા. તેની સામે વાંધો હતો. અરજદાર ધારાસભ્યે જણાવ્યું હતું કે, તેમણે જાતે મુખ્ય પ્રધાન સમક્ષ આ મુદ્દે રજૂઆત કરી હતી, એટલે મુખ્ય પ્રધાનને પક્ષકાર બનાવાયા છે. ગીર સોમનાથ અને જૂનાગઢમાં મોટા પાયે લાખો ટન ગેરકાનૂની ખનન થઈ રહ્યું છે. કોર્ટે લોકસ વિશે કહ્યું હતું કે, સરકાર આમ અરજદારનો વિરોધ ના કરી શકે, કારણ કે તે પ્રજાના પ્રતિનિધિ છે.સરકારી વકીલે જણાવ્યું હતું કે, આ લીઝમાં રસ ધરાવતા બે ગ્રૂપ વચ્ચેની મેટર છે. ધારાસભ્યને ચોરવાડના જિયો લોજિસ્ટે જવાબ આપ્યો હતો. વળી અરજદાર કોઈ લીઝ ધરાવતા નથી. જે લોકોને ખનન માટે લીઝ મળી અને લીઝ નથી મળી તે લોકો કોર્ટ સમક્ષ નથી. જોકે, કોર્ટે કહ્યું હતું કે અરજદાર ધારાસભ્ય લીઝ સામે નહીં, પરંતુ ગેરકાનૂની ખનન સામે કોર્ટમાં આવ્યા છે.

અરજદારના વકીલે જણાવ્યું હતું કે, જ્યાં લીઝ નથી અપાઈ તે વિસ્તારમાં પણ ખનન થઈ રહ્યું છે. ચોરવાડમાં મોટા પાયે આવી સ્થિતિ જોવા મળી રહી છે. મિનરલ માફિયાઓ બેફામ બન્યા છે. સરકારી વકીલે તેની ઉપર પગલા લઈને શો કોઝ નોટિસ અપાઈ હોવાનું જણાવ્યું હતું. જોકે, હાઇ કોર્ટે સરકારને એફિડેવિટ ફાઇલ કરવા અને અરજદારને પક્ષકારોના મુખ્ય પ્રધાનને દૂર કરવા જણાવ્યું હતું. આ મુદ્દે વધુ સુનાવણી બાવીસ સપ્ટેમ્બરે યોજાશે.

# દૂધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ મેન્ડેટ સામે બળવો કરનાર નવ ઉમેદવારોને સસ્પેન્ડ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભરૂચની દૂધધારા ડેરીની ચૂંટણીમાં ભાજપ વર્સિસ ભાજપનો ઘાટ સર્જાયો છે. દુધધારા ડેરીની ચૂંટણી મુદ્દે ભાજપમાં આંતરિક ઘમાસાણ ચરમસીમાએ પહોંચ્યું છે. ભરૂચની દૂધધારા ડેરીમાં પક્ષના મેરિટ વિરુદ્ધ ઉમેદવારી નોંધાવનાર ૯ લોકોને ભાજપે સસ્પેન્ડ કરી દેતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી ગયો હતો. જેથી ભાજપના ધારાસભ્ય અરૂણસિંહ રાણાને મોટો ફટકો પડ્યો છે. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ અરૂણસિંહ રાણાની પેનલના ૬ ઉમેદવારોને સસ્પેન્ડ કર્યા હતા. જેમાં ચેરમેન પદના ઉમેદવાર મનાતા જીગ્નેશ પટેલ તથા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન પટેલનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત હાંસોટના વિનોદ પટેલ, જંબુસરના નટવરસિંહ પરમાર, જગદીશ પટેલ અને હેમેન્દ્ર રાજને પણ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તમામને સક્રિય તથા પ્રાથમિક સભ્યપદેથી દૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નર્મદા જિલ્લાના ૩ ઉમેદવારોને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

દૂધધારા ચૂંટણીમાં ધારાસભ્યની પેનલ સામે ભાજપ દ્વારા સસ્પેન્સનનો મામલે ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, સહકાર ક્ષેત્રમાં ભાજપ દ્વારા પાટીલ સાહેબના નેતૃત્વમાં મેન્ડેટ આપવા માર્ગ મોકળો કર્યો હતો. સહકારી ક્ષેત્રમાં સૌથી વધુ સંસ્થાઓ ભાજપના કાર્યકરો દ્વારા વહીવટ થાય છે. ભાજપનો મેન્ડેટનો ભંગ કરીને ઉભા રહેનાર સામે શિક્ષાત્મક પગલાં લીધાં છે. પ્રદેશ અધ્યક્ષ સાથે ચર્ચા કરી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# અમદાવાદના હિંમત રૂડાણી હત્યા કેસનો મુખ્ય આરોપી મનસુખ લાખાણી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં પૂર્વ વિસ્તારમાં ઇન્ડિયા કોલોનીમાં આવેલી કૈલાસ ધામ સોસાયટીમાં રહેતા પાટીદાર અગ્રણી અને જાણીતા બિલ્ડર હિંમત રૂડાણીની હત્યા કરાયેલી લાશે તેમની જ કારની ડીકીમાંથી મળી આવતાં સનસનાટી મચી ગઈ હતી. જોકે ગણતરીના જ કલાકોમાં પોલીસે હત્યાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. હત્યારાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. જેમાં તેમણે સોપારી લીધી હોવાની કબૂલાત કરી હતી. તેમ જ સોપારી મુખ્ય આરોપી અને જાણીતા બિલ્ડર મનસુખ લાખાણીએ કરી હોવાની કબૂલાત કરી હતી. જે બાદ પોલીસે મનસુખ લાખાણીની ધરપકડ કરી હતી. ચકચારી હિંમત રૂડાણી હત્યા કેસમાં કોર્ટે બે આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસે આ કેસમાં ૧૦ દિવસના રિમાન્ડની માગણી કરી હતી.પોલીસ દ્વારા આ કેસમાં આરોપીઓ રાહુલ અને પપ્પુ મેઘવાલની વધુ પૂછપરછ કરવા માટે ૧૦ દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી હતી. જ્યારે કોર્ટ દ્વારા પાંચ દિવસના રિમાન્ડ મંજૂર થતા હવે પોલીસ આ બંને આરોપીઓની ઊંડાણપૂર્વક પૂછપરછ કરશે. આ પૂછપરછમાં હત્યા પાછળનો મુખ્ય હેતુ અને અન્ય કોઈ સંડોવાયેલા વ્યક્તિઓ વિશે માહિતી મેળવવામાં આવશે. મળતી વિગત પ્રમાણે, મૃતક બિલ્ડર હિંમત રૂડાણી અને બિલ્ડર મનસુખ લાખાણી વચ્ચે જૂના ધંધાકીય સંબંધોને લઈ વિવાદ ચાલતો હતો. આ વિવાદના કારણે મનસુખ લાખાણીએ હિંમત રૂડાણીની હત્યા કરાવવાનું કાવતરું રચ્યું હતું.

# દિવાળી વેકેશન માટે ગુજરાતીઓનું નેપાળનું આકર્ષણ ઘટ્યું: ૮૦ ટકા બુકિંગ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નેપાળમાં જેન-ઝીના પ્રદર્શનનોના કારણે ગુજરાતીઓને દિવાળીમાં નેપાળ ભરવા જવાનો મોહભંગ થયો હતો. આશરે ૮૦ ટકા બુકિંગ કેન્સલ થયા છે. ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા લોકોના જણાવ્યા મુજબ, દિવાળી વેકેશન દરમિયાન ગુજરાતી પ્રવાસીઓમાં પ્રિય સ્થળ એવા નેપાળમાં છેલ્લા અઠવાડિયામાં ૮૦ ટકાથી વધુ ટ્રિપ્સ રદ થઈ છે. પ્રવાસીઓ હવે અન્ય સુરક્ષિત સ્થળો વિશે પૂછપરછ કરી રહ્યા છે. નેપાળની ઘટના બાદ થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર અને દુબઈના ટૂર પેકેજો વિશે પૂછપરછમાં અચાનક વધારો થયો છે. યુવા પ્રવાસીઓ અને હનીમૂન કપલ્સ આ દેશોમાં તેમની ટ્રિપ્સને શિફ્ટ કરવા આતુર છે. વિવિધ ઘટનાઓ બાદ ઘણા ગુજરાતીઓ વિદેશ જવા નથી માંગતા, તેઓ ભારતમાં જ લોકપ્રિય સ્થળો શોધી રહ્યા છે. પરિણામે ગોવા, કેરળ અને રાજસ્થાન માટેની પૂછપરછમાં વધારો થયો છે. કુદરતી સૌંદર્ય, દરિયાકિનારા અને ઐતિહાસિક વારસો ધરાવતા આ સ્થળો સલામતીને લઈને ચિંતિત પ્રવાસીઓ માટે મુખ્ય પસંદગી બની રહ્યા છે.

નેપાળમાં થયેલી હિંસાને કારણે પ્રવાસન ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે અને દિવાળીની ટ્રિપ્સનું આયોજન કરનારાઓ માટે પ્રવાસો મોંઘા થઈ રહ્યા છે. જાપાનમાં ચેરી બ્લોસમ્સ જોવા માટે પણ ગુજરાતીઓમાં ખૂબ ઉત્સાહ છે. નેપાળની હાલની બગડતી પરિસ્થિતિને કારણે, ઘણા પ્રવાસીઓ દિવાળી દરમિયાન જાપાનની મુલાકાત લેવાનું આયોજન કરી રહ્યા છે. જેમણે નેપાળના પ્રવાસો રદ કર્યા છે, તેઓ કુદરતી સૌંદર્ય, બેકવોટર્સ, દરિયાકિનારા અને આયુર્વેદિક ઉપચારને કારણે કેરળને તેમની પ્રથમ પ્રાથમિકતા તરીકે પસંદ કરી રહ્યા છે. કાઠમંડુ અને આસપાસના વિસ્તારોમાં થયેલી હિંસા અને દેખાવોને કારણે નેપાળમાં એરપોર્ટ અને જાહેર પરિવહન સેવાઓ બંધ થઈ ગઈ હતી, જેના કારણે હજારો વિદેશી પ્રવાસીઓ ફસાયા હતા. અમદાવાદ સહિત ગુજરાતના ૫૦૦થી વધુ પ્રવાસીઓને ખાસ વ્યવસ્થા દ્વારા સુરક્ષિત રીતે પાછા લાવવામાં આવ્યા હતા.

# વડોદરામાં વિધર્મી યુવકે હિન્દુ યુવતીને ફસાવી જાનથી મારવાની ધમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. મુસ્લિમ યુવકે ખુદને હિન્દુ ગણાવી યુવતીને લગ્નની લાલચ આપી હતી. તેમ જ લાંબા સમય સુધી યૌન શોષણ કરતો હતો. માંજલપુર વિસ્તારમાં આ ઘટના બની હતી.

યુવતીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, આરોપીનું નામ ઇકબાલ પરમાર છે. તેણે ખુદને હિન્દુ ગણાવીને પોતાની ઓળખ પ્રતીક પટેલ તરીકે આપી હતી. આરોપી પહેલા તેની સાથે મિત્રતા કરી હતી અને બાદમાં લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી હતી. યુવતીના આરોપ મુજબ આરોપી તેને અનેક વખત રાજસ્થાન ફરવા લઈ ગયો હતો અને લગ્નનો વાયદો કરીને શરીર સંબંધ બાંધ્યા હતા. જેના કારણે તે ત્રણ વખત ગર્ભવતી પણ થઈ હતી.

પીડિતાએ જણાવ્યું કે, જયારે તેને આરોપીની અસલી ઓળખની ખબર પડી ત્યારે તેણે સંબંધ રાખવાની ના પાડી હતી. જેના કારણે તેણે દુર્વ્યવહાર કર્યો હતો અને જો મારી નહીં થા તો કોઈની નહીં થવા દઉં તેવી ધમકી આપી હતી. ઉપરાંત જ્યાં પણ મળીશ ત્યાં જાનથી મારી નાંખીશ તેમ પણ કહ્યું હતું.

યુવતીની ફરિયાદ બાદ પોલીસે આરોપી ઈકબાલ પરમારની ધરપકડ કરી હતી અને તેને ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યો હતો. આરોપીએ આ રીતે અન્ય કોઈ હિન્દુ યુવતીને ફસાવી છે કે નહીં તેની પણ તપાસ શરૂ કરી હતી.

# મહેસાણાની કંપનીમાં હાઇડ્રો ક્રેનને ધક્કો મારતી વખતે કરંટ લાગ્યો, બે કર્મચારીનાં મોત: છ ઘાયલ

અમદાવાદ: મહેસાણા - અમદાવાદ હાઈવે ઉપર મશીનરી બનાવતી ફેબહિંદ કંપનીમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ક્રેન વીજ લાઇનને અડી જતા બે લોકોના મોત જ્યારે છ લોકો ઘાયલ થયાં હતાં. આ લોકો હાઇડ્રા ક્રેનને ધક્કો મારી રહ્યા હતા તે દરમિયાન આ ગોઝારી ઘટના બની હતી. આ દુર્ઘટનાને કારણે મૃતકોના પરિવારમાં ભારે શોકનો માહોલ છવાયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો દોડી આવ્યો હતો, અને આ અંગે તપાસ શરૂ કરી છે. મંડાલી ગામ નજીક આવેલી ફેબહિંદ કંપનીમાં મજુરો હાઇડ્રા ક્રેનને ધક્કો મારી રહ્યા હતા તે સમયે ક્રેનનો ભાગ ઉપરથી પસાર થઈ રહેલા હાઈ ટેન્શન વીજ લાઈનને અડી ગયો હતો. જે બાદ ક્રેનને ધક્કો મારતા લોકોને કરંટ લાગ્યો હતો. જેમાં બિહારના અભિમન્યુ અને મધ્ય પ્રદેશના અમિત આર્યનું મોત થયું હતું. જ્યારે ૬ લોકો ઘાયલ થયા હતા. આ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# ભાવનગર-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત: બેનાં મોત

અમદાવાદ: ગુજરાતના હાઈવે પર વધતી અકસ્માતોની ઘટના સરકાર અને સામાન્ય લોકો માટે મોટી ચિંતાનો વિષય બની છે. ધોલેરા નજીક ભાવનગર-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારે પીપળી નજીક હાઈવે પર કાર અને બાઇક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. કાર અને બાઇક વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં બે બાઇક સવારોનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે કારમાં સવાર એક મહિલાને ઇજા પહોંચી હતી. અકસ્માત બાદ કાર પલટી મારી ગઈ હતી. જેના કારણે માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જામ પણ સર્જાયો હતો.

# ગુજસીટોકના ગુનાનો વોન્ટેડ બુટલેગર અલ્પુ સિંધી હરિયાણાથી ઝડપાયો

અમદાવાદ: વડોદરાના વારસિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજેસીટોકના ગુનાના વોન્ટેડ આરોપી અલ્પુ સિંધીને પોલીસે હરિયાણાથી ઝડપી પાડ્યો હતો.

વડોદરા પોલીસે દારૂના ધંધા ઉપર કાબૂ મેળવવા માટે લિસ્ટેડ બુટલેગર અલ્પુ સિંધી સહિત આઠ આરોપીઓ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાંથી પાંચની ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં મુખ્ય સૂત્રધાર અલ્પુ છેલ્લા કેટલાક સમયથી જુદા જુદા રાજ્યમાં ફરતો હોવાથી પોલીસ તેને શોધી રહી હતી. ૫૨ જેટલા ગુનામાં સંડોવાયેલો અલ્પુ એસએમસીની રેડમાં પકડાયેલા ૨૦ લાખના દારૂ તેમજ ફતેગંજ બ્રિજ પર હત્યાનો પ્રયાસના ગુનામાં પણ વોન્ટેડ હતો. હરિયાણાના ગુડગાંવ ખાતે એક પીજીમાં અલ્પુ આશ્રય લઈ રહ્યો હોવાથી વિગતો મળતા ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી તેને ઝડપી પાડ્યો હતો.

# વડોદરામાં તંત્ર સામે રોષ: ‘ચૂંટણીમાં વોટ માગવા આવવું નહીં”ના બેનરો લગાવ્યા

અમદાવાદ: વડોદરા શહેરમાં અનેક જગ્યાએ પ્રાથમિક સુવિધાનો અભાવ છે, જેના કારણે લોકો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા છે. મળતી વિગત પ્રમાણે, વડોદરાના દક્ષિણ વિસ્તારમાં ૨૫ વર્ષ પહેલા બનેલી પ્રમુખ કુટીર સોસાયટીમાં છેલ્લા કેટલાય સમયથી ગંદા પાણીથી ઊભરાય છે. અનેક વખત રજૂઆત કરવા છતાં તંત્રના બહેરા કાને કોઈ વાત સંભળાતી નથી.

આ વિસ્તારમાં ડ્રેનેજના કામ માટે ખોદવામાં આવેલા ખાડા પણ જેમના તેમ છે. સ્થાનિકો કોઈ સંભાળ લેતા નથી. ફોન કરવા છતાં કોઈ વ્યવસ્થિત જવાબ મળતા નથી. ચોમાસામાં પાણી ભરાઈ જતાં અન્ય રોડ રસ્તા પણ તૂટી જતાં રિપેરિંગની કોઈ દરકાર હજી સુધી લેવાઈ નથી. સ્થાનિકોના કહેવા મુજબ વેરા ભરવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.

પાયાની જરૂરિયાત નહીં મળતા રોષે ભરાયેલા સ્થાનિકોએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વોટ માટે સોસાયટીમાં પ્રવેશ કરવો નહીં તેવા બેનર લગાવ્યા હતા. બેનર લાગતાં જ રાજકીય પક્ષમાં ખળભળાટ મચ્યો છે.

# ગુજરાતના ૨૮૦ બાર એસો.ની ચૂંટણી જાહેર, ૧૯ ડિસેમ્બરે મતદાન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ૨૮૦ બાર એસો.ની ચૂંટણી જાહેર કરવામાં આવી હતી, ચૂંટણી માટે ૧૯ ડિસેમ્બરે મતદાન યોજાશે જ્યારે તે દિવસે જ પરિણામ માટે મતગતરી પણ યોજાશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે. જે. પટેલની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં નિર્ણય લેવાયો હતો. હાઇ કોર્ટ બાર તેમજ ૩૪ ડિસ્ટ્રિક્ટ બારમાં ટ્રેઝરર પોસ્ટ મહિલા ધારાશાસ્ત્રી માટે રિઝર્વ રાખવાની રહેશે. જ્યારે કારોબારી બેઠકમાં પણ ૩૦ ટકા મહિલા અનામત રહેશે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના જણાવ્યા મુજબ, બીસીજી ચેરમેન જે.જે.પટેલના અધ્યક્ષપદ હેઠળ મળેલ મીટીંગમાં તા. ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ગુજરાતના ૨૮૦ બાર એસોસિએશનની ચૂંટણી ફરજિયાત યોજવાનું નક્કી કરાયું છે. જેમાં તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી વન બાર વન વોટ હેઠળ બારના સભ્ય બનનાર વકીલ પોતાના બારમાં મતદાન કરી શકશે. તે ઉપરાંત બીસીજીએ કરેલા આદેશમાં તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીમાં તમામ બાર એસો.એ મતદારયાદીનું લીસ્ટ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને મોકલવાનું રહેશે.

# ગુજરાતમાં ‘પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના’ હેઠળ બે કરોડથી વધુ લાભાર્થીઓ જોડાયા

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ‘જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન’ અંતર્ગત ગુજરાતમાં ‘પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના’માં તા. ૨૭ ઓગસ્ટ-૨૦૨૫ની સ્થિતિએ રેકોર્ડબ્રેક કુલ ૨.૦૧ કરોડથી વધુ લાભાર્થીઓ જોડાયા છે. આ લાભાર્થીઓએ વાર્ષિક માત્ર રૂ.૨૦ ભરીને પોતાના આકસ્મિક મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં રૂ. ૧ થી ૨ લાખ સુધીનું વીમા સુરક્ષા કવચ લઈને પોતાના પરિવારની આર્થિક સુરક્ષા વધુ સુનિશ્ચિત કરી છે. આ યોજના અંતર્ગત આકસ્મિક મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં, ખાસ કરીને ઓછી આવક ધરાવતા તેમજ અસંગઠિત ક્ષેત્રના કામદારોને નજીવા દરે વ્યક્તિગત અકસ્માત વીમા કવરેજ પુરૂં પાડવામાં આવે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના છેવાડાના સામાન્ય નાગરિક-શ્રમિકો માટે વિવિધ સામાજિક અને આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે.

# દક્ષિણ મુંબઈમાં કેમ ભારે વરસાદ?

મુંબઈઃ હવામાન વિભાગના નિષ્ણાતના કહેવા મુજબ આંધ્ર પ્રદેશ પર ૧૨ સપ્ટેમ્બરના નવું લો પ્રેશર સર્જાયુ હતું, જે ૧૪ સપ્ટેમ્બરના મધ્ય મહારાષ્ટ્ર તરફ ખસ્યું હતું. આ સિસ્ટમે ભેજ ખેંચી લીધો હતો. એ સાથે જ ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ પવનો એકબીજા સાથે આકાશમાં ભટકાયા તેને કારણે દક્ષિણ મુંબઈમાં રાતના સમયે વીજળીના ગડગડાટ સાથે જોશભેર વરસાદ તૂટી પડયો હતો.

દક્ષિણ મુંબઈમાં માત્ર કલાકમાં અમુક વિસ્તારમાં ૨૦૦ મિલીમીટરથી વધુ વરસાદ નોંધાયો હતો. રવિવાર રાતના ૧૧ વાગ્યાથી સોમવાર સવારના ૧૧ વાગ્યા સુધીના ૧૨ કલાક વરસાદનું જોર દક્ષિણ મુંબઈમાં વધારે જણાયું હતું. શીવડીમાં ૨૦૫ મિ.મી., ફોર્ટમાં ૨૦૪ મિ.મી., ગ્રાન્ટ રોડમાં ૨૦૦ મિ.મી., વરલીમાં ૧૯૯ મિ.મી., દાદરમાં ૧૯૧ મિ.મી., બોમ્બે સેન્ટ્રલ નાયર હૉસ્પિટલ વિસ્તારમાં ૧૮૦ મિ.મી., માટુંગામાં ૧૭૭ મિ.મી., મલબાર હિલ ૧૭૪ મિ.મી., હાજી અલી ૧૭૦ મિ.મી., ભાયખલા ૧૪૪ મિ.મી., નરિમન પોઈન્ટ ૧૪૩ મિ.મી. અને સાયન ૧૨૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. પૂર્વ ઉપનગરમાં માનખુર્દમાં ૧૮૨ મિ.મી., ઘાટકોપરમાં ૧૬૧ મિ.મી., ચેમ્બુરમાં ૧૦૮, વિક્રોલીમાં ૧૦૫ મિ.મી., પવઈમાં ૮૪ મિ.મી., ભાંડુપમાં ૬૨ મિ.મી. અને મુલુંડમાં ૫૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો. પશ્ચિમ ઉપનગરમાં બાન્દ્રા પશ્ચિમમાં ૨૦૫ મિ.મી., ખારમાં ૧૮૯ મિ.મી., જુહુમાં ૧૩૫ મિ.મી., વર્સોવામાં ૧૧૩ મિ.મી., અંધેરી પૂર્વમાં ૧૦૦ મિ.મી., બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સમાં ૯૭ મિ.મી., વિલેપાર્લેમાં ૯૫ મિ.મી., મરોલમાં ૮૯ મિ.મી., દિંડોશીમા ૬૪ મિ.મી., બોરીવલીમાં ૫૭ મિ.મી. અને દહિસરમાં ૫૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### મરાઠવાડામાં અતિવૃષ્ટિ

રાજ્યના અનેક જિલ્લામાં અતિવૃષ્ટિનું સંકટ નિર્માણ થયું છે. મરાઠવાડમાં સોમવારે સતત બીજા દિવસે અતિવૃષ્ટિ થઈહતી અને તેને કારણે અનેક નદીઓમાં પાણી જોખમી સપાટીએ આવી ગયા હતા. ધારાશીવ (ઉસ્મનાબાદ) જિલ્લાના કાશેગાવમાં ૨૪ કલાકમાં ૧૦૫ મિ.મી.થી વધુ વરસાદ પડયો હતો. બીડ અને છત્રપતિ સંભાજી નગર (ઔરંગાબાદ) માટે ઓરેન્જ અલર્ટની ચેતવણી હતી. જ્યારે નાંદેડ, લાતુર, ધારાશીવ, પરભણી અને હિંગોલી અને જાલના માટે યલો અલર્ટની ચેતવણી હતી. આ જિલ્લાઓમાં રવિવારથી સોમવાર દરમ્યાન ભારે વરસાદ રહ્યો હતો. મરાઠવાડ રિજનના આઠ જિલ્લામાં જૂનથી અત્યાર સુધીમાં ૬૭૬ મિ.મી. વરસાદ નોંધાયો છે, જે સામાન્ય ૭૯ મિ.મી. કરતા વધુ વરસાદ છે.

### મોનો રેલ ફરી ખોટકાઈઃ ૧૭ પ્રવાસીઓનો બચાવ

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) માટે સફેદ હાથી સાબિત થયેલી મોનો રેલ ખોટકાઈ જવાનો સિલસિલો ચાલુ જ રહ્યો છે. સોમવારે ફરી એક વખત મોનોરેલમાં ટેક્નિકલ ખામી સર્જાતા બંધ પડી જતા ૧૭ મુસાફરો મોનો રેલમાં ફસાઈ ગયા હતા. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

સોમવારે સવારે એન્ટોપ હિલ નજીક વડાલા ખાતે મોનો રેલ ટેક્નિકલ ખામીને કારણે અચાનક બંધ પડી ગઈ હતી. એમએમઆરડીએના જણાવ્યા મુજબ એન્ટોપ હિલ બસ ડેપો અને ગુરુતેગ બહાદુર નગર સ્ટેશન વચ્ચે સવારના ૭.૧૫ વાગે વીજ પુરવઠો ખોરવાઈ જવાને કારણે મોનો રેલ સેવા ખોરવાઈ ગઈ હતી.

વડાલા ખાતે મોનોરેલમાં ટેક્નિકલ ખામી સર્જાયા બાદ ૧૭ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. સવારે ૭.૪૫ વાગ્યા સુધીમાં તમામ પ્રવાસીઓને સુરક્ષિત રીતે બચાવીને અન્ય ટ્રેનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ બનાવમાં કોઈને ઈજા પહોંચી નથી. સવારના ૯.૩૦ વાગ્યા મોનોરેલની સેવા સામાન્ય થઈ ગઈ હતી. એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ટેક્નિકલ ટીમ અસરગ્રસ્ત ટ્રેનને ટૉ કરીને બીજા સ્ટેશન પર લઈ જવામાં આવી હતી. પાવર સપ્લાયમાં ખામીનું કારણ ઓળખવા માટે રેકનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવશે.

સવારના મોનોરેલમાં સર્જાયેલી ટેક્નિકલ ખામી દરમ્યાન જોકે મોનોરેલ સર્વિસ સિંગલ લાઈન પર દોડાવવામાં આવી હતી. જયારે વડાલા-ચેમ્બુર પટ્ટાને કોઈ અસર થઈ નહોતી. સંત ગાડકે મહારાજ ચોક તરફની સર્વિસ થોડા સમય પછી ફરી શરૂ થઈ હતી અને ૯.૩૦ વાગ્યા સુધીમાં લાઈન સંપૂર્ણ રીતે ચાલુ થઈ ગઈ હતી. આ પહેલી વાર નથી જયારે મોનોરેલની સેવા ખોરવાઈ ગઈ હોય. ગયા મહિને પણ ભારે વરસાદ દરમ્યાન મૈસુર કોલોની અને ભક્તિ પાર્ક સ્ટેશન વચ્ચે મોનો રેલ બંધ પડી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં ભારે ભીડને કારણે ટ્રેનનુંવજન ૧૦૯ મેટ્રિક ટન થઈ જવાને કારણે ટ્રેન બંધ પડી ગઈ હોવાનું જણાયું હતું. મોનો ટ્રેનની ૧૦૪ મેટ્રિક ટનની ડિઝાઈન ક્ષમતા કરતા વજન વધુ થઈ ગયું હતું. ઓવરલોડને કારણે પાવર રેલ અને કરન્ટ કલેકટર વચ્ચેનો યાંત્રિક સંપર્ક ખોરવાઈ ગયો હતો અને તેને કારણે પાવર સપ્લાય બંધ થઈ જતા ટ્રેન બંધ પડી ગઈ હતી.

## સમાન ટૂંકા નામનો દુરુપયોગ કરી મિલકત વેચવાનો પ્રયાસઃ ગુજરાતના ત્રણ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સમાન ટૂંકા નામનો લાભ ઉઠાવી મૃત્યુ પામેલા ગુજરાતી વ્યાવસાયિકના નામની મીરા રોડમાં આવેલી ૨૦ એકર જમીનના બોગસ દસ્તાવેજો તૈયાર કરીને કથિત રીતે વેચવાનો પ્રયાસ કરવા બદલ પોલીસે ગુજરાતના ત્રણ આરોપીની ધરપકડ કરી હતી.

કાશીમીરા પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ ધર્મેશભાઈ કેશવજી શાહ, વિનુભાઈ પોપટભાઈ રવાની અને અમૃતભાઈ પ્રેમજીભાઈ રામાની તરીકે થઈ હતી. પ્રોપર્ટી એજન્ટ એવો શાહ ભાવનગરની સર્વોદય સોસાયટીનો રહેવાસી છે, જ્યારે અન્ય બે આરોપી સુરતના હોવાનું પોલીસે જણાવ્યું હતું.

દક્ષિણ મુંબઈના નેપિયન સી રોડ ખાતે રહેતા મનીષ ધરનીધર શાહે નોંધાવેલી ફરિયાદને આધારે કાશીમીરા પોલીસે જુલાઈ, ૨૦૨૫માં ત્રણેય આરોપી વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. બે મહિનાથી પોલીસ આરોપીઓની શોધ ચલાવી રહી હતી, પરંતુ તેમની કોઈ ભાળ મળતી નહોતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે ફરિયાદી મનીષ શાહના પિતા ધરનીધર ખીમચંદ શાહે ૧૯૭૮માં મીરા રોડમાં ૨૦ એકર ૩૫ ગૂંઠા જમીન ખરીદી હતી. જમીનના ૭/૧૨ ઉતારા પર માલિક તરીકે ધરનીધર શાહનું નામ છે અને ૧૯૯૪માં તેમનું નિધન થયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ મુંબઈના કોઈ એજન્ટ મારફત ભાવનગરના એજન્ટ ધર્મેશભાઈને આ જમીન સંબંધી માહિતી મળી હતી. ધર્મેશભાઈ કેશવજી શાહે પોતાના ટૂંકા નામ ડી. કે. શાહનો દુરુપયોગ કરી ધરનીધર ખીમચંદ શાહ (ડી. કે. શાહ)ની જમીનના બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હોવાનું તપાસમાં જણાયું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે મીરા રોડની જમીનના બોગસ ઓથોરિટી લેટર અને અન્ય બનાવટી દસ્તાવેજો બનાવીને સ્પેશિયલ પાવર ઑફ એટર્ની દ્વારા સુરતના વિનુભાઈ અને અમૃતભાઈને જમીન વેચી હોવાનું દર્શાવતું એગ્રિમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. આ બાબતની જાણ ફરિયાદીને થતાં તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

પોલીસે આરોપીઓને પકડી પાડવા છટકું ગોઠવ્યું હતું. લાલચમાં આવી મીરા રોડના પેન્કર પાડા ખાતે પહોંચેલા ત્રણેય આરોપીને પોલીસે તાબામાં લીધા હતા. કોર્ટે પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

## થાણેમાં ચાલીનો ભાગ તૂટી પડતા ૪૦ રહેવાસીઓને બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના દિવામાં ગ્રાઉન્ડ પ્લસ એક માળની ચાલીની હિસ્સો રવિવારે મોડી રાતે તૂટી પડતા ૧૦થી વધુ રહેવાસીઓ ઉપરના માળા પર ફસાઈ ગયા હતા. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને તમામ રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢયા હતા. તેમ જ ઈમારતને જોખમી જાહેર કરીને તમામ રહેવાસીઓને ઘર ખાલી કરવાની સૂચના આપી હતી.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ દિવા પશ્ચિમમાં ગાવદેવી મંદિર નજીક એન.આર નગરમાં ગ્રાઉન્ડ પ્લસ એક માળની ચાલી આવેલી છે. લગભગ ૧૫થી ૨૦ વર્ષ જૂની ચાલીનો પહેલા માળાનો ગેલેરીનો અમુક હિસ્સો રવિવારે રાતના ૧૦.૩૦ વાગ્યાની આસપાસ તૂટી પડયો હતો અને તેને કારણે પહેલા માળા પર આવેલા ત્રણ ઘરમાં રહેતા ૧૦ રહેવાસીઓ ઉપર જ ફસાઈ ગયા હતા.

ફાયરબિગ્રેડે ઘટના સ્થળે પહોંચીને ઉપરના માળા પર ફસાઈ ગયેલા તમામ લોકોને બહાર સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આ ચાલીમાં કુલ ૪૦ ઘર આવેલા છે. રવિવારના ચાલીનો અમુક હિસ્સો તૂટયો હોવાને કારણે તકેદારીના પગલારૂપે ચાલીમાં આવેલા ૩૦ ઘરને સુરક્ષાની દૃષ્ટિએ ખાલી કરાવી દેવામાં આવ્યા હતા અને તેમને તાત્પૂરતા સમય માટે અન્ય સ્થળે રહેવાની સૂચના આપવામાં આવી હતી.

## મેટ્રો થ્રીઃ પહેલી ટ્રેન સવારે ૫.૫૫ વાગ્યે ઉપડશે

### આરેથી આચાર્ય અત્રે ચોક દરમિયાન ૩૫ મિનિટ વહેલી દોડશે

મુંબઈઃ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી)એ કોલાબા - બાન્દ્રા - આરે - સિપ્ઝ અંડરગ્રાઉન્ડ મેટ્રો રેલ સર્વિસમાં આરેથી આચાર્ય અત્રે ચોક દરમિયાન ટ્રેન સર્વિસનો સમય વધાર્યો છે. આ નિર્ણયને પગલે ટ્રેનની મુસાફરીના સમયમાં ૩૫ મિનિટનો વધારો થશે. સમયમાં કરવામાં આવેલા બદલાવને કારણે પ્રથમ મેટ્રો ટ્રેન સવારે સાડા છને બદલે સવારે છમાં પાંચ કમ હોય (૫.૫૫ વાગ્યે) ત્યારે આચાર્ય અત્રે ચોક અને આરે મેટ્રો સ્ટેશન પરથી પહેલી ટ્રેન ઉપડશે.

એમએમઆરસીએ ૩૩.૫ કિલોમીટરના મેટ્રો થ્રી કોરિડોરનું કામ શરૂ કર્યું હતું. આરેથી બીકેસી લાઇન ઓક્ટોબર ૨૦૨૪ માં અને બીકેસી-આચાર્ય આત્રે ચોક લાઇન મે ૨૦૨૫ માં શરૂ કરવામાં આવી હતી. આ લાઇન શરૂ થઈ ત્યારથી મેટ્રો ટ્રેન સોમવારથી શનિવાર સુધી સવારે ૬.૩૦ થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી આરે અને આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન વચ્ચે દોડી રહી છે. રવિવારે મેટ્રો ટ્રેનનો સમય સવારે ૮.૩૦થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી હતી. જોકે, થોડા દિવસો પહેલા એમએમઆરસીએ મેટ્રોનો સર્વિસ ટાઇમ વધારી રવિવારે સવારે ૬.૩૦ વાગ્યાથી ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. હવે સોમવાર (૧૫ સપ્ટેમ્બર) થી મેટ્રોની સર્વિસ ટાઇમમાં ૩૫ મિનિટનો વધારો કરવામાં આવ્યો છે. એમએમઆરસીના જણાવ્યા અનુસાર, મેટ્રો ટ્રેનો હવે આચાર્ય અત્રે ચોક મેટ્રો સ્ટેશન અને આરે મેટ્રો સ્ટેશનથી સવારે ૬.૩૦ વાગ્યાને બદલે સવારે ૫.૫૫ વાગ્યે ઉપડશે. સર્વિસ ટાઇમમાં ૩૫ મિનિટનો વધારો થવાને કારણે મેટ્રોની કેટલીક ટ્રીપમાં વધારો થશે અને મેટ્રો વહેલી સવારે ઉપલબ્ધ થતા પ્રવાસીઓને રાહત થશે.

ખેડૂતોના મુદ્દે શરદ પવારની ચેતવણી

## ... તો અમે હાથ જોડી બેઠા નહીં રહીએ

મુંબઈઃ છેલ્લાં કેટલાક દિવસોથી મરાઠા અને ઓબીસી અનામતના મુદ્દે રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. સરકારે કુણબી રેકોર્ડ ધરાવતા મરાઠા સમુદાયને કુણબી જાતિના સર્ટિફિકેટ આપવા માટે વટહુકમ બહાર પાડ્યો છે. જોકે, આ વટહુકમ બાદ રાજ્યમાં ઓબીસી અને મરાઠા સમુદાયના સામસામે મોરચો માંડે એવું દેખાઈ રહ્યું છે. બીજી તરફ રાજ્યભરમાં ભારે વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. એનસીપી - રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના પ્રમુખ શરદ પવારે આ પરિસ્થિતિ સંદર્ભે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી હતી. એનસીપી (એસપી)એ સોમવારે નાશિકમાં એક રેલીનું આયોજન કર્યું હતું. રેલીમાં બોલતા શરદ પવારે સરકારને સખત ચેતવણી આપતા કહ્યું હતું કે જો સરકાર ખેડૂતોના મુદ્દા પર યોગ્ય નિર્ણય નહીં લે તો અમે હાથ જોડી બેઠા નહીં રહીએ. આ તો માત્ર શરૂઆત છે.' શરદ પવારે ટીકાના સૂરમાં વધુમાં જણાવ્યું હતું કે 'મહારાષ્ટ્રના લગભગ તમામ જિલ્લાઓમાં આ વર્ષે ભારે વરસાદ પડ્યો છે. એની અસર ખેડૂતો પર પડી છે. મુશ્કેલીઓ આવે, પણ એનો ઉકેલ શોધવો જોઈએ. આ જવાબદારી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની છે. જોકે, આજના શાસકો પાસે ખેડૂતો સામે જોવાનો સમય નથી. છેલ્લા બે મહિનામાં ગ્રામીણ મહારાષ્ટ્રમાં બે હજારથી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. ખેડૂત કેમ આત્મહત્યા કરે છે? આવું આત્યંતિક પગલું કેમ ભરે છે? કારણ કે સરકાર ખેડૂતો માથે આવી પડેલા સંકટનો ઉકેલ લાવવા સરકાર કોઈ જવાબદારી લેવા તૈયાર નથી.' ખેડૂતોના મુદ્દે પવારે એમ પણ જણાવ્યું હતું કે 'આજની તારીખમાં નાશિકની ડુંગળી દુનિયામાં અનેક ઠેકાણે જાય છે. ડુંગળી વેચ્યા પછી બે પૈસા મળવાની આશા ખેડૂતોને હોય છે. જોકે, આજે ડુંગળીને સારા ભાવ નથી મળતા. ડુંગળીની નિકાસ કરવાથી ભાવમાં વધારો થાય. જોકે, કેન્દ્ર સરકાર ડુંગળીની નિકાસ નથી કરતી. તો ખેડૂતોએ શું કરવું જોઈએ? જો આપણે આનો જવાબ શોધવો હોય તો આ સરકાર પર દબાણ લાવવું જોઈએ. દેવાભાઉ, તમે આખા મહારાષ્ટ્રમાં તમારા ફોટોગ્રાફ લગાવી દીધા છે. છત્રપતિ શિવાજી મહારાજના દર્શન કર્યા એ પણ જનતાને જણાવી દીધું. જોકે, દેવાભાઉ પાસે ખેડૂતોની સમસ્યા માટે વખત નથી. આવી પરિસ્થિતિમાં તો આપણે નિર્ણય લેવો પડશે. અમે સત્તાનો દુરુપયોગ નથી કરતા. પરંતુ જો સરકાર ખેડૂતોની અવગણના કરશે.



## ભારત-પાકિસ્તાન મેચ પર ₹ ૧.૫ લાખ કરોડ સટ્ટો લગાવાયોઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી) ના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સોમવારે એક સનસનાટીભર્યો આરોપ લગાવ્યો હતો કે રવિવારે રમાયેલી ભારત-પાકિસ્તાન એશિયા કપ મેચ પર લગભગ ૧.૫ લાખ કરોડ રૂપિયાનો સટ્ટો લગાવવામાં આવ્યો હતો. રાઉતના મતે આ સટ્ટામાંથી ૨૫,૦૦૦ કરોડ રૂપિયા પાકિસ્તાન પહોંચ્યા છે.

રાઉતે દાવો કર્યો હતો કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) આ મેચથી લગભગ ૧,૦૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. તેમણે પ્રશ્ન કર્યો કે, 'આ પૈસાનો ઉપયોગ આપણી વિરુદ્ધ થશે. શું સરકાર અને બીસીસીઆઈ આ વાતથી વાકેફ નથી?' ભારતે આ મેચ સાત વિકેટથી જીતી હતી, પરંતુ મેચ પછી ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા નહોતા. રાઉતે આ પગલાંને પણ નાટક ગણાવ્યું. તેમણે કહ્યું કે આ અચાનક લેવાયેલો નિર્ણય નહોતો પરંતુ બીસીસીઆઈ અને ટીમ મેનેજમેન્ટની સંમતિથી લેવાયેલો નિર્ણય હતો.

રાઉતે વધુમાં કહ્યું કે, જ્યારે દેશમાં આવું વાતાવરણ હોય, ત્યારે પાકિસ્તાનને આર્થિક રીતે ફાયદો થાય તેવી મેચ ન રમવી જોઈએ. આટલું મોટું સટ્ટાબાજીનું રેકેટ સરકારની આંખો ખોલવા માટે પૂરતું હોવું જોઈએ.

## હિન્દુ મરણ

અમૃતલાલ શાંતિલાલ સીમરીયા (કામદેવળીયાવાળા)ના ધર્મપત્ની સ્વ. લતાબેન અમૃતલાલ સીમરીયાનું તા. ૧૪-૯-૨૫ના અવસાન થયેલ છે. તે મેહુલભાઇ, અંજુબેન મયૂરકુમાર ચોટાઇ તથા વૈશાલીબેન રાજેશકુમાર વિઠલાણીના માતુશ્રી. ઠે. પિતૃમોક્ષ મંદિર, શેરી નં.૭, ગૌતમનગર,ગાંધીગ્રામ રાજકોટ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મુરુ હાલ થાણા સ્વ. બબાબાઇ વીરજી તન્ના (ઠક્કર)ના પુત્ર ચંદુલાલ (ઉં. વ.૮૫) રવિવાર તા. ૧૪-૯-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. શારદાબેનના પતિ. સ્વ. હંસાબેન, વિનોદભાઇના પિતાજી. મહેન્દ્રભાઇ, જયશ્રીબેનના સસરા. સ્વ. શાંતાબેન, મંજુલાબેન, સ્વ. રમીલાબહેન, કમલાબેન તથા સ્વ. મથુરાદાસભાઇ, દેવેન્દ્રભાઇ, જીતેન્દ્રભાઇના ભાઇ. તે સ્વ. મોરારજી હરચંદ ચંદન રવાપરના જમાઇ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૬-૯-૨૫ના ૪થી ૫.૩૦. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી પવાની હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે, બહેનોએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

સ્વ. મોંઘીબેન મથુરાદાસ ઉમરશી અનમ ગામ નલીયાના દ્વિતીય પુત્ર મહેન્દ્ર મથુરાદાસ અનમ (ઉં. વ. ૭૮) ગામ નલીયા હાલ મુંબઇ તા. ૧૫-૯-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. સરલાના પતિ. સ્વ. જેઠાલાલ, સ્વ. મહેશ તથા અશોકના ભાઇ. જયંત, મિનાક્ષી ગિરીશ ચંદે, દક્ષા પ્રકાશ કતીરા, ક્રિષ્ણાકુમાર મંડન વિઝાણ, ગીતા હિતેશ નરમ તથા બલરામના પિતા. નયના મોનિકના સસરા. પૂર્ણિમા ચિરાગ પૂંજાણી, જિજ્ઞેશ, યશ, તોરલ, સચિનના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૫ના ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, પુરુષોતમ ખેરાજ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ).

**કપોળ**

અમરેલીવાળા હાલ ભાયંદર સ્વ. મંગળાબેન કાલીદાસ માધવજી વોરાના સુપુત્ર તથા સ્વ. ભામીનીબેન વોરાના પતિ. વિનોદરાય વોરા (ઉં. વ. ૭૬) તા. ૯-૯-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલા છે. ભાવિન, દક્ષન્દુ, પ્રિયાના પપ્પા. તે દેવાંગી, કૃપાના સસરા. સ્વ. રસીકલાલ, સ્વ. ભાગીરથીબેન મણીલાલ સંઘવી તથા મંજુલાબેન રસીકલાલ ગાંધીના નાના ભાઇ. ઓથાવાળા સ્વ. ગુલાબબેન છોટાલાલ પ્રાગજીભાઇ ગાંધીના જમાઇ. તેમની સરવણીની વિધી તા. ૨૦-૯-૨૫ શનિવારના ૯.૦૦ વાગે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોંઘીબેન મથુરાદાસ ઉમરશી અનમના દ્વિતીય પુત્ર મહેન્દ્ર અનમ (ઉં. વ. ૭૮) ગામ નલીયા હાલ મુંબઇ તા. ૧૫-૯-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. સરલાબેનના પતિ. સ્વ. જેઠાલાલ, સ્વ. મહેશ તથા અશોકના ભાઇ. જયંત, મીનાક્ષી ગિરીશ ચંદે, દક્ષા પ્રકાશ કતીરા, ક્રિષ્ણા કુમાર મંડનવિઝાણ, ગીતા હિતેશ નરમ તથા બલરામના પિતા. નયના, મોનિકાના સસરા. તે ધનજીભાઇ ચંદેના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૫ના મંગળવાર ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, પુરુષોતમ ખેરાજ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જ્ઞાન સરિતાની બાજુમાં, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઇડર ઔદીચ્ય સત્યાવીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ ચિત્રોડા હાલ મુંબઇ બોરીવલી (ઇસ્ટ) તેજસભાઇ ભટ્ટ (ઉ.વ. ૪૧) તા. ૧૩-૯-૨૫ના શનિવારના દેવલોક પામ્યા છે. તે અનસુયાબેન સ્વ. કિરણભાઇ રામશંકર ભટ્ટના પુત્ર. ઝરણા અપૂર્વકુમાર ઠાકર, સ્વ. મોનિકાબેનના ભાઇ. જયપ્રકાશ જગન્નાથ પંડયા, રંજનબેન હરિવદન ભટ્ટના ભાણેજ. સ્વ.વીણાબેન, સ્વ. અરવિંદભાઇ, સ્વ. સુરેશભાઇ, હર્ષદભાઇ, દીપકભાઇ. હેમંતભાઇના ભત્રીજા. ઝાંકી અને ધ્રુમિલના મામા. લૌકિક વ્યવહાર અને સાદડી પ્રથા બંધ છે.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય બ્રાહ્મણ**

હળવદ નિવાસી હાલ દહિસર, ગં.સ્વ. લીલાબેન (ઉં. ૯૪) તે મહેન્દ્રભાઈ મણીશંકર ભટ્ટના પત્નિ તા.૧૫-૦૮-૨૦૨૫ને સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. યોગેનભાઈ સ્વ. નરેનભાઈ, ધિરેનભાઈ, હેમેનભાઈ, ભૂપેનભાઈ, રેખાબેનના માતૃશ્રી, સ્વં. આરતીબેન, અ.સૌ. અમિતાબેન, અ.સૌ. નિશાબેન, અ.સૌ. તૃપ્તીબેન, નિરંજનભાઈ કાળીદાસ શુક્લના સાસુ, ચેતન, સજિલ, ધ્રુવિલ, પૂજા, ક્રિપા, મેહા, અર્પિતા, હેમાંગીના દાદી, ફાલ્ગુની, ચૈતાલી, હેમાંગના નાની, સ્વ.જીવીબેન ચુનીલાલ દવેના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

કચ્છ ફરાદી, સ્વ. કનકબેન રતિલાલભાઈ ત્રિવેદીના પુત્ર કૌશિક ત્રિવેદી (ઉં. વ. ૬૨) રીટાબેનના પતિ. દર્શન, દેવાંશના પિતા. સ્વ. જયાબેન નટવરલાલ ઓઝાના જમાઈ તા ૧૩/૯/૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

બાલાગામ વાળા બોરીવલી, પ્રભુદાસ જેઠાલાલ શાહ (ઉં. વ. ૮૧) તે દમયંતીબેનના પતિ. સ્વ. કરસનભાઈ, સ્વ. જયંતીભાઈ, સ્વ. ચીમનભાઈ, સ્વ. હરકિશનભાઇ, સ્વ. ધીરુભાઈ, મંજુબેન, અનસુયાબેન, રંજનબેનના ભાઈ. હિતેશ, કિરણ, કાજલના પિતા. ડેલી, રચના, સમીરકુમારના સસરા. ફોરમના, આયુષી અને યશના નાના-દાદા. મદ્રાસવાળા સ્વ.પોપટલાલ વિઠ્ઠલદાસના જમાઈ. તા. ૧૧/૯/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ જામખંભાળીયા હાલ-ભીવંડી, મહેન્દ્રકુમાર વશનજી રાડીયા(ઠક્કર) તે મીનાબેનના પતિ. સુનીલભાઈ, કિરણ અતુલકુમાર મજીઠીયા, સ્વ. સમીરભાઈના પિતાશ્રી. રમેશભાઈ, કનુભાઈ, લલીતભાઈ, ચન્દ્રીકાબેનના ભાઈ. સ્વ. શાન્તાબેન લીલાધર ઉનડકટના જમાઈ. શુક્રવાર તા. ૧૨/૯/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૫/૯/૨૦૨૫ના ૪:૦૦ થી ૬:૦૦. શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, ભીવંડી.

**વૈજાપુર ભાટિયા**

હાલ મુલુંડ, અ. સૌ. ભારતીબેન આશર (ઉં. વ. ૭૩) તે ધરમસીભાઈ દ્વારકાદાસ આશરના ધર્મપત્ની, સ્વ. મંજુલા મૂળરાજભાઇ નેગાંધીના દીકરી. અ. સૌ. અમીતા અને ઋષિકેશના માતુશ્રી. ભાવેશભાઈ આશર અને અ. સૌ. તન્વીના સાસુજી, તુલસીદાસભાઈ આશર, ગોપાલદાસભાઈ આશર, ચંદ્રસેનભાઈ આશરના ભાભી. તા. ૧૪.૦૯.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૬.૦૯.૨૫ના ૫ થી ૭. આશર મેપલ બર્ચ, વૈશાલીનગર, ઘાટીપાડા રોડના કલબ હાઉસમાં.

**લુહાર-સુથાર**

ગામ સાવરકુંડલાવાળા હાલ ભાયંદર, ગ. સ્વ. સવીતાબેન મકવાણા (ઉં. વ. ૯૫) તા. ૧૪/૦૯/૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. બચુભાઈ માધવજીભાઈ મકવાણાના ધરમપત્ની, સ્વ. મેઘજી પ્રેમજી કનાડીયા અમરેલીવાળાના દિકરી. નટુભાઈ, રમેશભાઈ, કિશોરભાઈ, હીરાબેન અરવિંદભાઈ પરમાર, અરૂણાબેન ભરતભાઈ પરમારના માતૃશ્રી. પુષ્પાબેન, નયનાબેન, દક્ષાબેનના સાસુ. વિપુલ, સમીર, તૃષિત, તેજલ પરાગ ગાંધી, તન્વી હિરેન કવૈયાના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૮/૦૯/૨૫ ગુરુવારના ૫ થી ૭. શ્રી લુહાર સુથાર જ્ઞાતિ હિત્તેછક મંડળ વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ન.૩, અંબાજીમંદિર નજીક, બોરીવલી ઇસ્ટ.

**ઔદિચ્ય ગોરવાલ બ્રાહ્મણ.**

રાજસ્થાન ઉડ નિવાસી હાલ અંધેરી પૂર્વ, બાબુલાલજી ભીખાલાલજી દવેના પત્ની શ્રીમતી તારાબેન દવે, તે અતુલ, રાજેશ અને સ્વ. મનીષકુમાર દવેના માતાજી. શ્રીમતી વીણા અને સીમાના સાસુજી. ભૂષણ, જશ અને અંશના દાદીજી, સ્વ. પ્યારીબેન છોગાલાલજી, લીલાબેન ભેરુશંકરજી, રૂકમણી શાંતિલાલજી દવેના દેરાણી, ગામ ગોલ નિવાસી સ્વ. શ્રી ઇન્દરલાલજી છોગાલાલજી દવે, સ્વ. પંકુબાઈની પુત્રી, તા. ૧૩/૦૯/૨૫ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૯/૦૯/૨૦૨૫ શુક્રવારના ૫ થી ૭. સી ટી ચાટવાની હોલ, પેહલા માળે, સી ટી પોઇન્ટ બિલ્ડિંગ, તેલી ગલી, અંધેરી પૂર્વ.

**સુરતી પોરવાલ વૈષ્ણવ વણિક**

ગં. સ્વ. હંસાબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. કિશનભાઈ ધીરજલાલ મુનિમના ધર્મપત્ની, ત્રિભુવનદાસ રણછોડદાસ શ્રોફના પુત્રી, મનોજભાઈ, જયમીનભાઈ, નિધીષભાઈના માતુશ્રી. મલિકાબેન, પ્રિતીબેન, દીપાબેનના સાસુજી. રીષી, અનિકેત, હર્ષ, અમી અને જહાનવીના દાદી. તા. ૧૫/૯/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ આદિત્યાણા પોરબંદર હાલ કલ્યાણ, વેણીલાલ વિઠ્ઠલદાસ રાજાણી (ઉં. વ. ૮૫)તે મધુકાન્તાબેનના પતિ. સ્વ. વલ્લભદાસ, છોટુભાઈ, સ્વ. ગીરધરભાઇ, સ્વ. મંજુબેન મગનલાલ મશરૂના ભાઈ. મેનકા સુરેશ ચાવલા, ભક્તિ કિરણ વસાણી, નિધી જીતેન્દ્ર વિઠલાણી, દિપ્તી જયેશ અભાણીના પિતાશ્રી. સ્વ. રમાબેન ગોરધનદાસ ગોટેચા, સ્વ. હસમુખભાઈ, તુલસીદાસ માનસેતાના બનેવી, બોની, ગૌતમ, રાહુલ, યશ, ઈશના નાના. તા.૧૪/૦૯/૨૦૨૫ રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

**ઑન્ટેરિયો (કેનેડા)**

દિન્યાર ફરદૂન દિનશૉ તા. ૮-૯-૨૫ના ઑન્ટેરિયો (કેનેડા) ખાતે ગુજરી ગયા છે. તે મરહુમ કેટી દિનશૉના પતિ. તે મરહુમ હિલ્લા અને મરહુમ ફરદૂન દિનશોના દીકરા. તે રુચી દિનશૉ, મરહુમ કેકી, મરહુમ મીનુ, મરહુમ પેસી અને મરહુમ પેરિન રૂસી ઊનાવાલાના ભાઇ. તે પોરસ, રૂખ્સાના જહાંગીર બલસારા અને મહારુખ ફિલી સિધવાના પિતા. તે અરવંદ, ફ્રેડી, સાન્યા અને લૈલા દિનશૉના અંકલ.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

થાનગઢ નિવાસી હાલ મરીન ડ્રાઇવ અ. સૌ. આરતીબેન (ઉં.વ. ૭૭) તે અશોક રમણીકલાલ શાહના પત્ની. કૌશલ અને નિશ્ચલના માતા. પૂર્વી અને હિરલના સાસુ. પૂનમચંદ જેશંગલાલ શાહના પુત્રી. કિશોરભાઇ શાહના બેન. તે શનય, સમાયરા અને ઝાયશાના દાદી. તા. ૧૪-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

આંબા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પ્રતાપરાય હરખચંદ શાહના ધર્મપત્ની નલીનાબેન (ઉં. વ. ૮૮) તા. ૧૨-૯-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મણિલાલભાઇ, સ્વ. મોહનભાઇ, સ્વ. ઉમેદભાઇ, સ્વ. માનકુંવરબેન ઉત્તમચંદ ધ્રુવ, સ્વ. રસિકભાઇ, સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. વિનોદભાઇના ભાભી. સ્વ. કાન્તાબેન, સ્વ. કળાબેન, સ્વ. લીલાબેન, સ્વ. સુશિલાબેન, રસીલાબેન, સ્વ. કુમુદબેનના દેરાણી. પિયર પક્ષે સ્વ. વલ્લભભાઇ હરખચંદ શાહના દીકરી. મોસાળ પક્ષે સ્વ. હિંમતલાલ મૂળચંદ શાહ, ચંદુલાલ મૂળચંદ શાહની ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાબર વિસા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કફપરેડ મુંબઇ છબીલદાસ લવજી શાહના સુપુત્ર સ્વ. સુમનભાઇ શાહના ધર્મપત્ની ઇન્દુબેન (ઉં. વ. ૮૭) તા. ૧૪-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. રાજેશભાઇ, મોનાબેન, મયૂરીબેનના માતુશ્રી. મીનાબેન, અતુલભાઇ, અપૂર્વભાઇના સાસુજી. પ્રિયંકા, સલોની, જૈની, ઋષભના દાદી. પિયરપક્ષે નાનચંદ લલ્લુભાઇ ઝવેરીના સુપુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૫ના મંગળવારે ૪.૩૦થી ૬. ઠે. વાય.બી. ચવાણ સેન્ટર, મંત્રાલયની સામે, મુંબઇ-૪૦૦૦૨૧.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચોટીલા નિવાસી હાલ બોરીવલી, સ્વ. અમૃતલાલ સુખલાલ શાહના પુત્ર દિનેશભાઇની ધર્મપત્ની અ.સૌ. રીનાબેન (રેખા) (ઉં. વ. ૭૧) તા. ૧૪/૯/૨૫ના રવિવાર અરિહંતશરણ પામેલ છે. તે મેઘના વિરલશાહ, રિદ્ધિ કાર્તિક ગાલાના માતુશ્રી. સ્વ. વીનુભાઈ, ચંદ્રકાન્તભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સતીશભાઈ, સ્વ. પંકજભાઈ, સ્વ. ઇંદિરાબેન, રેખાબેન, પ્રતિમાબેન, આરતીબેન, પૂર્વીબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. કંચનબેન અમીચંદભાઈ શાહના સુપુત્રી. સ્વ. જ્યોત્સ્નાબેન, આશાબેન, સુધાબેન, મનીષભાઈના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

મૂળ બોટાદ નિવાસી હાલ બોરીવલી, સ્વ.કેશવલાલ સુખલાલ કામદારના સુપુત્ર પ્રવીણભાઈ (ઉં. વ. ૭૭) તા. ૧૪/૯/૨૫ના બોરીવલી અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મનમોહનદાસ દુર્લભજી અજમેરાના જમાઈ. સ્વ. મીનાબેનના પતિ. સ્વ. ભુપતભાઇ, વિનોદભાઈ, સ્વ.સુરેશભાઈ, જીતેન્દ્રભાઈ, સતીશભાઈ અને સ્વ.પુષ્પાબેનના ભાઈ. સુમિત અને સચિનના પિતા. સૌ. મિતાલી અને પ્રીતિના સસરા. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ૭૦૨ સવેરા સોસાયટી, કસ્તુર પાર્ક, દત્તમંદિર બસ સ્ટોપની બાજુમાં, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જર નિવાસી હાલ કાંદિવલી વેસ્ટ, નવીનચંદ્ર મોહનલાલ સંઘરાજકા (ઉં. વ. ૭૮) તે જ્યોતિબેનના પતિ. હેમલ, અમીશા અને ખુશ્બુના પિતા. શ્રેયા, નીરવભાઈ ગોસલીયા અને કૃણાલભાઈ શાહના સસરા. સ્વ. ચુનીભાઈ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, રમેશભાઈ, રજનીભાઇ, સ્વ.મંજુબેન, સ્વ.પુષ્પાબેન, હર્ષાબેનના ભાઈ, સ્વ. છેલશંકર વર્ધમાન કોઠારીના જમાઈ. તા. ૧૪/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. ૪૦૩, રાજવૈભવ ટાવર, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૈન ઉગામેડી નિવાસી હાલ બોરીવલી, દિનકરલાલ ગાંડાણી તા. ૧૪-૯-૨૫ને રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.શાંતાબેન મોતીલાલ ગાંડાણીના સુપુત્ર, મીરાબેનના પતિ. યશના પિતા, વિધિના સસરા. સ્વ. પાણલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. અમૃતલાલ, સ્વ. વ્રજલાલના ભાઈ. તારાબેન ચુનીલાલ મોદીના જમાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૦૨૫ને મંગળવારે ૧૦ થી ૧૨. પાવનધામ, મહાવીર નગર, કાંદીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બારોઇ (તા.મુંદરા)ના નેમજી લીલાધર હેણીયા (ઉં. વ. ૭૨) તે ૧૩/૦૯/૨૫ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. રતનબાળા લીલાધર હેણીયાના સુપુત્ર. સ્વ. ચંદ્રીકાબેનના પતિ. અંકીત, ભક્તિના પિતા. સ્વ. માવજી, સ્વ. રવજી, સ્વ. મેઘજી, સ્વ. ટોકરશી, સ્વ. ભાણજી લક્ષ્મીચંદ, સ્વ. જવેરબેન, સ્વ. નિર્મળાબેનના ભાઇ. સ્વ. નિર્મળાબેન ડુંગરશી (ભોરારા)ના જમાઇ. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : અંકિત હેણીયા, પટેલ ફળિયા, જૈન દેરાસરની બાજુમાં, બારોઇ. પી. ૩૭૦૪૨૧.

ભુજપુરના માતુશ્રી પ્રભાવતી ભેદા (ઉં. વ. ૮૪) તા. ૧૪/૯/૨૫ના અરિહંત શરણ પામેલ છે. ભચીબેન રાયશીના પુત્રવધૂ. કલ્યાણજીના ધર્મપત્ની. મનોજ, જીજ્ઞેશના માતુશ્રી. બિદડા તેજબાઈ કુંવરજી રતનશીના સુપુત્રી. રમેશ, જગદીશ, ના.ખાખર ભાણબાઈ ભવાનજી, ભોરારા મધુબેન રતિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીજ્ઞેશ ભેદા, ૬. શુભલાભ, એમ.જી.રોડ, કાંદિવલી (વેસ્ટ) મું. ૬૭.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# તન-મન-ધનથી રહો તરોતાજા

# SIPને બનાવો Sincere Investment Plan




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**ટેલિવિઝન** પરના મારા લાઇવ શોની વાત છે. પુણેથી રોશન નામની વ્યક્તિનો ફોન આવ્યો. એમણે પૂછ્યું કે દર મહિનાની ૫,૦૦૦ રૂપિયાની SIP ચાલુ રાખવી કે બંધ કરી દેવી. એમણે પોતાના કયા નાણાકીય લક્ષ્ય માટે SIP ચાલુ કરાવી હતી એવું મેં પૂછ્યું ત્યારે તેમણે કોઈ ચોક્કસ જવાબ આપ્યો નહીં.

મોટાભાગે આવું જ બનતું હોય છે. આપણે SIP એટલે કે સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન ચાલુ કરાવીએ ત્યારે તેને કોઈ નાણાકીય લક્ષ્ય સાથે સાંકળતા નથી. આવું થવાને લીધે SIPના લાભ મર્યાદિત પ્રમાણમાં મળે છે. નિયમિતપણે રોકાણ કરવું એ સારી આદત છે અને એ જ અર્થમાં કહી શકાય કે SIP કરાવવાનો નિર્ણય સારો કહેવાય. આમ છતાં, જ્યારે SIPને કોઈ નાણાકીય લક્ષ્ય સાથે સાંકળવામાં આવે નહીં ત્યારે તેનો લાભ મર્યાદિત હોય છે અને સાંકળવામાં આવે ત્યારે લાભ વધારે મળે છે.

આપણે જોયું છે કે દરેક વ્યક્તિના જીવનમાં વિવિધ પ્રકારનાં નાણાકીય લક્ષ્યો હોય છે. તે દરેકની પ્રાપ્તિ માટે નિયમિતપણે રોકાણ કરવું જોઈએ. આપણી પરસેવાની કમાણી નાણાકીય લક્ષ્યોના આધારે રોકવામાં આવી હોય તો રોકાણને દિશા પ્રાપ્ત થાય છે. કોઈ પણ દિશા વગરનું કામ અધૂરું કહેવાય. ક્યારેક એવી ચિંતા પણ જન્મે છે કે આપણે દર મહિને રોકેલી રકમ યોગ્ય દિશામાં વધી રહી છે કે કેમ.

આ મુદ્દો ઉદાહરણ સાથે સમજીએ. એક કિસ્સામાં SIP ઈક્વિટી આધારિત મ્યુચ્યુઅલ ફંડમાં કરાઈ છે. ઈક્વિટી ફંડ સ્ટોક માર્કેટમાં રોકાણ કરતાં હોય છે. આ SIP કોઈ નાણાકીય લક્ષ્ય સાથે સંકળાયેલી નથી. અચાનક સ્ટોક માર્કેટ પડવા લાગે છે. ચારેબાજુ થી પ્રતિકૂળ સમાચાર આવે છે. રોકાણકારો ભયભીત થઈ જાય છે. બધી ઝટ ચેનલો પર લાલ આંકડા દેખાવા લાગે છે. આવું ચારથી પાંચ મહિના સુધી ચાલે છે. આવા સમયે જો કોઈ SIP રિન્યુ કરાવવાનો વખત આવે તો શક્ય છે કે રોકાણકાર ભયના માર્યા એ રિન્યુ કરાવે નહીં અને રિન્યુ કરવાનો નિર્ણય થોડો વખત મોકૂફ રાખે.

બીજી બાજુ, બીજો એક રોકાણકાર દર મહિનાની SIP ધરાવે છે. તેનું નાણાકીય લક્ષ્ય દસ વર્ષ પછી આવનારી નિવૃત્તિ માટે નાણાં એકઠાં કરવાનું છે. આવી સ્થિતિમાં એ માણસ શેરબજારમાં થોડા વખત માટે આવેલા ઘટાડાથી ચિંતિત નહીં થાય. શક્ય છે કે ઊલટાનું એ રાજી થશે, કારણ કે સ્ટોક માર્કેટ પડે ત્યારે એ મને મ્યુચ્યુઅલ ફંડ સ્કીમનાં વધારે યુનિટ મળે છે. આ રીતે મળેલાં વધારે યુનિટને કારણે પછી જ્યારે રોકાણ છૂટું કરવામાં આવે ત્યારે વધુ લાભ મળે છે.

આથી જ કહેવાનું કે SIP હંમેશાં નિશ્ચિત નાણાકીય લક્ષ્ય સાથે શરૂ કરવી. ખરું પૂછો તો દરેક SIPને તેના નાણાકીય લક્ષ્યને અનુરૂપ નામ આપી દેવું. દા.ત. જો SIP દીકરી પૂજાના ઉચ્ચ શિક્ષણ માટે હોય તો તેને પૂજા હાયર એજ્યુકેશન SIP એવું નામ આપી શકાય.

આધેડ વયના મારા ક્લાયન્ટ રમેશભાઈએ મને એક દિવસ કહ્યું, 'પૂજા હાયર એજ્યુકેશન SIPથી મારી પત્ની ખુશ છે. દર મહિને એ મ્યુચ્યુઅલ ફંડ સ્ટેટમેન્ટ જુએ છે અને તેનું પરફોર્મન્સ ચેક કરે છે. એક દિવસ એણે કહ્યું કે એ મહિનાના ખર્ચમાંથી ત્રણેક હજાર રૂપિયા બચાવીને નાની દીકરી રિચા માટે પણ SIP ચાલુ કરાવવા ઈચ્છે છે.'

ઘણા પરિવારોમાં રમેશભાઈના ઘર જેવા દાખલા બનતા હોય છે. નાણાકીય લક્ષ્યો સાથેની SIP ને કારણે પરિવારો રોકાણ પ્રત્યે સમર્પિત થાય છે અને તેમાં બધા સહભાગી થાય છે. તેને લીધે રોકાણમાં શિસ્ત આવે છે.

આ દૃષ્ટિએ તમારી SIP સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (Systematic Investment Plan) નહીં, પણ સ્પેસિફિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (Specific Investment Plan) હોવી જોઈએ. જો ખંતપૂર્વક કરવામાં આવે તો એ ખુદ Sincere Investment Plan બની જાય છે અને તેનું લક્ષ્ય સરસ રીતે પરિપૂર્ણ થાય ત્યારે એ My Superb Investment Plan બની જાય છે. ■

## ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

# એસ્ટેટ પ્લાનિંગ ને વસિયતનામા વચ્ચે શું તફાવત?

**આજકાલ** આપણે વસિયતનામા વિશે વાત કરી...તેની સાથે જોડાયેલો એક વિષય એસ્ટેટ પ્લાનિંગનો છે. આજે તેની વાત કરીએ..

એક પેઢી બીજી પેઢીને પોતાની ઍસેટ્સની સોંપણી કરે એને એસ્ટેટ પ્લાનિંગ કહેવાય. ન કરે નારાયણ ને પોતે અક્ષમ બની જાય એ સંજોગોમાં અને પોતાનું મૃત્યુ થાય એ સ્થિતિમાં પોતાની એસ્ટેટના વહીવટ અને તેના નિકાલ માટેની વ્યવસ્થા એસ્ટેટ પ્લાનિંગની પ્રક્રિયામાં કરવામાં આવે છે. એસ્ટેટ પ્લાનિંગ સ્વેચ્છાએ થતું કામ છે. મિલકત, કાર, નાણાકીય રોકાણો, વગેરે ઍસેટ્સ પોતાના ગયા પછી અથવા પોતે અક્ષમ બની જવાની સ્થિતિમાં કોને અને કેટલા પ્રમાણમાં આપવી એ નક્કી કરવાનું કામ એસ્ટેટ પ્લાનિંગ દ્વારા થાય છે.

અહીં નોંધવું ઘટે કે એસ્ટેટ પ્લાનિંગ એક જ વખતમાં થઈ જનારું કામ નથી. એ સતત ચાલતી પ્રક્રિયા છે, જેની સમીક્ષા નિયમિત સમયાંતરે કરવાની હોય છે અને જીવનમાં અથવા દેશના કાયદાઓમાં થતા ફેરફારો અનુસાર તેમાં પરિવર્તન કરવું પડતું હોય છે.

**વસિયતનામું - એસ્ટેટ પ્લાનિંગ વચ્ચે તફાવત**

એસ્ટેટ પ્લાનિંગ વિશે વાત કરીએ ત્યારે સહજ રીતે વસિયતનામું યાદ આવી જાય. આથી અહીં એ બન્ને વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો જરૂરી છે. એ બન્નેનો ઉદ્દેશ્ય લગભગ સમાન છે, પરંતુ અર્થ વેગળા છે. વસિયતનામું એસ્ટેટ પ્લાનિંગનો જ એક ભાગ છે. આમ, એસ્ટેટ પ્લાનિંગ વસિયતનામું બનાવવા ઉપરાંત બીજી અનેક બાબતને આવરી લે છે.



એ બન્ને વચ્ચેનો મોટો તફાવત એ છે કે વસિયતનામું ટેસ્ટેટરના અવસાન પછી જ લાગુ પડે છે, જ્યારે એસ્ટેટ પ્લાનિંગ એના રચયિતાની હયાતિમાં પણ લાગુ પડી શકે છે. તેનું કારણ એ છે કે એસ્ટેટ પ્લાનિંગમાં વ્યક્તિ અક્ષમ થઈ જાય એ સ્થિતિને પણ આવરી લેવામાં આવે છે.

આમ વસિયતનામું એક કાનૂની દસ્તાવેજ છે, જ્યારે એસ્ટેટ પ્લાનમાં અનેક કાનૂની દસ્તાવેજો આવી જાય છે, જેમ કે ટ્રસ્ટ, ગિફ્ટ ડીડ, પાવર ઑફ ઍટર્ની, વગેરે. વસિયતનામામાં જે વસ્તુઓ આવરી લેવાઈ ન હોય એ બધી જ એસ્ટેટ પ્લાનમાં આવી જાય છે. વળી, એસ્ટેટ પ્લાનિંગ કાનૂની દસ્તાવેજો સિવાયની પણ અનેક બાબતોને આવરી લે છે. એસ્ટેટ પ્લાનિંગ કરનાર વ્યક્તિ જીવંત હોય, પરંતુ શારીરિક રીતે અક્ષમ થઈ જાય ત્યારે એમના આરોગ્યને લગતા નિર્ણયો કોણ લેશે એ પણ પ્લાનમાં નક્કી કરેલું હોય છે. મૃત્યુ બાદ ઍસેટ્સની વહેંચણી કેવી રીતે થશે એ બાબત પણ તેમાં આવી જાય છે.

**કોઈ વ્યક્તિ વસિયતનામું બનાવ્યા વગર અવસાન પામે તો...**

જો આવી કોઈ પરિસ્થિતિ સર્જાય કોઈ વ્યક્તિ એમની મિલકતની વહેંચણી એમને લાગુ પડતા સક્સેશન લો એટલે કે વારસા કાયદાની જોગવાઈઓ મુજબ કરવામાં આવે છે.

ભારતમાં હિન્દુ, શીખ અને જૈન ધર્મના લોકોને હિન્દુ સક્સેશન ઍક્ટ, ૧૯૫૬ લાગુ પડે છે. મુસ્લિમોને મુસ્લિમ પર્સનલ લો (શરિયત) ઍપ્લિકેશન ઍક્ટ, ૧૯૩૭ અને ખ્રિસ્તીઓ, પારસીઓ તથા યહૂદીઓને ઇન્ડિયન સક્સેશન ઍક્ટ, ૧૯૨૫ લાગુ પડે છે.

જ્યારે આ કાયદાઓ અનુસાર ઍસેટ્સની વહેંચણી કરવામાં આવે ત્યારે વ્યક્તિએ પોતાની રીતે કરી હોય એ પ્રમાણે વહેંચણી થતી નથી. આથી નાણાકીય આયોજન કરવામાં આવે ત્યારે એસ્ટેટ પ્લાનિંગ પણ કરી લેવું જોઈએ.

**એસ્ટેટ પ્લાનિંગનો હેતુ**

એસ્ટેટ પ્લાનિંગ કરવાનો હેતુ પોતાની ઈચ્છા મુજબ પરિવારજનોમાં મિલકતની વહેંચણી કરવાનો હોય છે. કાયદા મુજબ થાય એના કરતાં પોતાની ઈચ્છા અનુસાર વહેંચણી થાય એ કોઈને પણ વધારે ગમે. અહીં એસ્ટેટ પ્લાનિંગ કરવા પાછળના અમુક ઉદ્દેશ દર્શાવવામાં આવ્યા છે, જેમકે...

૧) વાદવિવાદ ને વિલંબને ટાળવા માટે: ઍસેટ્સની વહેંચણી લાભાર્થીઓમાં કોઈ પણ વાદવિવાદ કે વિલંબ વગર કરી શકાય એ માટે વૈધ એસ્ટેટ પ્લાનિંગ આવશ્યક છે. તમારાં સ્વજનોનાં હિત એમાં સચવાઈ જાય છે. તમારી ગેરહાજરીમાં સ્વજનોએ કોઈ પણ રીતે સહન કરવું પડે નહીં એ સુનિશ્ચિત કરવા માટે એસ્ટેટ પ્લાનિંગ કરવામાં આવે છે. એ સારી રીતે થયું હોય તો પરિવારજનો વચ્ચે કોઈ મતભેદ કે કડવાશને અવકાશ રહેતો નથી.

૨) પોતાની ઈચ્છા અનુસારની ફાળવણી કરવા માટે: તમે જાતે જ એસ્ટેટ પ્લાનિંગ કરી જાઓ તો કાયદો વચ્ચે લાવવો પડતો નથી. તમે પોતાને પસંદ હોય એ રીતે એસ્ટેટની વહેંચણી કરી શકો છો. જે વ્યક્તિ વિશ્વાસુ અને સક્ષમ હોય એને તમે પોતાના હાથે જ કારભાર સોંપતા હોય એ પ્રકારનું આ કાર્ય છે. તમારા અવસાન પછી સંપત્તિની કાળજી કોણ લેશે, નાણાંનું સંચાલન કોણ કરશે અને બાકીના પરિવારજનોને કેટલા પ્રમાણમાં વહેંચણી કરવામાં આવશે એ બધું તમે જાતે જ નક્કી કરી શકો છો. કોઈને વધુ જરૂર છે એવું તમને લાગે તો તમે એમના માટે વધારે ફાળવણી કરી શકો છો.

૩) કરવેરાની બચત કરવા માટે: એસ્ટેટ પ્લાનિંગ કરી દેવાથી તમારાં સ્વજનો વાદવિવાદથી બચી જવા ઉપરાંત કરવેરાની બચત પણ કરી શકે છે. એસ્ટેટના કરવેરાની આકારણી મૃતક વ્યક્તિ માટે થાય છે અને તેના આધારે જ ચુકવણી કરવાની હોય છે, જ્યારે કાયદા મુજબ વહેંચણી થાય ત્યારે ઇનહેરિટન્સ ટેક્સ લાગુ પડે છે અને તેની ચુકવણી લાભાર્થીઓએ કરવાની હોય છે. એસ્ટેટ પ્લાનિંગ અનુસાર ઍસેટ્સની ટ્રાન્સફર થાય તો સ્ટેમ્પ ડ્યૂટી ભરવામાંથી બચી જવાય છે. જોકે, અહીં નોંધવું ઘટે કે ભારતમાં હાલ એસ્ટેટ ટેક્સ અને ઇનહેરિટન્સ ટેક્સ લાગુ પડતા નથી. આવકવેરા ધારો કહે છે કે વસિયતનામા અનુસાર અથવા વારસામાં અથવા કરદાતાના મૃત્યુના સંજોગોમાં સ્થાવર કે જંગમ મિલકત પ્રાપ્ત થાય તો તેને કરવેરામાંથી મુક્ત ગણવામાં આવે છે.

**જાણવા જેવું....**

*ભારતમાં ૧૯૮૫ પહેલાં ઇનહેરિટન્સ ટેક્સ લાગુ હતો. પહેલાંના દિવસોમાં હોલ લાઇફ ઇન્સ્યોરન્સ પોલિસીની રચના કરવેરા ભર્યા વગર એસ્ટેટ વારસદારોને મળે એવી પ્રોડક્ટ તરીકે જ કરવામાં આવી હતી. ઇનહેરિટન્સ ટેક્સ નાબૂદ કરવામાં આવ્યો એની પહેલાં મિલકતના મૂલ્યના ૧૦થી ૮૫ ટકા સુધીની રકમ જેટલો કરવેરો લાગુ થતો હતો. આટલો મોટો કરવેરો ચૂકવવો ન પડે એ માટે લોકોએ હોલ લાઇફ ઇન્સ્યોરન્સ પોલિસી લેવાનું શરૂ કર્યું હતું. લોકો આ પોલિસી દ્વારા પોતાનાં નાણાં વારસદારોને મળે એવી જોગવાઈ કરતા હતા.*

*વારસો આપવા માટેનો બીજો એક વિકલ્પ સંયુક્ત માલિકીનો છે. તમારી હયાતિમાં તમે આઇધર ઓર સર્વાઇવર વિકલ્પનો ઉપયોગ કરી શકો છો.*

એસ્ટેટ પ્લાનિંગ વિશેની વધુ કેટલીક વાતો હવે પછીના પખવાડિયે કરીશું.... ■

## આરોગ્ય એક્સપ્રેસ

feedback@bombaysamachar.com
રાજેશ યાજ્ઞિક

# ત્વચાનો રંગ બદલી નાખતો રોગ વિટિલિગો





**વિટિલિગો** (ઉચ્ચારણ 'વિટ-ઇલ-આઇ-ગો' ) જે પાંડુરોગ તરીકે પણ ઓળખાય છે. એ ત્વચાની એક એવી સ્થિતિ છે જેમાં તમારી ત્વચા તેનો રંગ અથવા રંગદ્રવ્ય ગુમાવે છે. આના કારણે તમારી ત્વચા તેના કુદરતી રંગ કરતાં હળવી દેખાય છે અથવા સફેદ થઈ જાય છે.

તમારી ત્વચાના જે જે વિસ્તાર તેના રંગદ્રવ્ય ગુમાવે છે તને 'મેક્યુલ્સ' કહેવામાં આવે છે. જો તે ૧ સેન્ટિમીટરથી ઓછા પહોળા હોય, અથવા જો તે ૧ સેન્ટિમીટરથી મોટા હોય તો પેચ કહેવામાં આવે છે. શરીરના જે ભાગ પર વાળ હોય ત્યાં જો વિટિલિગો થાય તો તમારા વાળ સફેદ કે ચાંદી જેવા રંગના થઈ શકે છે. તે સામાન્ય રીતે તમારા હાથ, પગ અને ચહેરા પર શરૂ થાય છે. વૈશ્વિક સ્તરે, લગભગ ૧% વસતિ પાંડુરોગથી પીડાય છે.

આ સ્થિતિ ત્યારે થાય છે જ્યારે તમારા શરીરની રોગપ્રતિકારક શક્તિ મેલાનોસાઇટ્સનો નાશ કરે છે. મેલાનોસાઇટ્સ એ ત્વચાના કોષો છે જે મેલાનિન ઉત્પન્ન કરે છે, જે રસાયણ ત્વચાને રંગ આપે છે અથવા રંગદ્રવ્ય આપે છે.

વિટિલિગોનું કારણ સ્પષ્ટ નથી, પરંતુ તે એક સ્વયંપ્રતિરક્ષા (ઓટોઈમ્યુન) વિકાર હોવાનું માનવામાં આવે છે, જ્યાં તમારી રોગપ્રતિકારક શક્તિ રંગદ્રવ્ય બનાવતા કોષો પર હુમલો કરે છે. વિટિલિગોનાં કારણો વિશે વધુ જાણવા માટે સંશોધન ચાલુ છે,

અત્યાર સુધીના વિવિધ અભ્યાસ દર્શાવે છે કે લગભગ ૩૦% વિટિલિગોના કેસો આનુવંશિક હોય છે. આનો અર્થ એ છે કે આ સ્થિતિ વારસાગત છે અને તમને તમારા જૈવિક પરિવારમાંથી વિટિલિગો વારસામાં મળી શકે છે. ક્યારેક, ત્વચા પર ઈજા, ભાવનાત્મક પરિબળો અથવા તણાવને કારણે વિટિલિગો વધુ ખરાબ થઈ શકે છે.

**વિટિલિગોના વિવિધ પ્રકારો કયા છે?**

**વિટિલિગોના ૪ મુખ્ય પ્રકાર છે:**

* નોન-સેગમેન્ટલ વિટિલિગો સપ્રમાણ હોય છે એટલે કે તે સામાન્ય રીતે શરીરની બંને બાજુએ અને શરીરના એક સરખા અંગ પર જોવા મળે છે.

* સેગમેન્ટલ વિટિલિગો સામાન્ય રીતે બાળપણમાં થાય છે અને ત્વચાના ફક્ત એક જ વિસ્તારને અસર કરે છે.

* મિશ્ર વિટિલિગો એ સેગમેન્ટલ અને સેગમેન્ટલ વિટિલિગોનું મિશ્રણ છે અને તે દુર્લભ છે.

અવર્ગીકૃત વિટિલિગોના૩ પેટા પ્રકાર છે: પંકટેટ, ફોલિક્યુલર અને હાઇપોક્રોમિક.

**શું વિટિલિગોથી અન્ય તકલીફો થઇ શકે?**

આમ તો વિટિલિગો મુખ્યત્વે એક કોસ્મેટિક સ્થિતિ છે, પરંતુ તેના કારણે કેટલીક ગૂંચવણો ઊભી થઇ શકે છે.

**સંવેદનશીલ ત્વચા:** તમારી ત્વચાના જે ભાગમાં મેક્યુલ્સ અને પેચમાં મેલાનોસાઇટ્સનો અભાવ હોય છે તે તમારી ત્વચાના બાકીના ભાગ કરતાં સૂર્યપ્રકાશ પ્રત્યે વધુ સંવેદનશીલ હોઈ શકે છે. આનાથી તમારી ત્વચા ટેન થવાને બદલે ઝડપથી બળી શકે છે.

**આંખની અસામાન્યતાઓ:** વિટિલિગો ધરાવતા લોકોના રેટિનામાં (આંખનો આંતરિક સ્તર જેમાં પ્રકાશ-સંવેદનશીલ કોષો હોય છે) કેટલીક અસામાન્યતાઓ અને તેમના આઇરિસ (આંખનો રંગીન ભાગ)માં રંગમાં થોડો ફેરફાર હોઈ શકે છે.

કેટલાક કિસ્સાઓમાં, રેટિના અથવા આઇરિસમાં બળતરા થાય છે, પરંતુ દ્રષ્ટિ સામાન્ય રીતે પ્રભાવિત થતી નથી.

વિટિલિગો ધરાવતા લોકોને અન્ય સ્વયંપ્રતિરક્ષા રોગો થવાની શક્યતા વધુ હોય છે જે તેમના શરીરની રોગપ્રતિકારક શક્તિ કેવી રીતે કાર્ય કરે છે તેના પર અસર કરે છે. સામાન્ય સ્વયંપ્રતિરક્ષા રોગોમાં હાઇપોથાઇરોડિઝમ, ડાયાબિટીસ અને એનિમિયાનો સમાવેશ થાય છે. વિટિલિગોથી પીડાતા લોકો તેમની ત્વચાના દેખાવ અંગે ક્ષોભ અનુભવી શકે છે. વિટિલિગોનું નિદાન થયેલા કેટલાક લોકોમાં આત્મસન્માન ઓછું થાય છે. આ ચિંતા અથવા હતાશાનું કારણ બની શકે છે.

વિટિલિગો માટે કેટલાક સારવાર વિકલ્પ છે, પરંતુ સારવાર ધીમી હોઈ શકે છે અને વિટિલિગોવાળા વિસ્તારોને સંપૂર્ણપણે સમાન ત્વચાના રંગ સાથે મેળ બેસતો નથી:

અસરગ્રસ્ત વિસ્તારોને છુપાવવા માટે મેકઅપ અને રંગોનો ઉપયોગ કરીશ શકાય.

બળતરા ઘટાડવા, રંગદ્રવ્ય કોષોનો નાશ કરવા અથવા પડોશી કોષોને વધુ રંગદ્રવ્ય ઉત્પન્ન કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે સારવારનો ઉપયોગ કરવો. જેમાં અહીં દર્શાવેલા ઉપાય સામેલ છે, જેમકે...

* ત્વચા પર લગાવવામાં આવતી કોર્ટિસોન ક્રીમ અથવા મલમ

* પ્રકાશ ઉપચાર (લાઈટ થેરપી)

* પ્રકાશના સંપર્કમાં આવતી વખતે વપરાતું ક્રીમ, દવાઓ (જેમ કે ટેક્રોલિમસ, પિમેક્રોલિમસ અથવા કેલ્સીપોટ્રિઓલ)

* રી-પિગમેન્ટેશન શસ્ત્રક્રિયાનો ઉપયોગ કરીને તમારા પોતાના રંગદ્રવ્ય કોષોને વિટિલિગોથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થાનાંતરિત કરે છે.

* ડિપિગમેન્ટેશન, જેમાં જો તમને વ્યાપક વિટિલિગો હોય તો ત્વચાનો રંગ સુસંગત બનાવવા માટે અસરગ્રસ્ત ત્વચાના બાકીના વિસ્તારોમાંથી રંગદ્રવ્ય દૂર કરવાનો સમાવેશ થાય છે.

વિટિલિગો એ ચામડીનો સામાન્ય રોગ છે. તે સ્પર્શથી ફેલાતો નથી. તે સાથે રહેવાથી, ખાવાથી કે પીવાથી ફેલાતો નથી. તેમ જ તે સામાજિક જોડાણો દ્વારા ફેલાતો નથી. તેની સારવાર માટે આજે ઘણી આધુનિક પદ્ધતિઓ ઉપલબ્ધ છે, જેમ કે લેસર, ફોટોથેરાપી અને મેલાનોસાઇટ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી. યોગ્ય સમયે યોગ્ય સારવારથી આ રોગનું નિદાન શક્ય છે. જો તમને વિટિલિગો પરેશાન કરે છે તો ત્વચારોગ નિષ્ણાત તમને સારવાર અને સંચાલન કરવામાં મદદ કરી શકે છે. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# ઊંચાઇ - હાઇટ વધારવાની મથામણ...




**વ્યક્તિત્વ** (પર્સનાલિટી)ને આકર્ષક બનાવવા આત્મવિશ્વાસ, સકારાત્મક દૃષ્ટિકોણ, પ્રભાવી સંચાર કૌશલને આંતરિક રીતે વિકસિત કરવું પડે છે. તેમ બાહ્ય વ્યક્તિત્વ (પર્સનાલિટી) માટે આકર્ષક શારીરિક ઊંચાઇનું મહત્ત્વ આજના યુગમાં વધુ જણાઇ રહ્યું છે. શારીરિક ઊંચાઇ (હાઇટ) એ વ્યક્તિના શારીરિક સ્વાસ્થ્યનું એક મહત્ત્વનું પાસું છે. ઊંચાઇ વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. વ્યક્તિની ઊંચાઇ એ લોકોમાં પણ આકર્ષક પ્રભાવ પાડે છે. ઊંચાઇ વધારવા માટે લોકો ઘણાં અખતરા કરે છે. ઘણી દવાઓનો સહારો લે છે. નાની વયમાં જો આની પર ધ્યાન આપવામાં આવે તો સફળતા મળી શકે છે. શારીરિક ઊંચાઇ બહુ જ વધારે કે ઓછી તે આપણને માતા-પિતા પાસેથી મળેલા જીનના આધારે હોય છે.

સૌથી પહેલા આપણને ખબર હોવી જોઇએ કે આપણે ઊંચાઇ (હાઇટ) જેનેટીક પર નિર્ભર છે. જેનેટીક એટલે કે આપણું શરીર બિલિયંસ ઓફ ટ્રીલિયંસ સેલથી બનેલું છે. સેલની અંદર ન્યૂક્લિયસ હોય છે. આ ન્યૂક્લિયલની અંદર ક્રોમોસોમ છે. આ ક્રોમોસોમની જેમ જેમ અંદર જઇએ તેમ તેમાં ડી.એન.એ.નો અર્થ ડીઓકસી રાઇબોન્યૂક્લિક એસિડ જે એક અણુ છે. જેમાં જીવવિકાસ અને કાર્ય પ્રણાલી માટે આનુવંશિક જાણકારી છે. માતા-પિતાથી સંતાનોમાં આનુવંશિક જાણકારીનો સંચાર ડી.એન.એ.ના માધ્યમથી થાય છે. જેનાથી ત્વચાનો રંગ ઊંચાઇ (હાઇટ) વાળ વગેરે જેવી બાબતો નક્કી થાય છે. માતા-પિતાની ઊંચાઇ (હાઇટ) વધુ હોય પણ સંતાનોની ન હોય અથવા વધુ હોય. ઘણીવાર ઘરમાં બધાં સંતાનોની હાઇટ અલગ અલગ હોય. આ જીનના અપ્રભાવ કે પ્રભાવને કારણે થાય છે.

આપણા માથામાં (હેડ)ની અંદર સ્કલ છે. સ્કલની અંદર પોલાણ (કેવીટી) છે. આ પોલાણમાં એક ગ્રંથિ છે. જેને પીયૂષ (પિટ્યુટરી) ગ્રંથિ કહેવાય છે. આ ગ્રંથિમાંથી ગ્રોથ હાર્મોન (જી.એચ.) નીકળે છે. જે આપણાં શરીરનું ગ્રોથ (વિકાસ) કરે છે. આ મસ્તિષ્કના મધ્યભાગમાં થેલેમસના નીચે અને પિટ્યુટરી ગ્રંથિની ઉપર હાયપો થેલેમસ ગ્રંથિ જે વટાણા કે બદામ આકારની છે. જે આપણા દુઃખ-સુખ, લાગણી તાપમાન, ભૂખ, તરસ, નિંદર અને હાર્મોન ઉત્પાદનને નિયંત્રિત કરે છે. આ ગ્રંથિ લોહી દ્વારા પૂરા શરીરમાં ગ્રોથ હાર્મોન (જીએચ) પહોંચાડે છે. ગ્રોથ હાર્મોન જેટલો સ્વસ્થ હોય તેટલો આપણો વિકાસ સારો થાય. એ બહુ વધી જતાં (ઊંચાઇ હાઇટ) મહાકાય જેવી થાય બહુ જ ઓછો થાય તો વ્યક્તિ ઠીંગણા બની જાય છે. કોઇ એક રોગગ્રસ્ત કે કોઇ વ્યાધિ હોય તો તે સંતાન માટેના વિકાસ માટે પોતે સ્વસ્થ રહેવું જરૂરી છે. કોઇ એક રોગગ્રસ્ત કે કોઇ વ્યાધિ હોય તો તે સંતાનના શારીરિક વિકાસ ખરાબ પરિણામ આપે છે.

શારીરિક ઊંચાઇ (હાઇટ) માટે હાડકાંની અંદર આવેલી એપીફિજિયલ પ્લેટ્સ જવાબદાર છે જે શારીરિક ઊંચાઇ માટે હાડકાંથી વિનિયમિત (રેગ્યુલેટ) થાય છે. શરીરનું જે લાંબા હાડકું (લોંગબોન) એના બન્ને કિનારા પર એક એપીફિજિયલ પ્લેટ્સ પર હાર્મોનનો પ્રભાવ



હોય છે. હાર્મોન દ્વારા તે એન્ડોકોન્ડલ ઓસિફિકેશન નામક પ્રક્રિયાના માધ્યમથી નવા હાડકાનું નિર્માણ કરે છે. જેના કારણે હાડકાંની લંબાઇ વધે છે અને અંતતઃ આ બંધ થઇ જાય છે. એટલે કે અઢાર વર્ષની ઉંમર પછી તે પ્લેટસ બંધ થઇ જાય છે જેથી ઊંચાઇ (હાઇટ) વધવાને બંધ થાય છે.

શારીરિક ઊંચાઇ વધારવા જો અઢાર વર્ષ કે એપીફિજીયલ પ્લેટ્સ બંધ થાય એ પહેલા કરવામાં આવે તો થોડી ઘણી સફળતા મળે છે. શારીરિક ઊંચાઇ વધારવા લોકો ઘણી મથામણ કરે છે. જાતજાતની દવાઓ, જડબૂટીઓના પ્રયોગ, ઊંચાઇ પર હાથથી લટકવું તે કાંસાની વાટકીથી પગમાં માલિશ કરવી અથવા તાવીજ બાંધવું, ઝાડપોત કરાવવું વગેરે ભ્રામક છે. ઊંચાઇ આ પ્રયોગોથી વધતી નથી. પ્રોટીન પાઉડર, દવાઓ લઇને લોકોને વધુ મુશ્કેલી થાય છે અને બીમાર પડે છે. નાનપણમાં જો માતા-પિતા ખ્યાલ રાખે કે મારા સંતાનની ઊંચાઇ સામાન્ય નથી. ત્યારથી જો હાર્મોનના વિકાસ પર ધ્યાન આપવામાં આવે તો થોડી સફળતા મળે છે.

શરૂઆતથી જ જો ખાવાપીવાની ટેવમાં સુધાર કરવો, પોષણ યુક્ત ખોરાક લેવો જે સ્વાસ્થ્ય માટે જરૂરી છે. જેથી શારીરિક ઊંચાઇ વધારવામાં મદદ કરે છે. કેલ્શ્યિમ યુક્ત આહાર લેવો જે હાડકાંના બંધારણ માટે કે મજબૂતી માટે જરૂરી છે. ખોરાકમાં સંતરા, કેળા, કાચું પપૈયું, પાકુ પપૈયું, સફરજન, પેર, ઓર્ગેનિક દ્રાક્ષ, ખારેક (લાલ-પીળી)જે તાજી હોય છે. સૂકી ખારેક, ખજૂર, મલબેરી, જરદાળુ, ચીલગોમા, આમળા, નાળિયેરનું દૂધ, કાજુના ફળનો રસ, મોલેસીસ, તલ, મસૂર બધી જ લીલા પાંદડાવાળી વનસ્પતિ કે ભાજી. નાગરવેલના પાન, સરગવાના ફૂલ, પરપલ કરવંદા, કમળના મૂળ, બાંબૂ શટ્સ, ઘઉંનું થૂલૂ, વિટામિન-ડી યુક્ત આહાર-દૂધ, પનીર, મશરૂમ, વટાણાનું તેલ, સિંગદાણા, બધી જાતના સૂકા મેવા. ઘરે બનાવેલું માખણ.

પ્રોટીનનું સેવન વધારવું (અતિ નહિ) તેમ જ ઝીંક, મિનરલ્સ લેવું જે ફણગાવેલા કઠોળ, આખા અનાજમાં મળી રહે છે.

થોડી શારીરિક કસરતો જે શરીર નાઇટ્રીક ઓકસીડનું પ્રમાણ વધારે છે. જેથી શરીરનો બાંધો મજબૂત થાય છે. સાથે સાથે ગ્રોથ હાર્મોનનો વધારો થાય છે.

સાકર કે અન્ય મીઠાશવાળા પદાર્થો કે મીઠાઇના સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવો. નહીં તો એચ.જી.એચ.નું ઉત્પાદન કરવાવાળા ન્યુરોનનું કામ બગડી જશે. કેફેનવાળા ન્યુરોનનું કામ બગડી જશે. કેફેનવાળા પદાર્થોમાં સાકરનું પ્રમાણ મોટા પ્રમાણમાં હોય છે, જે ઇન્સુલિનનું પ્રમાણ વધારી દે છે. તેથી પણ ન્યુરોનનું કામ કરવાની ક્ષમતા ખોરવાઇ જાય છે. જેના માતા-પિતા વધુ પડતા મીઠાઇવાળા પદાર્થ તેમ જ કેફેનનું સેવન કરે છે. તેના હાર્મોન ખરાબ થાય છે. જેથી સંતાનોનો વિકાસ નબળો જ હોય છે.

શરીરના ફેટનું ગ્રોથ હાર્મોન ઉત્પાદનના સીધો સંપર્ક છે. જે બાળકો નાની વયમાં જ ફેટ વધુ હોય તો તેના વિકાસ નથી થતો કારણ હાર્મોનનું પ્રમાણ ઘટી જાય છે. શારીરિક ઊંચાઇ એ આનુવંશિક છે. તેનાથી છેડછાડ કરવી એ યોગ્ય નથી. ઘણા ઓપરેશનનો સહારો લે છે. આ એક ખૂબ જ મોંઘી અને જટીલ પ્રક્રિયા છે. બજારૂ દવાઓ તેમ જ ચપ્પલ કે બૂટની અંદર એક પ્લેટ બેસાડીને ઊંચાઇ વધારશું. એકયુપ્રેશર વાળી પ્લેટ બેસાડીને ઊંચાઇ વધારશું, એકયુપ્રેશરવાળી પ્લેટસ બેસાડીને હાઇટ વધી જશે એ પણ એક ભ્રામક બાબત છે. ભગવાને જે પ્રમાણે આપણને બનાવી મોકલ્યા છે તેમાં ખુશ રહેવું. શરૂઆતથી જ માતા-પિતા સંતાનો માટે ધ્યાન આપે. પ્રાકૃતિક ખોરાકનું સેવન કરે એ જ યોગ્ય છે. કુદરતી રીતે હાઇટ વધવી એ જ સાચી બાબત છે. મારી પાસે દવાઓ ખાઇને આવતા લોકોની મેં ખરાબ હાલત જોઇ છે. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# યોગાભ્યાસનું ધ્યેય આધ્યાત્મિક વિકાસ છે



ગુણોની પ્રવૃતિનો હેતુ પુરુષનો ભોગ અને અપવર્ગ બને છે. પુરુષ ભોગમાંથી મુક્ત થયો છે અને તેની મુક્તિ પણ સિદ્ધ થઈ છે. તેથી ગુણો માટે કોઈ પુરુષાર્થ કરવાનો બાકી રહેતો નથી. આમ હોવાથી ગુણો પ્રતિપ્રસવ દ્વારા પોતાના કારણમાં - અવ્યક્ત પ્રકૃતિમાં લીન બને છે. અને ચિતિશક્તિ એટલે કે પુરુષ પોતાના નિજસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય છે.

૬.સમાપનઃ

અધ્યાત્મનાં અનેક સ્વરૂપો છે. તે પ્રમાણે અંતરંગ અધ્યાત્મનાં પણ અનેક સ્વરૂપો છે.

સત્ય તો એક અને અદ્વિતીય છે. અધ્યાત્મપથની કેન્દ્રસ્થ હકીકત પણ એક જ છે, પરંતુ અભિવ્યક્તિના સ્વરૂપમાં ભિન્નતા છે. પ્રત્યેકમાં વર્ગીકરણ, સોપાનશ્રેણી, પરિભાષા ભિન્ન ભિન્ન છે. જે સૂચવવું છે, તે તો સર્વત્ર એક જ છે; પરંતુ સૂચવવાની પદ્ધતિઓ ભિન્ન ભિન્ન છે. યૌગિક અંતરંગ અધ્યાત્મ અર્થાત્ અંતરંગ યોગનું સ્વરૂપ આ પ્રમાણે છે. અધ્યાત્મના વેદાંત, ભક્તિ આદિ અન્ય અનેક સ્વરૂપો છે. તેમની અભિવ્યક્તિની પદ્ધતિ ભિન્ન હોય તે સ્વાભાવિક છે.

આ ભિન્નતા જોઈને દ્વિધામાં પડી જવું આવશ્યક નથી અને વિવાદમાં ઊતરવું પણ આવશ્યક નથી. એક સાચું અને અન્ય ખોટું, એવું પણ નથી.

અધ્યાત્મપથનાં અનેક સ્વરૂપો છે. અભિવ્યક્તિની અનેક પદ્ધતિઓ છે. સૌ પોતપોતાના સ્થાને બરાબર છે, તેમ માનીને તેમ સમજીને અન્યોન્ય સદ્ભાવ જાળવી રાખવો તે જ ડહાપણનો માર્ગ છે.

એક જ પર્વતની ટોચ પર પહોંચવાના અનેક માર્ગો હોઈ શકે છે. પ્રત્યેક માર્ગ ટોચ પર જ પહોંચાડે છે. આમ છતાં પ્રત્યેક માર્ગના સ્વરૂપમાં થોડી ભિન્નતા પણ હોવાની જ. ભિન્નતા પ્રત્યે જ ધ્યાન આપવા કરતાં સમાનતા પ્રત્યે ધ્યાન રાખવું અને સમાન ઉદ્દેશને આત્મસાત્ કરવો તે જ યથાર્થ દૃષ્ટિકોણ છે. આમ છતાં નોંધનીય છે કે યોગપથમાં શાસ્ત્રીયતા, પદ્ધતિસરતા અને નિશ્ચિત સોપાન શ્રેણીનું વિશદ્ વર્ણન અન્ય પથની તુલનાએ વધુ સ્પષ્ટ અને વધુ ચોક્કસ છે, એ તો સર્વસ્વીકૃત સત્ય છે.

યોગાભ્યાસ

પ્રત્યેક અધ્યાત્મપથને પોતાની શિસ્ત હોય છે; પોતાનું વિશિષ્ટ સ્વરૂપ હોય છે અને તદ્નુરૂપ સાધનપદ્ધતિ હોય છે, જે અધ્યાત્મપથનું અનુસરણ કરીએ તેની શિસ્ત અને તેની સાધન-પદ્ધતિને તદનુરૂપ જીવનપદ્ધતિ અને સાધન-પદ્ધતિનું અનુસરણ કરવું જોઈએ. જે ઘડામાં કાણું હોય તે ઘડામાં સતત પાણી રેડવામાં આવે તો પણ ઘડો ભરી શકાતો નથી; તે જ રીતે જે તે સાધન પદ્ધતિની શિસ્ત અને સાધનપદ્ધતિનું યથાયોગ્ય પાલન ન કરવામાં આવે તો તે સાધન-પદ્ધતિ ફળીભૂત થતી નથી.

યોગમાર્ગ પણ એક અધ્યાત્મપથ છે. યોગમાર્ગના પથિકે અનેક રીતે જાગૃત રહેવાનું હોય છે. પૂરી સમજના અભાવમાં સાધક ખોટા માર્ગે ચડી જાય, રોગનો ભોગ બની જાય કે પ્રગતિ ન કરી શકે અને પરિણામે વૈફલ્ય અનુભવે એવું ઘણીવાર જોવા મળે છે.

અહીં યોગપથના પથિક માટે આવશ્યક માર્ગદર્શન પ્રસ્તુત છે. અહીં યોગાભ્યાસની મૂળભૂત શિસ્ત આપવામાં આવે છેઃ

૧. યોગાભ્યાસનું ધ્યેય આધ્યાત્મિક વિકાસ છે. સાધકે પોતાનું આ ધ્યેય સતત દૃષ્ટિ સમક્ષ રાખવું જોઈએ. સાધકે સતત જાગૃત રહેવું જોઈએ કે યોગાભ્યાસ આ દિશા તરફ સતત આગળ વધી રહ્યો છે કે નહિ!

૨. સાધકે માત્ર યૌગિક ક્રિયાઓમાં જ રચ્યાપચ્યા રહેવું નહિ. ઈશ્વર પ્રણિધાન, નામજપ, મંત્રસાધન, પૂજા, હોમ, પાઠ, સ્વાધ્યાય આદિ સાધનોનો યથાયોગ્ય સહારો લેવો જોઈએ.

૩. કોઈ પણ સાધનપથના બે પ્રધાન વિભાગો હોય છે- બહિરંગ સાધન અને અંતરંગ સાધન. બહિરંગનો સર્વથા ત્યાગ કરી અંતરંગ સાધનથી જ પ્રારંભ કરવો તે અપવાદરૂપ કિસ્સાઓ સિવાય ઉચિત નથી. બહિરંગ સાધનના પર્યાપ્ત અભ્યાસથી જ અંતરંગ સાધનમાં પ્રવેશ થાય છે. જીવનભર માત્ર બહિરંગ સાધનમાં જ રમમાણ રહેવું અને અંતરંગ સાધનમાં પ્રવેશવું જ નહિ, તે પણ ઉચિત નથી. બંનેના પ્રમાણનો વિવેક જાળવવો જોઈએ. આખરે તો બહિરંગ સાધન અંતરંગ સાધનમાં પ્રવેશ માટે છે. અંતરંગ સાધનમાં પ્રવેશ થાય પછી બહિરંગ સાધન ધીમે ધીમે ઘટતું જવું જોઈએ અને અંતરંગનો અભ્યાસ વધારવો જોઈએ.

પ્રમાણભાન અને સાધ્ય-સાધન વિવેક જાળવવા જોઈએ.

૪. કોઈ પણ સાધના ગમે તેટલી સઘન, સંનિષ્ઠ અને સમર્થ હોય તો પણ ભગવત્ પ્રાપ્તિ માટે સ્વયં પર્યાપ્ત નથી. આખરે તો ભગવત્ કૃપાથી જ ભગવત્ પ્રાપ્તિ થાય છે. પોતાના અને પોતાની સાધનાના સામર્થ્યથી પરમને પામી શકાય નહિ. પોતાની સાધનાના બળ પર મુસ્તાક રહેવું તે ગંભીર ભૂલ છે. સાધકે ભગવત્ કૃપાના પ્રાર્થી અને ભગવત્-કૃપાભિમુખ રહેવું જોઈએ. જે કાંઈ સાધન કરીએ છીએ તે ભગવાનની કૃપાથી કરીએ છીએ અને ધ્યેયસિદ્ધિ પણ તેની કૃપાથી જ થશે એમ સમજવું.

૫. સમર્પણ રાજમાર્ગ છે. ભગવાન પ્રત્યે સમર્પણભાવ રાખવો; પરંતુ સમર્પણ શૈથિલ્ય નથી. ભગવત્-કૃપા કે સમર્પણભાવને નામે શૈથિલ્યમાં સરી પડવું નહિ.

૬. પુસ્તકો વાંચીને માત્ર તેના જ આધારે યોગાભ્યાસ ન કરવો. યોગ્ય ગુરુના માર્ગદર્શન પ્રમાણે યોગાભ્યાસ કરવો જોઈએ. પુસ્તકો ગમે તેટલાં સારાં હોય તો પણ ગુરુનો વિકલ્પ બની શકે નહિ. પુસ્તક દ્વારા બધી જ બાબતો સમજી શકાય તેમ નથી. એટલે જો માત્ર પુસ્તકોના આધારે જ યોગાભ્યાસ કરવામાં આવે તો ભૂલો થવાનો ઘણો સંભવ છે. ભૂલભરેલા યોગાભ્યાસથી ધ્યેય સિદ્ધ ન થાય અને વધારામાં શરીર-મનના સ્વાસ્થ્યને હાનિ પહોંચે તેવો સંભવ છે.

૭. સાધકે સ્વાધ્યાયપ્રિય રહેવું જોઈએ. વિદ્વતા માટે નહિ, પરંતુ સમજ, વિવેક અને પ્રેરણા માટે સ્વાધ્યાય ઉપયોગી સાધન છે. અધ્યાત્મ વિષયક ઉત્તમ અને પ્રમાણભૂત ગ્રંથોનો સ્વાધ્યાય સાધનામાં અનેક રીતે સહાયક બની શકે તેમ છે. સાધકે પુસ્તકિયા કીડા બનવાનું નથી કે વિદ્વતાને રવાડે ચડવાનું નથી, પરંતુ સ્વાધ્યાય માત્ર વિદ્વાનો માટે છે અને સાધકો માટે નથી, એમ પણ સમજવાનું નથી. અણઘડ, અભણ કે બાઘા રહેવું તે સાધનામાં કોઈ પણ રીતે ઉપકારક નથી.

૮. સાધકે અણઘડ ગુરુ કે અણઘડ લેખકોએ લખેલાં પુસ્તકોથી બચવું જોઈએ.

૯. અનેક આસનો, પ્રાણાયામ, શોધનકર્મો અને બંધમુદ્રાઓ શીખીને તેમાં કુશળતા પ્રાપ્ત કરવાથી યોગ સિદ્ધ થતો નથી. દીર્ઘકાળ પર્યંત, એકાગ્ર મનથી અને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવે તો યોગમાં પ્રગતિ થાય છે. યૌગિક ક્રિયાઓના નિષ્ણાત થવું તે સાધક માટે હેતુ નથી; આધ્યાત્મિક વિકાસ પ્રધાન લક્ષ્ય છે. સાધકે બધી જ ક્રિયાઓ શીખી લેવાનો આગ્રહ રાખવો નહિ.

૧૦. સાધકે યૌગિક ક્રિયાઓના કાર્યક્રમો યોજવા, પ્રદર્શનો કરવાં કે પ્રચાર કરવાના રવાડે ચડવું નહિ.

૧૧. આસન, પ્રાણાયામ, શોધનકર્મ, બંધ, મુદ્રા આદિ યૌગિક ક્રિયાઓ અનેકવિધ અને અનેક છે. બધું બધા માટે નથી. બધું બધા કરી શકે પણ નહિ. અને એમ કરવાની જરૂર પણ નથી. તેમાંથી ગુરુની સહાયથી સાધકે પોતાની આવશ્યકતા પ્રમાણે પસંદગી કરીને તેનો અભ્યાસ વધારતા રહેવું જોઈએ. વધારે પડતી યૌગિક ક્રિયાઓ પસંદ ન કરવી અને તેમનો વધારે પડતો અભ્યાસ ન કરવો.

૧૨. પ્રારંભમાં મુશ્કેલ લાગતી યૌગિક ક્રિયાઓ ધૈર્યપૂર્વક અભ્યાસ કરવાથી સિદ્ધ કરી શકાય છે. સાધકે ધૈર્ય અને હિંમતપૂર્વક આગળ વધવું જોઈએ. સાથે સાથે સાવધાન પણ રહેવું જોઈએ. કોઈ પણ ક્રિયા અણઘડ રીતે કરવી નહિ અને કોઈ પણ ક્રિયા સિદ્ધ કરવા માટે શરીર પર અત્યાચાર કરવો નહિ. શરીર અને મનનાં સ્વાસ્થ્ય જાળવીને આગળ વધવાનું છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠકર

# માણસ માણસાઈ ચૂકે, પણ કાગડો કાગડાઈ ચૂકે...?




'કેમ ભાઈ ચંપક, તું તારી જાતને બહુ મોટો કાગડો સમજે છે? માણસમાંથી કાગડા બન્યા એટલે સંબંધો ભૂલી જવાના? આ શ્રાદ્ધપક્ષ પૂરો થવા આવ્યો પણ કોઈના છાપરા કે અગાસી પર તું દેખાયો જ નઈ, બોલ, ક્યારે આવે છે મારા છાપરા પર કાગવાસ ખાવા? દીકરાને મોબાઈલ કરું કે તારો ચંપકકાકો પણ મારી જેમ કાગડો જ બન્યો છે ને એ આપણા જ છાપરા પર આજ ખીરપૂરી ખાવા આવશે' ચંબુએ કાગડાને શ્રાદ્ધમાં ચંપકને કાગવાસનું આમંત્રણ આપ્યું.

'આમંત્રણ માટે આભાર, પણ નઈ અવાય,,, હજી ઘણા કાગવાસના આમંત્રણ પેન્ડિંગ છે. બે શ્રાદ્ધમાં ખીર-પૂરી ખાધા ને લુઝ ચરક થઇ ગયેલા, છતાં તારા દીકરાને તો પૂછ મારું આવવું ગમશે?' ચંપકે પૂછ્યું.

'જો, કલ હો ન હો અક્કલ હોની જરૂરી હૈ, અરે ટોપા ...આપણે માણસ હતા ત્યારે ઓળખાતા કે આ દાદા-દાદી, બા-બાપુજી આ પાડોશી આ મિત્ર ...આ દુશ્મન હવે તો આપણા બધાના હાઈટ- બોડી કદ-કલર રૂપ બધુ સરખુ તો એ તંબુરામાંથી ઓળખશે? કાગડા એટલે કાગડા. આ તો એ બહાને કા-કા કરી બીજા થોડા જાતભાઈઓ સાથે ખીરપૂરીની મહેફિલ ઉજવીએ...'

'પણ દીકરો તારી ભાષા સમજશે?'

'કેમ ન સમજે? ગમે તેમ તોય એનો બાપ છું.'

'બાપ? બા-પ-રે' ચંપક બોલ્યો 'અરે, તું માણસ હતો ત્યારે પણ ન્હોતો સમજતો એ હવે શું સમજવાનો? મને યાદ છે એ વખતે તારો દીકરો રૂપિયાના સિક્કા જેવડી પૂરી ને પાણીવાળું દૂધ ભેગું કરી કાગવાસ જેટલું જ આપતો ને હજી પણ એટલું જ આપે છે પણ હવે ફાયદો એ કે બે ઈંચની હોજરી ફટ્ટ કરતી ભરાઈ જાય ને તું મને ફોર્સ ન કર, મને ડાયાબિટીસ છે ને તારો દીકરો સાકરવાળી ખીર પીવરાવશે પછી સુગર વધી જાય, માણસ હતા ત્યારે ડોકટર મળતા હવે કાગડાના ડોકટર ક્યાં શોધવા?'

'હવે બે-ત્રણ ટીપાં ખીર પીવાથી કઈ સુગર વધી ન જાય સમજ્યો?' ને જો બકા, આ શ્રાદ્ધની શ્રદ્ધાના પંદર દિવસના જલસા પછી તો ખાલી ખાલી અગાસી, ખાલી ખાલી ધાબા, ખાલી ખાલી છાપરા, ખાલી પાળ..સમજ્યો? શ્રાદ્ધ પુરા ને સાથે શ્રદ્ધા પણ પૂરી. પછી તું છાપરા પર બેસી ગમે તેટલા ભૂખના બરાડા પાડીશ તો પણ કોઈ કાકોય તારું કા..કા નઈ સાંભળે. સમજ્યો?'

'ચંબુ, આ ઈશ્વર શ્રાદ્ધનું પંદરથી થોડા વધુ દિવસનું એક્સટેન્સન ન આપી શકે?'

'એક્સટેન્સનની ક્યાં માંડે છે, ચંપક. મોટો લોચો એવો પડ્યો છે કે આ પંદર દિવસના જલસા પણ બંધ થઇ જશે... બધા પંખીઓએ ભેગા મળી ભગવાન પાસે આપણી વિરુદ્ધ ફરિયાદ કરી છે.'

'કઈ બાબતમાં? આપણે ક્યાં કોઈનું કઈ બગાડ્યુ છે?'

'અરે એ બધાની દલીલ છે કે ભાદરવાના પંદર દિવસ કાગવાસના છે તો બાકીના કોઈ મહિનાઓમાં પણ ચકલીવાસ,પોપટવાસ કે કબૂતરવાસ કેમ નઈ? અમારો શું દોષ? અમારામાં પણ માણસને પૂર્વજો દેખાય એવું કઈ કરો પ્રભુ.' ચંબુ બોલ્યો

'હા યાર, પોઈન્ટ ટુ બી નોટેડ. પ્રભુ શું બોલ્યા?'

'શું બોલે? હાથ ઊંચા કરી દીધા ને કહી દીધુ 'હું ઈશ્વર છું કઈ માણસ નથી ને વિષય એની શ્રદ્ધાનો છે. એને ગાયમાં પણ ૩૩ કરોડ દેવતા દેખાય છે. કોને ગણ્યા? કેવી રીતે સમાયા? ને નામ શું? મને જ નથી ખબર. અચ્છા, એક કામ કરો હું તમને NOC લખી આપું છું કે તમે બીજા પંખીઓ કાગવાસ ખાશો તો પણ કોઈ કાગડો ના નઈ પાડે' પછી આપણી ફેવર કરતા પ્રભુ બોલ્યા : 'માણસની માણસાઈ મરી પરવારી છે પણ કાગડાની કાગડાઈ

નઈ..ચંપક, તું આવ યાર મારો દીકરો ધ્યાન રાખીને વાસ...'

'માય ફૂટ... ધ્યાન રાખીને? અલ્યા, ધ્યાન રાખ્યું હોત તો તું હજી માણસ જ હોત' ચંપક ભડક્યો : 'અને મને ખબર છે કે મર્યા પહેલાના છેલ્લા બે વર્ષથી તો તું વૃદ્ધાશ્રમમાં હતો. અરે, એ બાળક હતો ત્યારે તમે કેટલા પ્રેમથી લાડથી ખવડાવતા, એ ન જમે તો તમારી આંખમાં પાણી ભરાતા પછી મરતા પહેલાં પણ પાણી ભરાયા કારણકે પછી એ જમાડતો ન્હોતો.'

'અરે, હોય એ તો આ મોંઘવારીમાં બિચારાએ પોપટ, બિલાડી ને કૂતરા પાળ્યાં છે એનું ધ્યાન નઈ રાખવાનુ?'

'એકઝેટલી... બધાને પાળે છે પણ જન્મદાતાને જ ન પાળી શકે? યાદ છે એક વાર તારાથી ભૂખ સહન ન થઇ ને તું દૂધ પી ગયો ત્યારે દીકરો કેવો ભડકેલો કે બાપુજી, તમે મારા કૂતરા-બિલાડીનું દૂધ પી ગયા? શરમ કે અક્કલ જેવું છે કે નઈ? અરે, જરા ભૂખ્યા રહ્યા હોત તો મરી ન જાત' ને પછી તને મૂકી આવ્યો વૃદ્ધાશ્રમમાં અને મને ખાતરી છે કે હજી તેં મૂળ વાત તો કીધી જ નઈ હોય'

'કઈ વાત?'


'એ જ કે એ તારો સગો દીકરો નથી, પણ તમે એને અનાથાશ્રમમાંથી લઇ આવ્યા છો. આવા દીકરાની ખીરપૂરી તો શું ખીચડીયે ન પચે એના કરતાં ચાલ, મારા છાપરે, પણ હા તને ત્યાં ખીરપૂરી નઈ મળે ત્યાં મારો દીકરો મને ડુંગળીના ભજિયાનો કાગવાસ નાખશે..ફાવશે? ભાવશે?'

'વાહ વાહ ક્યા બાત હૈ' ને કા..કા ના આનંદ સાથે ચંપક-ચંબુ બન્ને ઊડી ગયા ફરરર....

શું કહો છો? ■

## પ્રકરણ-૭

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

ડૉરબેલ વાગી એટલે ડૉ. વિશ્વાસ ભંડારી ઝાટકા સાથે સોફામાંથી ઊભા થયા અને ચીલઝડપે દરવાજા પાસે પહોંચ્યા. જાણે લાંબા સમયથી તે આ ક્ષણની રાહ જોતા હતા. બીજી વાર ડૉરબેલ વાગે તે પહેલાં તો ડૉ. ભંડારીએ દરવાજો ખોલી નાખ્યો. સામે તેમના ટ્રસ્ટ અને હૉસ્પિટલમાં કામ કરતી આકૃતિ બંગારા ફાઈલ લઈને ઊભી હતી.

૩૨ વર્ષની આકૃતિ શ્યામવર્ણી, પણ લાવણ્યમયી દેખાતી. મીન સરીખાં નયનો, જેને હંમેશાં આઈલાઈનરના શેડથી આકર્ષક ઓપ આપતી... પાંચેક ફૂટની હાઈટ, પણ હિલવાળાં સૅન્ડલ પહેરવાને કારણે ખાસ્સી ઊંચી દેખાતી. પતિ દારૂ-જુગારનો આદિ. આવક નજીવી હોવાથી પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બનતું. પરિણામે નાછૂટકે આકૃતિએ નોકરી કરવી પડી.

ડૉ. ભંડારી વાતવાતમાં છૂટછાટ લેતા તેનો અંદેશો આકૃતિને બે-ત્રણ મુલાકાતમાં જ આવી ગયો હતો. ડૉક્ટરની કામુક નજરને તે પારખી ગઈ હતી, પણ આર્થિક જરૂરિયાત અને કદાચ નપાણિયા પતિને કારણે શારીરિક જરૂરિયાતને વશ તે ડૉક્ટરના અટકચાળા સહન કરતી. પછી તો તેણે ડૉક્ટરની આ નબળાઈનો લાભ ઉઠાવવાનું નક્કી કર્યું. આકૃતિના સહકારથી ખુશ ડૉક્ટર કીમતી ભેટ-સોગાત અને નાણાંની મદદ કરી તેને આકર્ષવાનો પ્રયાસ કરતા.

'સર, તમે દરવાજો ખોલ્યો?' આકૃતિને આશ્ચર્ય થયું. અગાઉ જેટલી વાર આકૃતિને કામસર ડૉ. ભંડારીના ઘરે જવાનું બન્યું હતું ત્યારે ડૉક્ટરનો પરિવાર ઘરે જ હતો.

'આજે ઘરમાં કોઈ નથી એટલે મેં દરવાજો ખોલ્યો.' કહીને ડૉક્ટરે આકૃતિને ઘરમાં આવકાર આપ્યો. ખરેખર તો આ તકનો લાભ લેવા જ તેમણે ફાઈલને બહાને આકૃતિને ઘરે બોલાવી હતી.

હંમેશ મુજબ આકૃતિ સાડીમાં હતી. આજે તેણે પિન્ક કલરની સાડી પર બૅબી પિન્ક બ્લાઉઝ પહેર્યું હતું. ગરમીને કારણે બ્લાઉઝ ભીનું થઈ ગયું હતું. કપાળ પરથી પાણીનો રેલો ગાલ પર ઊતરી આવ્યો હતો. બ્લાઉઝની નીચેની ખુલ્લી કમર પરસેવાને કારણે ચમકીલી દેખાતી હતી. એમાં ઊંડી નાભિ... કોઈ પણ પુરુષ ડૂબી જવા લલચાય એવી! બ્લાઉઝનું કાપડ એટલું પાતળું હતું કે પસીનાની ભીનાશને કારણે એમાંથી દેખાતા આંતરવસ્ત્રની આછી ઝલક જોઈ ડૉ. ભંડારીની ઊર્મિઓ ઉછાળા મારવાની તૈયારીમાં હતી.

રિક્ષામાં આવેલી આકૃતિને પરસેવે રેબઝેબ જોઈ ડૉ. ભંડારીએ અનુમાન લગાવ્યું કે ગરમીનો પારો ખાસ્સો તપ્યો હશે.

'બહાર સખત ગરમી છે લાગે?' આકૃતિની પીઠ પાછળ ભીના બ્લાઉઝ પર હાથ મૂકતાં ડૉક્ટરે કહ્યું: 'એસી ચાલુ છે... પહેલાં શાંતિથી બેસ!'

પીઠ પાછળ ડૉક્ટરનાં આંગળાંની હરકતો આકૃતિ અનુભવતી હતી. તેણે શરીરમાં હળવી ઝણઝણાટી અનુભવી, પણ ડૉક્ટરને તેની જાણ થવા ન દીધી.

'કેમ... ઘરમાં કોઈ નથી?' આકૃતિએ માત્ર પૂછવા ખાતર પૂછ્યું, પણ તે સમજી ગઈ હતી કે આજે ડૉક્ટરસાહેબે તેમની ઇચ્છાપૂર્તિની પૂરી તૈયારી કરી લીધી છે.

'પત્નીની બહેનપણીના કોઈ સગાનાં લગ્ન છે એટલે સંતાનોને લઈ તે નવી મુંબઈ ગઈ છે અને નોકરાણી અત્યારે જ ઘરનું કામ પતાવીને ગઈ. હવે સાંજે આવશે.' ડૉક્ટરને ઉતાવળ હોય તેમ એકશ્વાસે બધી માહિતી આપી દીધી.

'સર... તમે મગાવેલી ફાઈલ.' આકૃતિએ ઊભા રહીને જ ફાઈલ ડૉક્ટર સામે લંબાવતાં કહ્યું.

બોલતી વખતે આકૃતિના લયમાં હલતા હોઠોને ટીકી ટીકીને જોતા ડૉક્ટરે ફાઈલ હાથમાં લીધી. આંખમાં એક્સરે મશીન લાગ્યું હોય અને વસ્ત્રોની આરપારનું દૃશ્ય જોઈ શકાતું હોય તેમ ડૉક્ટરની નજર આકૃતિના આખા શરીરને સ્કૅન કરી રહી હતી.

'સુડોળ કાયાની માલકીન... શરીરના એકેએક અંગ માપસર બનાવીને ગોઠવ્યા હોવાનું લાગે... કોઈ મૂર્તિકાર પણ કદાચ આટલી સરૂપ મૂર્તિનું સર્જન નહીં કરી શકતો હોય... સાડીમાં આટલી કામણગારી લાગે છે તો સાડી ઉતારે તો...'

'સર... હું જાઉં?' આકૃતિના પ્રશ્નથી ડૉક્ટર સપનામાંથી ઝબકીને જાણે વાસ્તવિકતામાં આવ્યા.

'ઉતાવળ શી છે? બેસ થોડી વાર...' ડૉક્ટરે રોકવાનો પ્રયાસ કરી બન્ને હાથે તેના ખભા પકડ્યા. ડૉક્ટરના હાથનું જોર વધ્યું એટલે આકૃતિની આંખો એક ક્ષણ માટે બંધ થઈને ખૂલી અને શ્વાસોશ્વાસ વધ્યા.

'આઈ થિંક... મને કમ્ફર્ટેબલ નથી લાગતું, સર!' આકૃતિ અનિચ્છાનો ઢોંગ કરતી હોવાનું ડૉક્ટર સમજી ગયા. ખભે હાથ મૂકીને વાતોમાં જકડી ડૉક્ટર આકૃતિને બેડરૂમ તરફ દોરી ગયા અને આકૃતિએ પણ કોઈ પ્રકારની આનાકાની ન કરી.

'ઘરમાં આપણા બન્ને સિવાય કોઈ નથી... તો આ મૂંઝવણ... ગભરામણ કઈ વાતની?'

ડૉક્ટર ભંડારીએ શબ્દોમાં માદકતા ઉમેરવાનો પ્રયાસ કરી આકૃતિને ધીરે ધીરે પોતાની તરફ ખેંચી એટલે આકૃતિના શ્વાસોશ્વાસની ગતિ તેજ બની.

ડૉક્ટર હવે આગળ વધવા માગતા હતા. તેમણે આકૃતિનું લલાટ ચૂમ્યું. આકૃતિ પણ આખો મીંચીને આ સુંવાળો અનુભવ લેતી રહી. હવે બન્ને એટલાં નજીક હતાં કે તેમના ગરમ શ્વાસ એકબીજાને અથડાતા હતા, જેમાંથી કામેચ્છાની જ્વાળા ન ભડકે તો જ નવાઈ.

'તારો પતિ મૂરખ છે... આકૃતિ, જે શરાબ અને જુગારમાં સુખ શોધે છે. મારી નજરે એક વાર તને ધ્યાનથી જુએ તો ખબર પડે કે તારામાં કેટલો રસ સમાયેલો છે...'

ડૉક્ટરની વાતો આકૃતિને ભાન ભુલાવી રહી હતી. તે કંઈ સમજવા કે બોલવાની સ્થિતિમાં નહોતી... માત્ર ચરમ કક્ષાએ પહોંચવા બેબાકળી બની હતી.

ડૉક્ટરના હાથ આકૃતિના ખભાથી સરકીને પીઠ પાછળ ગયા. આકૃતિને બાહુપાશમાં સમાવવા ડૉક્ટરે બળપૂર્વક બાથ ભીડી. બ્લાઉઝનું હૂક પીઠમાં ખૂંપ્યું એટલે આકૃતિના મોંમાંથી શબ્દ સરી પડ્યો: 'આઉચ...'

ડૉક્ટરના હાથ આકૃતિના કમર પર પહોંચ્યા. લીસી કમર પર ડૉક્ટરના હાથ ફરી રહ્યા હતા ત્યારે અનેક સાપોલિયાં સળવળી ઊઠ્યાં હોય તેવી અનુભૂતિ આકૃતિનું રોમેરોમ કરી રહ્યું હતું.

ધીરે ધીરે ડૉક્ટરનો હાથ આકૃતિની કમરની નીચેના ભાગમાં સરક્યો. એનાં અંગોના મરોડની અનુભૂતિથી ડૉક્ટરના શરીરનાં રૂવેરૂવાં ખડાં થઈ ગયાં અને શરીરના સંવેદનશીલ ભાગોમાં ડૉક્ટરના સ્પર્શથી આકૃતિએ તેમને પોતાની વધુ નજીક ખેંચી લીધા. જાણે બન્ને એકબીજામાં સમાઈ જવા આતુર હતાં!

> **તારો પતિ મૂરખ છે... આકૃતિ, જે શરાબ અને જુગારમાં સુખ શોધે છે. મારી નજરે એક વાર તને જુએ તો ખબર પડે કે તારામાં કેટલો રસ સમાયેલો છે...!**

ડૉક્ટરનો એક હાથ આકૃતિનાં અંગોઅંગ પર ફરી રહ્યો હતો ત્યારે બીજો હાથ સાડીનો પાલવ સરકાવવા મથી રહ્યો હતો. આતુરતાનો અંત આણવા માગતી હોય તેમ આકૃતિએ જ બ્લાઉઝ સાથે પિનઅપ કરેલી સાડીનો પાલવ ખોલવામાં મદદ કરી... પછી તો એક પછી એક વસ્ત્રો એના શરીરથી સરકીને જમીન પર ફેલાવા લાગ્યાં... અને આકૃતિ પૂરેપૂરી ડૉક્ટરને સમર્પિત થઈ ગઈ...

* * * *

'શું વિચારો છો, ડૉક્ટર?'

ડૉ. કુશલ સહાણે તેમના મિત્ર ડૉ. સંયમ ઈમાનદારને મળવા આવ્યા હતા. દક્ષિણ મુંબઈમાં ગિરગામ ચોપાટી નજીક ક્લિનિક ધરાવતા જાણીતા હાર્ટ સ્પેશિયલિસ્ટ ડૉ. સહાણે દાદરમાં આવેલી ડૉ. ઈમાનદારની હૉસ્પિટલમાં પણ પ્રેક્ટિસ કરતા. અત્યારે બન્ને જણ ડૉ. ઈમાનદારની હૉસ્પિટલમાંની કૅબિનમાં બેઠા હતા.

દરવાજે ટકોરા મારી પ્યૂન ચાના બે કપ મૂકી ગયો છતાં ડૉ. ઈમાનદારે તેની તરફ ન જોયું. ખુરશી પર આરામથી બેસીને તે કમ્પ્યુટર તરફ જોતા હતા, પણ કોઈ બીજા જ વિચારમાં હોવાનું ડૉ. સહાણેને લાગ્યું. થોડી પળ રાહ જોયા પછી આખરે ડૉ. સહાણેએ તેમને વિચારોમાંથી જગાડ્યા.

'ડૉક્ટર... શું પ્લાન છે?' ડૉ. સહાણેએ ફરી પૂછ્યું.

'કંઈ નહીં... આરેમાં બનેલા ઘટનાક્રમનો વિચાર કરતો હતો.'

ડૉ. ઈમાનદારે ચાનો કપ હાથમાં લેતાં કહ્યું: 'પ્લાન તો આવતી કાલે પોલીસ હૉસ્પિટલે જવાનો છે.'

'આમાં નવું શું છે? આ તો દર શનિવારનું છે...' ડૉ. સહાણેએ વિચાર્યું: 'આમાં ડૉક્ટર આટલો વિચાર શેનો કરે છે?'

ડૉ. ઈમાનદાર અને ડૉ. સહાણે સપ્તાહના એક દિવસ... દર શનિવારે નાગપાડામાં આવેલી પોલીસ હૉસ્પિટલમાં જતા. પોલીસ કર્મચારી અને તેમના પરિવારજનોની સારવાર માટે આ હૉસ્પિટલનું નિર્માણ કરાયું હતું. ડૉ. ઈમાનદાર અને ડૉ. સહાણે પોલીસ પરિવારો માટે હૉસ્પિટલમાં નિઃશુલ્ક સેવા આપતા. તેમનું માનવું હતું કે નાગરિકોની સુરક્ષા માટે સદૈવ તત્પર રહેતા અને કપરી પરિસ્થિતિમાં પણ અડગ રહેતા પોલીસોનાં હૃદય સશક્ત રહેવાં જોઈએ.

'હવે તમે શો વિચાર કરો છો, ડૉક્ટર?' ડૉ. ઈમાનદારે પૂછ્યું.

'...એ જ કે શનિવારે પોલીસ હૉસ્પિટલ જવાનું છે એમાં પ્લાન બનાવવો પડે?' ડૉ. સહાણેએ પ્રશ્ન કર્યો.

'હાં... શનિવારે ચેકઅપને બહાને ડીસીપી ખંડાગળે અને સિનિયર ઈન્સ્પેક્ટર ગોહિલને પણ બોલાવવાનો પ્લાન બનાવતો હતો!'

'સારી વાત છે... ખંડાગળે અથવા ગોહિલ આવે તો આરેની ઘટના અંગે નિરાંતે વાતચીત કરી શકાશે!' ડૉ. સહાણેએ ઉત્સાહ સાથે કહ્યું.

'ડૉક્ટર, તમે તો મારા બોલવા પહેલાં જ સમજી જાઓ છો કે હું શું કહેવાનો હતો!' ડૉ. ઈમાનદારે ડૉ. સહાણેને પાનો ચઢાવ્યો.

'લાગે છે... તમને માહિતી મેળવવાની ખરેખર વધુપડતી ઉત્સુકતા છે!'

'ના... એવી વાત નથી!' ડૉ. સહાણેને ઉતાવળે જવાબ આપવાનો અફસોસ થયો.

'તો શું વાત છે? કંઈ છુપાવતા તો નથીને?' ડૉ. ઈમાનદારે ટીખળ કરી એટલે ડૉ. સહાણેને માઠું લાગ્યું, પણ તેમને મૂળ વાત પર આવવું યોગ્ય લાગ્યું.

'કંઈ છુપાવતો નથી... હેલિકૉપ્ટર દુર્ઘટના અને ઘટનાસ્થળે મળેલા છોકરીના રહસ્યમય શબના સમાચાર મને રોચક લાગ્યા એટલે તેને લગતા ન્યૂઝ પર હું રોજ અખબારોમાં નજર ફેરવું છું...' ડૉ. સહાણેએ ખુલાસો કર્યો.

'હા... મને પણ એ ઘટનાની બધી માહિતી મેળવવાની ઇચ્છા થતી હોય છે.'

ડૉ. ઈમાનદારે કહ્યું: 'ખાસ તો જ્યારથી એ વાત સામે આવી કે છોકરીનું હૃદય કાઢી લેવામાં આવ્યું છે ત્યારથી આ ઘટના વધુ રસપ્રદ લાગવા માંડી છે.'

'રસપ્રદ અને ખતરનાક!' ડૉ. સહાણેએ ગંભીર સ્વરે કહ્યું.

'હૃદય કાઢી લેવા પાછળ શો હેતુ હશે, ડૉક્ટર!' ડૉ. ઈમાનદારે એ રીતે પૂછ્યું, જાણે ડૉ. સહાણે તેની પાછળનો ભેદ જાણતા હોય.

'હેતુ? મને કઈ રીતે ખબર હોય!' ડૉ. સહાણેએ ફરી ઉતાવળે જવાબ આપ્યો.

'ના... ના. હું તો અમસ્તા તમારો અભિપ્રાય જાણવા માગતો હતો કે આવું કરવા પાછળ કારણ શું હોઈ શકે?'

'...એ તો તાત્કાલિક જાણવું મુશ્કેલ છે, ડૉક્ટર... પણ જંગલમાં નરબલિ જેવી ઘટના સામાન્ય હોય છે... એ છોકરી નરબલિનો ભોગ ચઢી હોઈ શકે!'

ડૉ. સહાણેએ શંકા વ્યક્ત કરી અને ડૉ. ઈમાનદાર તેમને અચરજથી જોઈ રહ્યા. અત્યાર સુધી ભૂત-દુરાત્માની વાતો થતી હતી, પણ આ ઘટનામાં નરબલિની વાત કોઈએ ઉચ્ચારી નહોતી. 'આવી વાતો આપણા મોઢે શોભા નથી દેતી, ડૉક્ટર! મને લાગે છે, આની પાછળ બીજું કોઈ કારણ હોઈ શકે!' ડૉ. ઈમાનદારે કહ્યું.

'શું?'

'જંગલમાં કોઈ પ્રકારનું ગેરકાયદે જોખમી રિસર્ચ તો નથી થઈ રહ્યુંને?'

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ફાળ | ARROGANCE |
| ફાટ | JUMP |
| ફાલ | DIVERGENT |
| ફાંકો | CROP |
| ફાંટો | SPLIT |

### ઓળખાણ પડી?



મુખ્યત્વે ક્યુબા અને ફ્લોરિડામાં જોવા મળતા પર્ણ- પાન વગરના પણ વિશિષ્ટ આકારનાં ફૂલ ધરાવતા આ પ્લાન્ટની ઓળખાણ પડી?

અ) Small Plank બ) Ghost Orchid ક) Daffodils ડ) Cactus Plant

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ફ | ટા | ૨ ક | ૩ ડાં | ■ | ૪ વિ | શ્વ | ૫ સ | ની | ૬ ચ |
| ટ | ■ | ૭ ર | સ | ૮ પ્ર | દ | ■ | લ | ■ | ક્ષ |
| ૯ ફ | ૧૦ રે | બી | ■ | તિ | ■ | ૧૧ અ | વા | ચ | ક |
| ૧૨ ટિ | પ | ■ | ૧૩ પ્ર | બં | ધ | ■ | ર | ■ | ન્યા |
| યું | ■ | ૧૪ સા | વ | ધ | ■ | ૧૫ ચા | ■ | ૧૬ વા | ■ |
| ■ | ૧૭ દે | વ | ર | ■ | ૧૮ ચી | લ | ઝ | ડ | ૧૯ પ |
| ૨૦ બો | ર | ■ | ■ | ૨૧ અ | ટ | ક | ■ | ■ | રિ |
| લ | ■ | ૨૨ અ | ત્ય | ધિ | ક | ■ | ૨૩ ચ | લા | વ |
| ૨૪ બા | ૨૫ રા | તી | ■ | કા | ■ | ૨૬ ઘ | ર | ■ | હ |
| ૨૭ લા | ગ | ત | ■ | ૨૮ ર | હ | ન | સ | હ | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | ■ | ૧૯ | | | ■ | ■ |
| ૨૦ | | | ■ | ૨૧ | ■ | ■ | | ■ | ૨૨ |
| ■ | ■ | | ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | ■ | ૨૮ | ■ | | ■ | ૨૯ | | |
| ૩૦ | | ૩૧ | | ■ | ૩૨ | | | ■ | |
| | ■ | ૩૩ | | | | ■ | ૩૪ | | |

**આડી ચાવી**

૧. ભગવાન આગળ --- કરો (૫)
૪. --- માં ધૂપ કરો (૪)
૭. દરિયાકિનારે થતાં વૃક્ષો (૨)
૮. ઉપરાણું, વહાર (૩)
૯. સંખ્યા, આંકડા (૩)
૧૧. દર્ભ (૨)
૧૨. સ્ત્રીધન (૩)
૧૪. પુરુષ (૨)
૧૫. --- ભાણાં કરવા એટલે મસ્કા મારવા (૩)
૧૬. કોમળ, નાજુક (૩)
૧૭. ઊણપવું (૪)
૧૯. સોળ મણનું માપ, બહોળું, મોટું (૩)
૨૦. નામસ્મરણ (૩)
૨૩. ખરાબ નજરે જોવું તે (૩)
૨૫. જ્ઞાતિ, સમાન ધર્મનો સમુદાય (૨)
૨૬. અભિમાન (૨)
૨૯. પૃથ્વી (૩)
૩૦. બીમારે --- કરવા હિલસ્ટેશન જવું (૪)
૩૨. ગુસ્સો કરાવવો તે (૩)
૩૩. રસ બધાને વહેંચવો તે (૪)
૩૪. પડવાનો અવાજ (૩)

**ઊભી ચાવી**

૧. ઘણીવાર, છાશવારે (૬)
૨. રીત, રિવાજ (૩)
૩. --- માંથી લખવાનો કિત્તો બનતો (૨)
૪. સુગંધી દ્રવ્ય (૨)
૫. પરદામાં રહેનાર (૬)
૬. નામોશી થવી તે (૪)
૮. અર્ધું ઊભું (૪)
૧૦. પાસું, પડખું (૪)
૧૧. રૂઆબ (૨)
૧૩. આ દેવની કોઇ ઉપાસના ના કરે (૨)
૧૫. મારે ઠાકોરજી નથી --- (૨)
૧૮. પાક ઉતારવો તે (૩)
૨૧. લૂંટારો, ધાડપાડુ (૨)
૨૨. સદાચરણને લગતું ધોરણ (૫)
૨૪. વિચારવાની રીત (૪)
૨૫. તમે નિશ્ચિત થઇ --- (૨)
૨૬. મહિમા, અગત્ય, પ્રતિષ્ઠા (૩)
૨૭. બીમાર હોઇએ તો લેવી પડે (૨)
૨૮. શાબાશ, સારું, (૩)
૨૯. અયોધ્યા પ્રાંત (૩)
૩૧. ફરીથી, ચક્કર (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ડગલે ને પગલે અડચણ આવી' પંક્તિમાં 'અડચણ' શબ્દનો અર્થ જણાવો.

અ) તક બ) આવકાર ક) વિઘ્ન ડ) આશ્રય

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ PETROLOGY નો અભ્યાસ કરે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ખડક બ) બળતણ ક) પ્રદૂષણ ડ) હવામાન

### માતૃભાષાની મહેક

વાંકું શબ્દના બે અર્થ છે. એક છે વક્ર આકારનું, એક બાજુ વળેલું કે નમેલું. ખુરશીમાંથી પડી ગયા પછી દાદાજીનું શરીર વાંકું વળી ગયું છે. દલપતરામની બહુ જાણીતી કવિતાની પંક્તિ 'અન્યનું તો એક વાંકું આપના અઢાર છે'માં પણ વળેલું કે નમેલું અર્થ જોવા મળે છે. બીજો અર્થ છે અણબનાવ કે વાંધો પડવો. પાડોશી સાથે વાંકું પડ્યા પછી સંબંધ જળવાયા નથી.

### ઈર્શાદ

*મળે છે હીરા એને ક્યારેક ક્યારેક,*
*જે પ્રત્યેક કંકર ઉઠાવી જુએ છે.*

રઈશ મનીઆર

### માઈન્ડ ગેમ

માનવ સંસ્કૃતિની જીવાદોરી ગણાતી વિશ્વની વિવિધ નદીઓમાંથી નદી પરનો સૌથી લાંબો પુલ કયા દેશમાં સ્થિત છે એ જાણો છો?

અ) યુએસએ બ) ચીન ક) રશિયા ડ) ઈરાન

### સુડોકુ-૯૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૭ | ૧ | | ૯ | | ૬ | |
| | | | | | ૬ | | ૧ | ૨ |
| | ૬ | ૪ | | | ૨ | | ૭ | |
| ૩ | | ૯ | | ૨ | | ૧ | ૫ | |
| | | | | | | | | |
| | ૪ | ૨ | | ૫ | | ૯ | | ૮ |
| | ૧ | | ૩ | | | ૫ | ૨ | |
| ૨ | ૩ | | ૬ | | | | | |
| | ૯ | | ૨ | | ૭ | ૬ | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૬ | ૮ | ૨ | ૭ | ૧ | ૯ | ૫ |
| ૨ | ૮ | ૫ | ૧ | ૪ | ૯ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૯ | ૧ | ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૨ |
| ૧ | ૫ | ૪ | ૨ | ૭ | ૮ | ૯ | ૬ | ૩ |
| ૬ | ૭ | ૩ | ૫ | ૯ | ૪ | ૨ | ૧ | ૮ |
| ૯ | ૨ | ૮ | ૬ | ૩ | ૧ | ૫ | ૭ | ૪ |
| ૫ | ૪ | ૯ | ૭ | ૮ | ૩ | ૬ | ૨ | ૧ |
| ૮ | ૧ | ૨ | ૯ | ૫ | ૬ | ૩ | ૪ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૪ | ૧ | ૨ | ૮ | ૫ | ૯ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ફકરો | PARAGRAPH |
| ફક્ત | ONLY |
| ફક્કડ | CAREFREE |
| ફજેતી | FIASCO |
| ફટકડી | ALUM |

ઓળખાણ પડી? હેમિસ મહોત્સવ

ગુજરાત મોરી મોરી રે સપનાં

ચતુર આપો જવાબ અર્થ જણાવો હિંમત

માઈન્ડ ગેમ હિક્કિમ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ દોશી (૨) સુભાષ મોમાયા (૩) પુષ્પા ખોના (૪) ભારતી બુચ (૫) મુલરાજ કપૂર (૬) તાહેર ઓરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરિહર ભટ્ટ (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) મીનળ કાપડિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ સંઘવી (૧૮) વિપીન શાહ (૧૯) નૂતન વિપીન શાહ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ધવલ શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) કમલ માતલિયા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અંજુ ટોલિયા (૩૬) લજિતા ખોના (૩૭) નિતિન જયંતિલાલ બજરિયા (૩૮) વિજય આસર (૩૯) અલકા વાણી (૪૦) ડાયના સંતોકે (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) પુષ્પા ખોના (૪૩) ધીરેન્દ્ર મુલરાજ (૪૪) ગીતા ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) અરવિંદ કામદાર (૪૯) જ્યોત્સના ગાંધી (૫૦) રમેશ દલાલ (૫૧) હિના દલાલ (૫૨) ઈનાક્ષી દલાલ (૫૩) વિલાસ અંબાણી

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

### વિશ્વના પ્રાચીન શાકમાં સ્થાન ધરાવતું

# કોળું પિતૃગણનું પસંદગીનું શાક!



**વિશ્વના** પ્રાચીન શાકની વાત કરીએ તો તેમાં કોળાનું નામ અવ્વલ પંક્તિમાં આવે. કોળું એક એવું શાક છે, જે અન્ય શાકની સરખામણીમાં વજનદાર હોય છે. તેનું સામાન્ય વજન ૪થી ૮ કિલોગ્રામની આસપાસ હોય છે. તેમ છતાં તે સૌથી ઓછા સમયમાં રંધાઈને તૈયાર થાય છે. ભારતનાં પ્રાચીન ગ્રંથ જેવા કે 'ચરક સંહિતા'માં કોળાને અત્યંત ગુણકારી શાક દર્શાવવામાં આવેલું છે. ચરક સંહિતાના સૂત્રસ્થાનની અંદર 'સપ્તવિંશોધ્યાય'ના - શાકવર્ગમાં વર્ણન છે કે કોળું ક્ષારયુક્ત, મધુર હોવાની સાથે શરીરના ત્રણ દોષ (વાત, પિત્ત, કફ)નું નાશક છે. પાચન માટે તે ઉત્તમ ગણવામાં આવ્યું છે. ઉત્તર ભારતમાં તો દિવાળી બાદ ત્રણ દિવસ સુધી ઉજવાતા છઠના પર્વના પ્રથમ દિવસે કોળાનું શાક ઉપવાસમાં ખવાય છે. કોળા માટે એવું કહેવાય છે કે 'કોળું કપાશે તો સૌમાં વહેંચાશે' કેમ કે કોળું કદમાં અત્યંત મોટું હોય છે. એક પરિવારમાં એક કોળામાંથી તેનું શાક બે વખત તો અચૂક બને છે. કદમાં મોટું હોવા છતાં તે ઝટપટ બની જાય તેવું મુલાયમ હોય છે. વળી એક વખત કાપ્યા બાદ તેનો ઉપયોગ ઝડપથી કરી લેવો પડે છે. અન્યથા તે બગડી જતું હોય છે. કોળાની ખાસ વાત એટલે તેની ઉપર પેસ્ટિસાઈડસ્ છાંટવામાં આવતું નથી. તેથી તેનો ઉપયોગ આહારમાં કરવાથી ગંભીર રોગ થવાની શક્યતાથી બચી શકાય છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃગણને માટે તૈયાર થતાં ભોજનમાં કોળાનું શાક અચૂક બનાવવામાં આવે છે. પિતૃગણને કોળું અત્યંત પ્રિય ગણાય છે. પ્રાણીની વાત કરીએ તો શ્વાન તથા બિલાડીને કોળું અત્યંત પ્રિય હોય છે. અનેક વખત માનવીની બેદરકારીને લીધે શ્વાન ભૂલથી પ્લાસ્ટિકની થેલી ખાઈ લે તેવું બનતું હોય છે. આવા સંજોગોમાં તેને કાચું કોળું ખવડાવવાથી, પ્લાસ્ટિકની થેલી સહિત અન્ય કચરો મળ વાટે બહાર નીકળી જશે. ૩૧ ઑક્ટોબરના દિવસે વિદેશમાં 'હૈલોવીન ડે'ની ઊજવણી કરવામાં આવે છે. જેમાં કેટલાંક શોખીન લોકો ડર લાગે તેવાં વસ્ત્રો પહેરીને મજાક-મસ્તી દ્વારા નિર્દોષ આનંદ મેળવે છે. આ દિવસે વિદેશમાં કોળામાંથી ખાસ પ્રકારનો લાલ દીવો તૈયાર કરવામાં આવે છે. વિદેશમાં આ દિવસે કોળાની માગ વધી જતી હોય છે. કોળાની વિવિધ વાનગી બનાવીને તેનો આસ્વાદ માણવામાં આવે છે. જેમ કે કોળાની પાઈ, કોળાનો સૂપ, કોળાની કેક વગેરે.

છત્તીસગઢમાં કોળાની સાથે પૌરાણિક કથા જોડાયેલી છે. અનેક ધાર્મિક કાર્યોમાં પશુબલિ ચઢતી નથી. તેને બદલે કોળાને અબોલ પ્રાણીનું પ્રતીક સમજી કાપવામાં આવે છે. એવી પણ લોકમાન્યતા જોવા મળે છે કે મહિલાઓ કોળું કાપતી નથી, કેમ કે છત્તીસગઢમાં એવી માન્યતા છે કે કોળું તેમના જ્યેષ્ઠ પુત્રનું પ્રતીક ગણાય છે. મહિલાઓ દ્વારા કોળું કાપવામાં આવતું નથી. તેથી મહિલાઓ પ્રથમ કોળું પતિ કે ઘરના અન્ય પુરુષ સભ્યો પાસે કપાવવાનું પસંદ કરે છે. કેમ કે સનાતન પરંપરા પ્રમાણે સ્ત્રી સર્જનકર્તા છે. નહીં કે સંહારકર્તા. તે જન્મદાત્રી છે. મા ક્યારેય પ્રતીકાત્મક રૂપે બલિ નથી ચઢાવતી.

કોળાને હિન્દીમાં કાશીફળ કે રામકોહલા, કુમ્હાડા, મખના ભતવા વગેરે નામથી ઓળખવામાં આવે છે. બંગાળીમાં ચાલ કુમરો, ગુજરાતીમાં કોળું, મલયાલમમાં કુમ્બાલંગા, તમિળમાં પૂસાનિકાઈ, તેલુગુમાં ગુમ્માડિકાયા, મરાઠીમાં ભોપલા કે કોહલા, અંગ્રેજીમાં પમ્પકીન કહેવામાં આવે છે. કોળાને સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણવામાં આવે છે. કોળાના બીજ, કોળાના ફૂલ તેમજ કોળાનો માવો સ્વાસ્થ્ય માટે લાભકારક છે. કોળાના બીજથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આંખોનું તેજ વધે છે. ડાયાબિટીસ તેમજ બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખી શકાય છે. લોહીની ઊણપને દૂર કરવામાં લાભકારક ગણાય છે. પાચનક્રિયામાં સુધારો થાય છે. કોળાના ફૂલ, કોળાના બીજ તેમજ કોળાના ફળનાં ગરનો ઉપયોગ સલાડ બનાવવામાં કરી શકાય છે. કોળાનો સૂપ અત્યંત સ્વાદિષ્ટ બને છે. કોળાના માવામાંથી માખણ બને છે જે 'પમ્પકીન બટર' તરીકે જાણીતું છે.

ભારતમાં કોળાની ખેતી હજારો વર્ષથી થતી આવે છે. અમેરિકામાં કોળાની ખેતી તેના બીજ વિશે જાણકારી મળ્યા બાદ લગભગ ૭ હજાર વર્ષથી થતી આવે છે. વર્તમાનમાં અમેરિકા, મેક્સિકો, ભારત, ચીન વગેરે દેશોમાં કોળાની ખેતી સૌથી વધુ થતી જોવા મળે છે. ભારત કોળાની ખેતીમાં વિશ્વમાં બીજા ક્રમાંકે આવે છે. ભારતમાં મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળમાં કોળાની ખેતી મોટા પ્રમાણમાં થાય છે.

## ભંડારામાં પીરસાતું કોળાનું મસાલેદાર શાક



**સામગ્રી :** ૫૦૦ ગ્રામ કોળું, ૨ મોટી ચમચી તેલ, ૧ મોટી ચમચી શુદ્ધ ઘી, ૧ નંગ તમાલપત્ર, ૨ નંગ આખા લાલ મરચાં, ૨ નંગ લીલા મરચાં ઝીણાં સમારેલાં, ૧ ચમચી આદુંનું છીણ, ૧ ચમચી ખાસ મસાલો( ૧ નાની ચમચી જીરું, ૧ નાની ચમચી વરિયાળી, ૧ નાની ચમચી આખા ધાણા, ૧ નાની ચમચી મેથી, ૧ નાની ચમચી કલોંજી) ૧ ચમચી સંચળ, ૧ નાની ચમચી હળદર,૧ ચમચી લાલ મરચું, ૨ મોટી ચમચી ધાણાજીરું, ૧ મોટી ચમચી કિચનકિંગ મસાલો, ચપટી હિંગ, ૨ ચમચી ગોળનો ભૂકો, ૧ ચમચી ક્સૂરી મેથી,૧નાની ચમચી આમચૂર પાઉડર, ૧ નાની ચમચી ગરમ મસાલો

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ૫૦૦ ગ્રામ કોળાને છાલ સાથે કાપી લેવું. હવે એક કડાઈમાં તેલ ગરમ કરવા મૂકવું. તેમાં ચપટી હિંગ, તમાલપત્ર, આખા લાલ મરચાં નાખીને હલાવી લેવું. ત્યારબાદ તેમાં ખાસ મસાલો જે ઉપર બતાવ્યો છે તે ઉમેરવો. એક વાટકીમાં ધાણાજીરું, લાલ મરચું, હળદર, કિચનકિંગ મસાલો લેવો. તેમાં અડધો કપ પાણી ભેળવીને પેસ્ટ બનાવી લેવી. હવે તેલમાં તે પેસ્ટ ઉમેરવી, લીલા મરચાં, આદુંની છીણ ઉમેરીને બરાબર હલાવી લેવું. તેમાં કાપેલાં કોળાના ટુકડાં ઉમેરીને બરાબર ભેળવવું. શાકમાં પાણી થોડું જ છંટકારવું. મીઠું, સંચળ, ગોળનો ભૂકો ઉમેરીને બરાબર હલાવીને થાળી ઢાંકીને શાક પકાવવું. શાક બરાબર ગળી જાય ત્યારબાદ તેમાં કસૂરી મેથી, આમચૂર પાઉડર, ગરમ મસાલો ભેળવીને હલાવી લેવું. શાકમાં ઉપરથી ૧ ચમચી શુદ્ધ ઘી ભેળવવું. કોથમીરથી સજાવી સ્વાદિષ્ટ શાક ગરમાગરમ રોટલી કે પૂરી સાથે પીરસવું.

## કોળાના સ્વાસ્થ્યવર્ધક લાભ

### પાચનતંત્રને સુધારવામાં ગુણકારી

કોળામાં સોલ્યુબલ તેમ જ ઈન સોલ્યુબલ બંને પ્રકારના ફાઈબર સમાયેલાં હોય છે. સોલ્યુબલ ફાઈબર પાચનતંત્રને ધીમું કરે છે.

એલડીએલ કૉલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરે છે. ઈન સોલ્યુબલ ફાઈબરનો ઉપયોગ આહારમાં કરવાથી મળ ત્યાગ સરળતાથી થવા લાગે છે. પાચનમાં ગરબડની શક્યતા રહેતી નથી. દિવસમાં એક મોટી વાટકી ભરીને કોળાનું શાક ખાવું હિતકારી ગણાય છે.

### હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી

કોળામાં અલ્ફા કૈરોટીન, બીટા કૈરોટીન તથા બીટા કૈપ્ટોજેથિન જેવાં પાવરફુલ એન્ટિ-ઓક્સિડન્ટ સમાયેલાં હોય છે. જે કમ્પાઉન્ડ ઑક્સિડેટિવ સ્ટ્રેસથી કોશિકાની રક્ષા કરે છે. કોળામાં પોટેશિયમ, વિટામિન સી તેમ જ ફાઈબર હોય છે. જે હૃદયનું સ્વાસ્થ્ય જાળવી રાખવામાં મદદ કરે છે.

### કૅન્સરના ખતરાને ઘટાડવામાં મદદરૂપ

ભોપલામાં પાવરફૂલ ઍન્ટિઓક્સિડન્ટ મુખ્યત્વે કેરોટિનૉઈડસ્ અનેક પ્રકારના કૅન્સરના ખતરાને ઘટાડી દે છે. જેવા કે ગળું, સ્તન, પેટ, અન્ડાશય વગેરે ગણાવી શકાય. કોળાનાં પોષકતત્ત્વો ફ્રી રેડિકલ્સનું સમતુલન કરી કોશિકાઓને નુકસાનથી બચાવે છે.

### રોગપ્રતિકારક શક્તિ વધારે છે

કોળામાં રહેલાં વિવિધ વિટામિન્સ મુખ્યત્ત્વે વિટામિન એ, શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારવામાં મદદ કરે છે. વિટામિન એ પ્રાકૃતિક રીતે જ શરીરને બિમારીથી બચાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં લાભકારી

કોળાનું સેવન ડાયાબિટીસની વ્યાધિ ધરાવતી વ્યક્તિઓ કરી શકે છે. કેમ કે કોળાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ૭૫ ની આસપાસ જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે કોળાનું સેવન કરવાથી લોહીમાં ગ્લુકોઝની ઉપર ઓછી અસર કરે છે. કોળામાં સોલ્યુબલ તેમજ અનસોલ્યુબલ ફાઈબરની માત્રા હોવાથી તે ગ્લુકોઝને ધીમે ધીમે ગ્રહણ કરે છે. જેને કારણે બ્લડ શુગર અચાનક વધી જવાના ખતરાથી બચી શકાય છે. ઈન્સ્યુલિન સેંસિટિવીટીમાં સુધારો કરે છે.


### શરીરને હાઈડ્રેટ રાખે છે

કોળામાં ૯૪ ટકા પાણીનું પ્રમાણ હોય છે. તેથી તેને પાણીજન્ય ખોરાક (શાક) તરીકે ઓળખવામાં આવે છે. કોળાનું સેવન કરવાથી શરીરમાં પાણીની ઊણપ કંઈક અંશે રોકી શકવામાં મદદ મળે છે. તેમાં પણ ડાયાબિટીસના દર્દીઓમાં જો પાણીની ઊણપ વધે તો બ્લડ શુગરમાં વધારો થઈ શકે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# પ્રોસ્ટેટનો સોજો

**કિડની - મૂત્રાશય વિશે આપણે આ અગાઉ વાત કરી. પથરી વિશે પણ જાણ્યું. હવે પ્રોસ્ટેટની પળોજણને લઈને વાત કરીએ...**







**પ્રોસ્ટેટ** તે અખરોટ આકારની પુરુષના મૂત્રાશય (યુરિનરી બ્લેડર )ની નીચે આવેલી ગ્રંથી છે. તે વીર્યની ગતિ માટે તેની સાથે અમુક પ્રવાહી છોડતી હોય છે.

જેમ જેમ પુરુષની ઉંમર વધતી જાય તેમ તેમ તેના પ્રોસ્ટેટની સાઈઝ પણ વધતી જાય છે, પરંતુ કોઈવાર અમુક પુરુષને તે પ્રોસ્ટેટની સાઈઝ વધુ પડતી વધી જાય છે. તેને પ્રોસ્ટેટનો સોજો કહે છે.

### પ્રોસ્ટેટનાં લક્ષણ

* પેશાબ કરવામાં તકલીફ પડવી.
* ખાસ કરીને રાત્રે વારંવાર પેશાબ કરવા જવું પડે.
* પેશાબ કરતી વખતે શરૂઆતમાં તકલીફ થવી.
* પેશાબ બળ કરવાથી જ ઊતરે તેમજ કટકે કટકે અટકીને આવે.
* સંપૂર્ણ મૂત્રાશય ખાલી ન થવું તથા પેશાબનાં ટીપાં વારંવાર પડવાં.
* કોઈકવાર તાવ આવી જવો.
* પેશાબ કરી આવ્યા બાદ પણ પેશાબ જવાની ઈચ્છા રહે.

**આનાં કારણઃ**

* ૫૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષોમાં પ્રોસ્ટેટનો સોજો થવાની સંભાવના વધારે હોય છે.
* ડાયાબિટીસ, હૃદયરોગ અને જાડાપણાને લીધે આ રોગ થવાની સંભાવના વધી જાય છે.
* આ રોગ વારસાગત પણ થઈ શકે છે.
* બેઠાડુ જીવનશૈલીને કારણે પણ થઈ શકે..

### સાવધાની

* પ્રોસ્ટેટનાં લક્ષણો જો વધુ પ્રમાણમાં જણાય કે તેની સાથે તાવ આવે તો તરત જ ચિકિત્સક પાસે જઈ યોગ્ય સારવાર લેવી.
* મૂત્ર જવાનો સંકેત ન આવે તો પણ મૂત્ર જવાની ટેવ પાડો. કેમ કે, પ્રોસ્ટેટના દર્દીઓને ઘણીવાર મૂત્ર જવાનો સંકેત પણ આવતો નથી.
* પ્રોસ્ટેટના દર્દીઓએ ઠંડા વાતાવરણમાં ન રહેવું.
* એક જગ્યાએ વધારે ન બેસવું. કેમ કે, તેનાથી પ્રોસ્ટેટ પર વધુ દબાણ આવે છે.

**વિવિધ ઉપચારઃ**

૧) સવાર-બપોર-સાંજ અને રાત્રે ૧ ચમચી ગોખરુનું ચૂર્ણ ફાકીને પાણી પીવું. આ ઉપચારથી સરેરાશ ૧૫ દિવસમાં રાહત થઈ શકે છે.

૨) રોજ કોઈ પણ રીતે ટમેટાનું સેવન કરવું. ટમેટાની અંદર લાયકોપીન આવવાથી તે પ્રોસ્ટેટનો સોજો ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.

૩ ) રોજ એક મૂઠી તરબૂચના બી ખૂબ જ ચાવીને જમવા અથવા તે બીનો પાવડર મધ સાથે લેવો.

૪) મકાઈના રેસાને પાણીમાં ગરમ કરી ગાળીને સવાર-સાંજ પીવું.

૫) મૂત્ર સંબંધી રોગમાં કરવા જેવી કસરતો કરવાથી પ્રોસ્ટેટના સોજામાં ખૂબ જ ફાયદો થાય છે.

### પેશાબછૂટથી ન થવો...

**લક્ષણ :**

* પેશાબ કરવામાં તકલીફ પડવી તેમ જ વારંવાર પેશાબ કરવા જવું પડે.
* પેશાબ શરૂ કરવામાં તકલીફ થવી અને સંપૂર્ણ મૂત્રાશય ખાલી ન થવું.


**કારણ :**

* આ મુજબના રોગ થવાથી આની સંભાવના વધી શકે છે.
* વધુ અને લાંબા સમયનું કબજિયાત
* પથરી
* મૂત્રાશયનું ઈન્ફેક્શન
* પ્રોસ્ટેટનો સોજો

### વિવિધ ઉપચાર

૧) ભીંડાનું શાક જમવાથી પેશાબમાં બળતરા, જલન અને પેશાબ અટકી અટકીને આવતો હોય તો રાહત થાય છે.

૨) તાજી છાશ ગોળ નાખીને પીવી.




૩) રોજ મૂળાનો રસ પીવો.

૪) પાંચેક ગ્રામ લીંબુના બીજનું ચૂર્ણ કરી પાણી સાથે પીવું.

૫) એકાદ મુઠ્ઠી કાળા તલ ખૂબ જ ચાવીને જમવા.

૬) કેળનું ૫૦ ગ્રામ પાણી ગરમ કરેલા ઘીમાં નાખી પીવું.

૭) રાત્રે ઘઉંને પાણીમાં પલાળી રાખી, સવારે વાટી, તેમાં સાકર નાખીને હલવો બનાવીને ખાવો.

૮) ૧૦૦ ગ્રામ દૂધમાં ૧ ગ્રામ ખાવાનો સોડા નાખી દિવસમાં બે વાર લેવું.

૯) પાંચેક ગ્રામ ગોખરુનું ચૂર્ણ ગરમ દૂધ કે પાણી સાથે દિવસમાં બેથી ત્રણવાર લેવું.

૧૦) લીલા નાળિયેરના પાણીમાં ધાણાનું ચૂર્ણ તથા ગોળ મેળવી પીવાથી પેશાબ છૂટથી આવે છે.

૧૧) સો ગ્રામ શતાવરીના પાવડરમાં ૫ ગ્રામ એલચીનો પાવડર મેળવી રોજ ૧ ચમચી દૂધ સાથે લેવો.

### અનિયંત્રિત પેશાબ

* અનિયંત્રિત પેશાબ : પેશાબને રોકી રાખવાનું અસામર્થ્ય.
* અનિયંત્રિત પેશાબનાં લક્ષણઃ
* ગમે ત્યારે પેશાબ થઈ જવો અથવા પેશાબનાં ટીપાં પડવાં.

### અનિયંત્રિત પેશાબનાં કારણ

* મૂત્રને રોકી રાખવાની આદત.

જે લોકો મૂત્રના વેગને રોકી રાખતા હોય તેમના મૂત્રાશયના સ્નાયુઓ ઉપર વધુ દબાણ રહે છે. તેથી સમયાંતરે તે સ્નાયુઓ ઢીલા થઈ જાય છે. અને ગમે ત્યારે પેશાબ મૂત્રાશયમાંથી લીક થાય છે.

* મૂત્રાશય ઉપર વધુ દબાણ આવે તેવી ક્રિયાઓ કરવી.

જેમ કે, વધુ પડતી કસરતો કરવી, ભારે વજન ઊંચકવું, કૂદવું, કે વધુ પડતું હસવું વગેરે...

* એકસાથે મૂત્રાશય ખાલી ન થવું.

અમુક લોકો પેશાબ કરવા જાય ત્યારે સંપૂર્ણ મૂત્રાશય ખાલી કરી શકતા નથી, તેથી મૂત્રાશયમાં પેશાબ ભરાઈ રહેવાથી તે ગમે ત્યારે લીક થઈ શકે છે.

**વધુ ઉંમર હોવી :**

ઉંમર થતા મૂત્રમાર્ગ અને મૂત્રાશયના સ્નાયુઓ ઢીલા થવા લાગે છે,

તેથી અમુક લોકોને પાછલી ઉંમરમાં આ રોગ થાય છે.

**લિંગ (જેન્ડર) :**

પુરુષો કરતાં સ્ત્રીઓને આ રોગ ૪થી ૫ ગણો વધુ થાય છે. ૨૫% સ્ત્રીઓને જીવન દરમ્યાન આ રોગ થાય છે. તેનાં કારણો આ મુજબના હોઈ શકેઃ

* એમના શરીરનું બંધારણ.
* ગર્ભવતી હોવું.

ગર્ભાવસ્થા દરમ્યાન કે પછી ૭૦% સ્ત્રીઓને આ રોગ થાય છે.

* માસિકસ્ત્રાવ
* જાડાપણું :

વધુ વજનવાળા લોકોના મૂત્રાશયના સ્નાયુઓ ઉપર દબાણ આવવાથી તે જલ્દી ઢીલા થઈ જાય છે. તેથી ગમે ત્યારે પેશાબ નીકળી શકે છે.

* કબજિયાત, પથરી, પ્રોસ્ટેટનો સોજો, ડાયાબિટીસ, હાર્ટએટેક વગેરે રોગ હોવાથી આ રોગની સંભાવના વધી જાય છે.

### અનિયંત્રિત પેશાબના ઉપચાર

૧) ધ્યાન.

મનને સ્થિર કરીને ધ્યાન કરવાથી આ રોગમાં ૫૦% રાહત મળે છે.

૨) નિયમિતપણે ૨૫થી ૩૦ મિનિટ યોગાસનો અને પ્રાણાયામો કરવા.

૩) રોજ વિટામિન-D લેવું. એનાથી સ્નાયુઓ મજબૂત થાય છે, અને તે અનિયંત્રિત પેશાબને નિયંત્રણ કરવામાં ખૂબ જ ફાયદાકારક થાય છે. માટે ૧૫થી ૨૦ મિનિટ સૂર્યની તડકી લેવી તથા વિટામિન-ડી યુક્ત આહાર લેવો. જેમ કે, દૂધ, દહીં વગેરે....

૪) રોજ પેડુ ઉપર કોપેરલનું માલિશ કરવું.

૫) રોજ સવાર-સાંજ ૨ ચમચી તલ અને અજમો સાથે લઈ ચાવવા. ■

# મુંબઈમાં મોકાણ



















# ખુલ્લાં મેદાનો માટેની વચગાળાની પૉલિસી પર સ્ટે આપવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રહેલા ખુલ્લા મેદાનોનું રક્ષણ કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ પોતાની વચગાળાની પોલિસી પર સ્ટે લાવવો તેમ જ શહેરની એક પણ ખુલ્લી જગ્યાઓ ખાનગી સંસ્થાને દેખરેખ આપવી નહીં એવી માગણી ભાજપે કરી છે.

મુંબઈ ભાજપના અધ્યક્ષ અને અંધેરી પશ્ચિમના વિધાનસભ્ય અમિત સાટમે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને નવી વચગાળાની પોલિસી પર સ્ટે લાવવાની અને ખુલ્લા મેદાનોનું હસ્તાંતરણ નહીં કરવાની માગણી કરી છે. ખુલ્લી જગ્યાઓની દેખરેખ રાખવા માટે જાહેરાત દ્વારા આવક ઊભી કરવાની અપીલ પણ તેમણે આ પત્રમાં કરી છે.

ખુલ્લી જગ્યા માટે પાલિકા પાસે વ્યાપક પોલિસી નથી. પાલિકાની પોલિસી તાત્પૂરતી હોઈ તે ૧૧ મહિનાના કરાર પર ખાનગી પક્ષ અથવા ટ્રસ્ટ અથવા સંસ્થાને ખુલ્લી જગ્યા દેખરેખ માટે આપવાની મંજૂરી આપે છે. શહેરમાં ખુલ્લી જગ્યાઓ બહુ ઓછી બચી છે ત્યારે જે જગ્યાઓ બચી ગઈ છે તેના પર અતિક્રમણ થવાનો ભય છે. અમુક ખુલ્લી જગ્યાઓ નફો કમાવવા માટે ક્લબ અથવા જિમખાનાને કાયમ સ્વરૂપે આપવામાં આવી શકે છે એવો ડર અમિત સાટમે વ્યક્ત કર્યો હતો.

અમિત સાટમે કમિશનરને લખેલા પત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે ખુલ્લી જગ્યાની દેખરેખ માટે પોલિસી બનાવતા સમયે પ્રશાસને સાર્વજનિક ભાવનાને ધ્યાનમાં રાખી નહોતી. તેથી આ પોલિસી સામે વિરોધ થયો હતો. પાલિકાએ તમામ ઓપન સ્પેસની દેખરેખ જાતે જ કરવી. ખુલ્લી જગ્યાઓ કોઈ ખાનગી પાર્ટીઓ, ટ્રસ્ટ કે સંસ્થાને નહીં આપતા જગ્યાઓ પર જાહેરખબરના માધ્યમથી આવક ઊભી કરીને તેની જાળવણી કરવી.

નવી પોલિસી તૈયાર થતી નથી ત્યાં સુધી હાલની ૧૧ મહિનાની તાત્પૂરતી પોલિસી અંતર્ગત કોઈ પણ નવા ખુલ્લા મેદાનો કોઈને આપવા નહીં એવી અપીલ પણ અમિત સાટમે પત્ર દ્વારા કમિશનરે કરી છે. ■

# સાતારામાં એક મહિલાએ ચાર બાળકોને જન્મ આપ્યો

સાતારાઃ સાતારાની ક્રાંતિસિંહ નાના પાટિલ ડિસ્ટ્રિક્ટ જનરલ હોસ્પિટલમાં એક મહિલાએ ચાર બાળકોને જન્મ આપ્યો હતો. જિલ્લા હોસ્પિટલમાં દસ વર્ષ પછી આ એક ગૌરવપૂર્ણ ઘટના બની છે. મહિલા અને ચારેય બાળકો સ્વસ્થ છે, એમ જિલ્લા સર્જન ડો. યુવરાજ કાર્પેએ જણાવ્યું હતું.

મહિલાની તપાસ કર્યા પછી, જાણવા મળ્યું હતું કે તે એક જ સમયે ચાર બાળકોને જન્મ આપી રહી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ઓળખીને આરોગ્ય વિભાગે ખૂબ કાળજી લીધી અને મહિલાએ ચાર સુંદર બાળકોને જન્મ આપ્યો. પ્રથમ છોકરી, બીજો છોકરો અને ફરીથી બે છોકરીઓ. તેમનું વજન અનુક્રમે ૧૧૦૦, ૧૨૧૩ અને ૧૬૦૦ ગ્રામ છે. આ ત્રીજી વખત છે જ્યારે આ મહિલા ગર્ભવતી બની છે. પહેલી વાર આ મહિલાએ જોડિયા બાળકોને જન્મ આપ્યો છે. ત્યારે એક છોકરો અને એક છોકરીનો જન્મ થયો હતો. બીજી વાર એક છોકરીનો જન્મ થયો હતો. ત્રીજી વાર આ મહિલાએ ચાર બાળકોને જન્મ આપ્યો છે. ■

# શુક્રવારે થાણેના કેટલાક વિસ્તારમાં પાણીપુરવઠો બંધ

મુંબઈઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના કેટલાક ભાગોમાં પાણી પુરવઠો શુક્રવાર, ૧૯ સપ્ટેમ્બરના રોજ બંધ રહેશે. કલવા, મુમ્બ્રા, દિવા, તેમજ વાગળે અને માજીવડા-માનપાડા વોર્ડ સમિતિઓના કેટલાક ભાગોમાં પાણી પુરવઠો બંધ રહેશે અને મ્યુનિસિપલ વહીવટીતંત્રે પાણીનો કરકસરથી ઉપયોગ કરવાની અપીલ કરી હતી.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની વસ્તી ૨૭ લાખ છે. શહેરને દરરોજ ૬૨૧ મિલિયન લિટર પાણીની જરૂર છે, પરંતુ મળે છે ખરેખર દરરોજ ૫૮૫ મિલિયન લિટર પાણી. વધતી વસ્તીને કારણે શહેરમાં પાણીની અછતની સમસ્યા ઊભી થઈ રહી છે. મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમની પાણી પુરવઠા યોજના હેઠળ, જાંભુલ જળ શુદ્ધિકરણ કેન્દ્રના જળાશય ખાતે પાઇપલાઇનની તાત્કાલિક જાળવણી અને અપગ્રેડેશન માટે ૧૮ સપ્ટેમ્બર ના રોજ રાતે ૧૨:૦૦ વાગ્યાથી શુક્રવાર, ૧૯ સપ્ટેમ્બરના રોજ રાતે ૧૨:૦૦ વાગ્યા સુધી ૨૪ કલાક પાણી પુરવઠો બંધ રહેશે.

ચેનલોના અપગ્રેડ અને જાળવણી કાર્ય પૂર્ણ થયા પછી, પાણી પુરવઠો સુગમ રહેશે. આ દરમિયાન પાણીનો કરકસરથી ઉપયોગ કરવાની અપીલ સરકારે કરી છે.

ઉપરાંત, નાગરિકોને પાણી ફિલ્ટર કરીને, ઉકાળીને પીવાની અપીલ પણ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને કરી છે. ■


# કેટરિના કૈફ અને વિકી કૌશલના જીવનમાં આવશે નવો મહેમાન?



મુંબઈઃ બોલીવૂડ એક્ટ્રેસ કેટરિના કૈફ અને વિકી કૌશલ હવે બેમાંથી ત્રણ થવા જઈ રહ્યા છે એટલે કે ટૂંક સમયમાં જ કપલના ઘરે નાનકડા મહેમાનનું આગમન થવા જઈ રહ્યું છે.

મળતી માહિતી અનુસાર લગ્નના ચાર વર્ષે કેટરિના કૈફ મમ્મી અને વિકી પપ્પા બનવા જઈ રહ્યો છે. જોકે, કપલે હજી સુધી આ બાબતે કોઈ ઓફિશિયલ એનાઉન્સમેન્ટ નથી કરી. કેટરિના લાંબા સમયથી ફિલ્મથી દૂર છે અને સોશિયલ મીડિયા પર પણ તે અલપ ઝલપ જ દેખાઈ રહી છે. હાલમાં જ કેટરિના અલીબાગમાં સ્પોટ થઈ હતી જ્યાં તે ઓવરસાઈઝ આઉટફિટમાં જોવા મળી હતી.

કેટરિના કૈફ અને વિકી કૌશલના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર કેટરિનાની પ્રેગ્નન્સી કન્ફર્મ છે. ઓક્ટોબર-નવેમ્બરમાં કપલ ગૂડ ન્યુઝ આપી શકે છે. કેટરિનાની પ્રેગ્નન્સીને લઈને લાંબા સમયથી અલગ અલગ અટકળો સાંભળવા મળી રહી છે, પણ હજી સુધી વિકી અને કેટે આ બાબતે ચૂપકીદી સેવી રાખી છે. ■



દક્ષિણ મુંબઈમાં આવેલા વેહીક્યુલર અંડરપાસમાં પાણી ભરાઈ ગયા હતા. આ અંડરપાસ જેકે કપૂર ચોકને જોડનારા અબ્દુલ ગફાર ખાન રોડની નીચેથી નીકળે છે. પ્રભાદેવી અને દાદરથી મુંબઈ કોસ્ટલ રોડ જવા વાહનો આ અંડરપાસનો ઉપયોગ કરે છે. વાહનવ્યવહાર માટે તેને થોડા સમય માટે બંધ કરવામાં આવ્યો હતો.

# માઉન્ટ મેરીની મેળામાં ચોરોથી સાવધાન પહેલા જ દિવસે ૧૨ શકમંદ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માઉન્ટ મેરીના મેળામાં થતી ભીડનો લાભ ઉઠાવવા 'હાથસફાઈ' કરનારી ટોળકીઓ સક્રિય થઈ ગઈ હોવાનું પોલીસનું કહેવું છે. મુંબઈ સહિત કલ્યાણ, પુણે અને છેક ગુજરાતના વડોદરાથી ચોર ટોળકી બાન્દ્રા પહોંચી હોવાની માહિતી સામે આવી રહી છે. પોલીસે મેળાના પહેલા દિવસે જ ૧૨ શકમંદની ધરપકડ કરી હતી.

બાન્દ્રામાં યોજાતા માઉન્ટ મેરીના મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. ભાવિકોની ભીડમાં મોબાઈલ ફોન અને કીમતી વસ્તુઓ ચોરી થવાની ઘટનાઓ પણ દર વર્ષે નોંધાતી હોય છે. પરિણામે આ વર્ષે ચોરોને રંગેહાથ પકડી પાડવા પોલીસે કમર કસી છે.

ચોર ટોળકી પર બાજનજર રાખવા ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી)ની સ્પેશિયલ સ્ક્વોડ બનાવવામાં આવી છે. આ સ્ક્વોડમાં ઝોન-૯ હેઠળનાં દરેક પોલીસ સ્ટેશનના ચુનંદા અધિકારીઓ-કોન્સ્ટેબલોનો સમાવેશ કરાયો છે. ૧૨ પોલીસ અધિકારી અને કોન્સ્ટેબલોની અલગ અલગ ટીમ માઉન્ટ મેરી ચર્ચ અને આસપાસના પરિસરમાં સાદા વેશમાં પેટ્રોલિંગ કરી રહી છે. બાન્દ્રા પોલીસ સ્ટેશનના એક અધિકારીના જણાવ્યા મુજબ મેળાની શરૂઆત રવિવારથી થઈ હતી અને રવિવારની રાત સુધીમાં ૧૨ જણને તાબામાં લેવાયા હતા, જેમાં ત્રણ મહિલાનો સમાવેશ થાય છે.

# કેસરી ટૂર્સને ઈન્ડિયા ટ્રાવેલ એવૉર્ડ્સ ૨૦૨૫માં 'બેસ્ટ ઈન્ટરનેશનલ ટૂર ઓપરેટર ઓફ ધ યર'નો એવૉર્ડ

નવી દિલ્હીઃ નવી દિલ્હીમાં હોટેલ લે મેરિડિયન ખાતે આયોજિત 'ઇન્ડિયા ટ્રાવેલ એવૉર્ડ્સ ૨૦૨૫' માં કેસરી ટૂર્સને 'બેસ્ટ ઇન્ટરનેશનલ ટૂર ઓપરેટર ઑફ ધ યર'નો એવૉર્ડ આપવામાં આવ્યો હતો જે પ્રવાસન ઉદ્યોગમાં એક પ્રતિષ્ઠિત એવૉર્ડ ગણાય છે. ઇન્ડિયા ટ્રાવેલ એવૉર્ડ્સ દર વર્ષે પ્રવાસન ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરતી સંસ્થાઓને સન્માનિત કરવા માટે યોજવામાં આવે છે. આ વર્ષે, આ એવૉર્ડ ભારત સરકારના કેન્દ્રીય પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત દ્વારા આપવામાં આવ્યો હતો. ભારત સરકારના પ્રવાસન મંત્રાલયના અધિક સચિવ સુમન બિલ્લા, પ્રધાનમંત્રી સંગ્રહાલય અને પુસ્તકાલયના સંચાલક અશ્વની લોહાની અને ભારતમાં બ્રિટિશ હાઇ કમિશનર લિન્ડી કેમેરોન આ પ્રસંગે હાજર રહ્યા હતા. આ એવૉર્ડ સમારોહમાં દેશભરના ટૂર ઓપરેટરો, રાજ્ય પ્રવાસન બોર્ડ, સેવા અને ઉત્પાદન પ્રદાતાઓએ પણ ભાગ લીધો હતો. 'બેસ્ટ ઇન્ટરનેશનલ ટૂર ઓપરેટર ઑફ ધ યર'નો પ્રતિષ્ઠિત એવૉર્ડ કેસરી ટુર્સને આપવામાં આવ્યો હતો અને આ એવૉર્ડ કેસરી ટૂર્સના સંચાલક શ્રી હિમાંશુ કેસરી પાટીલ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. આ એવૉર્ડ વિશ્વભરના પ્રવાસીઓને



ગુણવત્તાયુક્ત અને અવિસ્મરણીય મુસાફરી અનુભવો પ્રદાન કરવા માટે કેસરી ટૂર્સની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. કેસરી ટૂર્સ આજે તેની ઉત્તમ સેવા, નવીનતા અને મુસાફરી કુશળતા માટે જાણીતું છે. પ્રવાસીઓના સપનાઓને વાસ્તવિકતા બનાવે છે. શ્રી હિમાંશુ કેસરી પાટીલે આ સિદ્ધિ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતા કેસરી ટૂર્સે અમારા આદરણીય પ્રવાસીઓ, વિશ્વસનીય ભાગીદારો અને દરેક કેસરીયનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ સન્માન ફક્ત એક ટ્રોફી નથી પરંતુ તે કેસરીયનોની મહેનત, સમર્પણ અને જુસ્સાનું પ્રતીક છે. આ ગર્વની ક્ષણની ઉજવણી કરતી વખતે તેમણે ખાતરી આપી કે કેસરી ટૂર્સ હંમેશાં ગુણવત્તાયુક્ત સેવાઓ, યાદગાર અનુભવો આપવા તેના મિશન પ્રત્યે વફાદાર રહેશે. ■

## ટ્રક ડ્રાઈવર અપહરણ કેસ

# પૂજા ખેડકરના પિતા અને તેના બોડીગાર્ડ વિરુદ્ધ ગુનો

મુંબઈ/પુણેઃ નવી મુંબઈમાં રોડ રેજની ઘટના બાદ બે શખસ દ્વારા એસયુવીમાં અપહરણ કરાયેલા ટ્રક ડ્રાઇવરનો પુણેમાં ભૂતપૂર્વ આઇએએસ ઓફિસર પૂજા ખેડકરના નિવાસેથી છુટકારો કરાવવામાં આવ્યો હતો. ટ્રક ડ્રાઇવરના અપહરણમાં પૂજા ખેડકરના પિતા દિલીપ ખેડકર તેમ જ બોડીગાર્ડ સામેલ હોવાનું તપાસમાં સામે આવતાં રબાળે પોલીસ સ્ટેશનમાં તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

પુણે પોલીસ રવિવારે ટ્રક ડ્રાઇવરને શોધવા ખેડકરના ઘરે પહોંચી ત્યારે તેની માતા મનોરમા ખેડકરે પોલીસની ફરજમાં અવરોધ ઊભો કર્યો હતો. આથી પુણે પોલીસે મનોરમા ખેડકર સામે ગુનો દાખલ કર્યો હતો.

પૂજા ખેડકર પર સિવિલ સર્વિસીસની પરીક્ષામાં ઓબીસી અને વિકલાંગતા ક્વોટાનો લાભ લેવા માટે બોગસ દસ્તાવેજો સુપરત કરવાનો આરોપ છે.

ટ્રક ડ્રાઇવર પ્રહ્લાદ કુમાર (૨૨) શનિવારે સાંજે મુલુંડ-ઐરોલી માર્ગ પર કોંક્રીટ મિક્સર ટ્રક હંકારી રહ્યો હતો ત્યારે તે એસયુવી (સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ) સાથે ઘસાઇ હતી. આથી કુમાર અને એસયુવીમાં હાજર બે જણ વચ્ચે બોલાચાલી થઇ હતી. બાદમાં બંનેએ કુમારને પોલીસ સ્ટેશનમાં લઇ જવાને બહાને એસયુવીમાં તેનું અપહરણ કર્યું હતું. ■

# થાણેમાં પાણીના ટેન્કર સાથે રિક્ષા ટકરાઈઃ એકનું મોત, બે ઘાયલ

થાણેઃ થાણેમાં પાણીના ટેન્કર સાથે રિક્ષા ટકરાતાં એક વ્યક્તિનું મોત થયું હતું, જ્યારે અન્ય બે જણને ગંભીર ઇજા પહોંચી હતી.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે થાણેમાં નીતિન કંપની-કેડબરી જંકશન રોડ નજીક રવિવાર રાતે આ અકસ્માત થયો હતો. પાણીના ટેન્કર સાથે રિક્ષા ભટકાયા બાદ તેમાં ત્રણ પ્રવાસી ફસાઇ ગયા હતા અને તેમને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ટીમને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી. અગ્નિશમન જળના જવાનોએ અડધો કલાકની જહેમત બાદ રિક્ષામાં ફસાયેલા ત્રણેય પ્રવાસીને સુરક્ષિત બહાર કાઢ્યા હતા અને બાદમાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં એકને ડોક્ટરોએ તપાસી મૃત જાહેર કર્યો હતો, જેની ઓળખ બબલુ તરીકે થઇ હતી. ઘાયલ અન્ય બે પ્રવાસી ૫૬ અને ૨૯ વર્ષની વયના હોઇ તેમને બાદમાં વધુ સારવારાથે મુંબઈની સાયન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. (પીટીઆઇ)

# બાઈક ટેક્સીનું લઘુતમ ભાડું ૧૫ રૂપિયા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એસટીએ)એ બાઇક ટેક્સી માટે ૧.૫ કિલોમીટરના અંતર માટે લઘુત્તમ ભાડું ૧૫ રૂપિયા કરવાની મંજૂરી આપી છે. અધિકારીઓએ જણાવ્યા અનુસાર બાઈક ટેક્સી માટે મુસાફરોએ પ્રતિ કિલોમીટર ૧૦.૨૭ રૂપિયા ચૂકવવા પડશે. અલબત્ત આ સર્વિસ શરૂ થવાને હજુ વાર છે.

આ વર્ષની શરૂઆતમાં રાજ્ય સરકારે એક લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં બાઇક ટેક્સી અને બાઇક પૂલિંગ સર્વિસ માટે મંજૂરી આપી સરકારી ઠરાવ - જીઆર પણ જારી કર્યો હતો. રાજ્ય સરકારે ૪ જુલાઈ, ૨૦૨૪ના દિવસે 'મહારાષ્ટ્ર બાઇક ટેક્સી નિયમો, ૨૦૨૫' પર જાહેરનામું પણ બહાર પાડ્યું હતું.

પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ) ના એક અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્યના પરિવહન સચિવ સંજય સેઠીની અધ્યક્ષતામાં એસટીએ ૧૮ ઑગસ્ટની બેઠકમાં ભાડાને મંજૂરી આપી હતી અને તે સમગ્ર રાજ્યમાં લાગુ થશે. (પીટીઆઈ)

# મંત્રાલય-વિભાગોની વેબસાઇટ્સનું ઓપનિંગ પેજ મરાઠીમાં

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ફરજિયાત બનાવ્યું છે કે તેના વિભાગો અને મંત્રાલયોની વેબસાઇટ્સનું શરૂઆતનું પેજ એક સમાન ફોર્મેટ અને નામકરણ પ્રોટોકોલ સાથે મરાઠીમાં હોવું જોઈએ, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, આ પગલું સરકારના આગામી ૧૫૦ દિવસ માટેના કામગીરીના નવા લક્ષ્યાંકોનો એક ભાગ છે. આપણે સાયબર છેતરપિંડી અને ગેરમાર્ગે દોરતી વેબસાઇટ્સના યુગમાં છીએ, તેથી સરકારે આ વલણ અપનાવ્યું છે. મંત્રાલય અને વિવિધ વિભાગોએ તેમની વેબસાઇટ્સ ચોક્કસ ફોર્મેટમાં વિકસાવવી જોઈએ, જેમાં તેમના સત્તાવાર નામમાં '.gov.in' ડોમેન રાખવાનો સમાવેશ થાય છે. શરૂઆતનું પેજ મરાઠીમાં રહેશે, કારણ કે તે સત્તાવાર રાજ્ય ભાષા છે,'' અધિકારીએ જણાવ્યું હતું.

# ડૉ. આચાર્ય દેવવ્રતે મહારાષ્ટ્રના રાજ્યપાલના શપથ સંસ્કૃતમાં લીધા



મુંબઈઃ આચાર્ય દેવવ્રતે સોમવારે મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગયા અઠવાડિયે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને તેમની ફરજો ઉપરાંત મહારાષ્ટ્રના રાજ્યપાલની જવાબદારી સંભાળવા માટે નિયુક્ત કર્યા હતા. બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરે સોમવારે રાજભવનમાં દેવવ્રતને પદના શપથ લેવડાવ્યા હતા.

દેવવ્રતે સંસ્કૃતમાં શપથ લીધા હતા. શપથ ગ્રહણ સમારોહમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, રાજ્યના અન્ય પ્રધાનો, ટોચના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. ૬૬ વર્ષના દેવવ્રત ૨૦૧૯થી ગુજરાતના રાજ્યપાલ છે. હિન્દી અને ઇતિહાસમાં તેમણે એમ.એ. કર્યું અને નેચરોપેથી તેમજ યોગિક સાયન્સમાં ડોક્ટરેટની ડિગ્રી ધરાવે છે. (પીટીઆઈ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મૅચ રેફરી ઍન્ડી પાયક્રોફટને પાણીચું આપો: પાકિસ્તાની બૉર્ડની માગ

દુબઈ : ભારત સામેની હાર અને પછી ભારતીય ખેલાડીઓએ હાથ ન મિલાવતા પાકિસ્તાન નિરાશ થયું હતું. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) એ આચારસંહિતાનું નિરીક્ષણ કરતા રેફરી પર ગંભીર આરોપો લગાવ્યા હતા અને તેમને ટુર્નામેન્ટમાંથી હટાવવાની માગ કરી હતી. પીસીબીએ ભારત સામે એશિયા કપ મેચ દરમિયાન મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટ પર આઈસીસી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો અને તેમને તાત્કાલિક ટુર્નામેન્ટમાંથી હટાવવાની માગ કરી હતી.

નોંધનીય છે કે એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચમાં પાયક્રોફ્ટ મેચ રેફરી હતા, જેમાં મેચ સમાપ્ત થયા પછી ભારતીય ખેલાડીઓએ વિરોધી ટીમ સાથે હાથ મિલાવ્યો ન હતો. પીસીબીએ આઈસીસીમાં પાયક્રોફ્ટ વિરુદ્ધ ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. પીસીબીના વડા મોહસીન નકવીએ ઇન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે 'પીસીબીએ ક્રિકેટની ભાવના અને આઈસીસી આચારસંહિતા સંબંધિત એમસીસી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ મેચ રેફરી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પીસીબીએ એશિયા કપમાંથી મેચ રેફરીને હટાવવાની માંગ કરી હતી.'

પાકિસ્તાને અગાઉ એશિયન ક્રિકેટ કાઉન્સિલ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ભારતીય ખેલાડીઓના વર્તનને ખેલ ભાવનાની વિરુદ્ધ ગણાવ્યું હતું. પીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ટીમ મેનેજર નવીદ ચીમાએ મેચ પછી હાથ ન મિલાવનારા ભારતીય ખેલાડીઓના વર્તનનો સખત વિરોધ કર્યો છે. આ ખેલ ભાવના અને રમતની ભાવનાની વિરુદ્ધ છે.''

## હાથ ન મિલાવનાર ભારતીય ખેલાડીઓમાં ટીમ સ્પિરિટ નથી: પાકિસ્તાન

દુબઈ: ભારતમાં બહિષ્કારની અપીલો વચ્ચે ગઈ કાલે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી૨૦ મેચ રમાઈ હતી, આ મેચમાં ભારતે પાકિસ્તાન સામે ૭ વિકેટે શાનદાર જીત મેળવી. મેચ બાદ ભારતીય ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે આ જીત પહલગામ આતંકવાદી હુમલાના મૃતકો અને ભારતીય સેનાના શુરવીર જવાનોને સમર્પિત કરી હતી. મેચ બાદ ભારતીય ટીમના ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનું ટાળીને પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો હતો. હવે આ મામલે પાકિસ્તાનની ટીમે સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે.

ભારતીય ટીમે હાથ મિલાવવાનો ઇનકાર કર્યા બાદ પાકિસ્તાની ટીમના ટીમ મેનેજર નવીદ અકરમ ચીમાએ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટ સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

પાકિસ્તાન ક્રિકેટ ટીમના મેનેજમેન્ટે ભારતીય ટીમના આ પગલાંને ક્રિકેટની સ્પિરિટની વિરુદ્ધ ગણાવ્યું. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા શેર કરવામાં આવેલા એક નિવેદન મુજબ મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટે સલમાન આગાને ટોસ સમયે સૂર્યકુમાર યાદવ સાથે હાથ ન મિલાવવાની સૂચના આપી હતી, પરંતુ મેચ પછી હાથ મિલાવવા માટે કોઈ નિર્દેશ આપવામાં આવ્યો ન હતો.

કેપ્ટન સૂર્યકુમાર યાદવે સિક્સર ફટકારીને ભારતને જીત અપાવી હતી, પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા વિના સૂર્યા અને શિવમ દુબે સાથે ડ્રેસિંગ રૂમમાં દોડી ગયા.

અહેવાલ મુજબ મેચ બાદ પાકિસ્તાની ટીમનો કેપ્ટન સલમાન આગા અને કોચ માઈક હેસન સમગ્ર ટીમ હાથ મિલાવવા ભારતીય ટીમના ડ્રેસિંગ રૂમ પાસે પહોંચ્યા હતાં. પરંતુ ભારતીય ટીમ મેનેજમેન્ટે દરવાજો બંધ કરી દીધો. આનાથી પાકિસ્તાન ટીમના કોચ હેસન નારાજ થયા હતાં અને પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે કહ્યું કે તેમની ટીમ હાથ મિલાવવા તૈયાર હતી, પરંતુ સામેથી કોઈ પ્રતિક્રિયા મળી નહીં.

ગઈ કાલની મેચમાં વધુ એક વિવાદ પણ સર્જાયો હતો. મેચમાં હાર બાદ પાકિસ્તાન ટીમનો કેપ્ટન સલમાન આગા સત્તાવાર બ્રોડકાસ્ટર સાથે ઇન્ટરવ્યુ માટે હાજર થયો ન હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે જણાવ્યું કે ભારતીય ટીમના પગલા સામે વિરોધ નોંધાવવા સલમાન અલી આગાએ મેચ પછીના પ્રેઝન્ટેશનનો બહિષ્કાર કર્યો હતો.

# આવતા રવિવારે ફરી ભારત પાકિસ્તાન ટકરાશે, પરંતુ સમીકરણ બદલાઈ પણ શકે

દુબઈ: ઘણા મહિનાઓથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-૨૦ એશિયા કપના મુકાબલાની રાહ જોવાઈ રહી હતી અને રવિવારે એ હાઈ-વોલ્ટેજ મેચ રમાઈ ગઈ જેમાં ભારતે પાકિસ્તાનને સાત વિકેટે કચડી નાખ્યું, પરંતુ હવે મુદ્દો એ છે કે આવતા રવિવારે (૨૧મી સપ્ટેમ્બરે રાત્રે ૮:૦૦ વાગ્યાથી) ફરી ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થશે કે નહીં?

### કુલદીપ યાદવ મેન ઑફ ધ મેચ

રવિવારે ભારતે પાકિસ્તાનને ૯/૧૨૭ સુધી સીમિત રાખ્યા બાદ ૧૫.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૩૧ રન કરીને આસાન વિજય મેળવી લીધો હતો.

એમાં કેપ્ટન સૂર્યકુમારના અણનમ ૪૭ અને અભિષેક શર્મા તેમ જ તિલક વર્માના ૩૧-૩૧ રન સામેલ હતા.

૧૮ રનમાં પાકિસ્તાનની ત્રણ વિકેટ લેનાર કુલદીપ યાદવને મેન ઑફ ધ મેચનો અવોર્ડ આપવામાં આવ્યો હતો.

### શેડ્યૂલ મુજબ ભારત અને પાકિસ્તાનની બીજી ટક્કર છે જ

શેડ્યૂલ પ્રમાણે મોટા ભાગે તો રવિવારે બંને કટ્ટર હરીફ ટીમ સુપર-ફોર રાઉન્ડમાં સામસામે આવવાની જ છે, પરંતુ મુદ્દાની વાત એ છે કે ભારત ૧૪ સપ્ટેમ્બરે પાકિસ્તાનને હરાવીને સુપર-ફોરમાં પહોંચી ગયું છે, જ્યારે પાકિસ્તાને બુધવારે યજમાન યુએઈની મજબૂત ટીમ સામે જીતવું જ પડશે. પાકિસ્તાન એમાં જીતશે તો આસાનીથી સુપર-ફોરમાં પહોંચી જશે. નહીં તો, ગ્રૂપ ' એ'માંથી ભારત સાથે બીજી કઈ ટીમ સુપર-ફોરમાં જશે એ માટે રસાકસી થશે. બંને ગ્રુપમાંથી બે-બે ટીમ સુપર ફોર રાઉન્ડમાં જવાની છે. ગ્રૂપ ' બી'માં સોમવારે બપોરે આ લખાઈ રહ્યું છે ત્યારે અફઘાનિસ્તાન શ્રીલંકા અને બાંગ્લાદેશ બે-બે પોઇન્ટ સાથે બરાબરીમાં હતા, જ્યારે હોંગ કોંગની ટીમ બંને મેચ હારી ચૂકી હોવાથી એના નામે પોઇન્ટસ ટેબલમાં શૂન્ય હતું.

### યુએઈ જો પાકિસ્તાનને હરાવે તો...

જો બુધવારે પાકિસ્તાન સામે યુએઈ જીતી જશે તો સુપર ફોરમાં પહોંચવા માટે એ બે ટીમ વચ્ચે હરીફાઈ થશે. એમાં નેટ રન રેટ મહત્વની ભૂમિકા ભજવશે. એ પહેલાં યુએઈએ જો ઓમાનને હરાવ્યું હશે તો સમીકરણ બદલાઈ જશે.

### શુક્રવારે ભારત વિરુદ્ધ ઓમાન

બીજી નવાઈની વાત એ છે કે શુક્રવારે ભારત સામે ઓમાનની ટીમ રમશે. એમાં ભારતના જીતવાના ચાન્સ સૌથી વધુ છે પણ જો ઓમાન જીતશે તો એ પણ બે પોઇન્ટ અને સધ્ધર સ્થિતિમાં લાવી શકે એવા નેટ રન રેટ સાથે સુપર-ફોર માટેનો દાવો કરી શકશે. યુએઈ અને ઓમાન વચ્ચેની મેચ પણ સુપર-ફોર માટે બની રહેલા સમીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી શકે.

ટૂંકમાં, પાકિસ્તાન બુધવારે યુએઈ સામે જીતે અને એકંદરે યુએઈ તથા ઓમાન પોતપોતાની બાકીની કુલ બે-બે મેચ હારે તો પાકિસ્તાન માટે સુપર-ફોરનો માર્ગ મોકળો થાય અને તો જ આગામી રવિવારે ફરી એક વખત ભારત-પાકિસ્તાન વચ્ચે જંગ થઈ શકે અને એમાં પણ વિજય મેળવીને ભારત પહલગામમાં શહીદ થયેલાઓને વધુ એક જીત સમર્પિત કરી શકે.

# પહલગામના પીડિતો અને લશ્કરને વિજય છે સમર્પિત: સૂર્યા

મુંબઇ : એશિયા કપ ૨૦૨૫ની મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે પાકિસ્તાનને ૭ વિકેટે હરાવીને શાનદાર જીત હાંસલ કરી છે. ભારતે આ મેચમાં શાનદાર બેટિંગ અને બોલિંગનું પ્રદર્શન કરીને પાકિસ્તાનને મહાત આપી. આ જીત ભારતીય ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે દેશના સશસ્ત્ર દળોને સમર્પિત કરી, જેની સાથે તેણે પહલગામના પીડિત પરિવારો પ્રત્યે એકતા દર્શાવી. આ મેચ ખાસ હતી કારણ કે તે સૂર્યકુમારના જન્મદિવસે રમાઈ, જેના કારણે આ જીત તેમના માટે વધુ ખાસ બની.

ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો અને પાકિસ્તાનની ટીમને માત્ર ૧૨૭ રનમાં સમેટી દીધી. ભારતે આ લક્ષ્યને પચીસ બોલ બાકી હતા તે પહેલા હાંસલ કરી લીધું હતું, જેમાં સૂર્યકુમાર યાદવની શાનદાર બેટિંગનો મહત્વનો ફાળો રહ્યો. તેણે મેચના અંત સુધી બેટિંગ કરીને પોતાનું લક્ષ્ય પૂરું કર્યું, જેની તેમણે હંમેશા ઈચ્છા રાખી હતી. પોસ્ટ-મેચ સેરેમનીમાં ચાહકોના 'હેપ્પી બર્થડે'ના નારાઓએ માહોલને ઉત્સાહથી ભરી દીધો, અને સૂર્યાએ આ જીતને પોતાના જન્મદિવસની શ્રેષ્ઠ ભેટ ગણાવી હતી.

મેચ પછી સૂર્યકુમારે કહ્યું કે આ મેચ તેની ટીમ માટે એક સામાન્ય મેચ હતી, અને તેઓ દરેક વિરોધી ટીમ સામે સમાન તૈયારી સાથે રમે છે. તેણે સ્પિનરોની પ્રશંસા કરી, જેણે મિડલ ઓવર્સમાં મેચ પર નિયંત્રણ રાખ્યું. આ સાથે, તેણે પહલગામના આતંકી હુમલાના પીડિતો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી અને કહ્યું કે ટીમ હંમેશા તેના માટે મેદાન પર સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. સૂર્યાએ આ જીતને સશસ્ત્ર દળોની હિંમત અને બલિદાનને સમર્પિત કરી.

# પહલગામના પીડિતોની પડખે અમે અડીખમ ઊભા છીએ એ અમે દેખાડવા માગતા હતા: ગંભીર

દુબઈ : ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે એશિયા કપમાં પાકિસ્તાન સામેની જીતને યાદગાર ગણાવી હતી પરંતુ તેમના માટે સૌથી મહત્ત્વની વાત એ હતી કે ટીમ પહલગામ આતંકવાદી હુમલાના પીડિતો સાથે એકતા દર્શાવવામાં સફળ રહી હતી.

ટૂર્નામેન્ટ બ્રોડકાસ્ટર સોની સ્પોર્ટ્સ સાથે વાત કરતા ગંભીરે કહ્યું હતું કે, ''આ એક સારી જીત છે પરંતુ ટૂર્નામેન્ટમાં હજુ ઘણું ક્રિકેટ બાકી છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, એક ટીમ તરીકે, અમે પહલગામ હુમલાના પીડિતો, બધા પરિવારો અને તેમની સાથે જે એ પછી અમે તેમની પડખે છીએ એ દેખાડવા માગતા હતા.

તેમણે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂરમાં મળેલી સફળતા માટે અમે સશસ્ત્ર દળોનો પણ આભાર માનવા માંગીએ છીએ. મને વિશ્વાસ છે કે અમે દેશને ગર્વ અને ખુશ કરવાનો પ્રયાસ કરીશું. આ મેચ અંગે ગંભીરે કહ્યું હતું કે તે તેના ખેલાડીઓ પાસેથી આનાથી સારા પ્રદર્શનની અપેક્ષા રાખી શકતો ન હતો. તેમણે કહ્યું હતું કે, તમે આનાથી સારા પ્રદર્શનની અપેક્ષા રાખી શકો નહીં, ખાસ કરીને બોલરોએ જે રીતે બોલિંગ કરી. જો તમે વિરોધી ટીમને ૧૨૭ રન સુધી મર્યાદિત કરી રહ્યા છો, તો તેનો અર્થ એ કે તમે ખૂબ સારી બોલિંગ કરી.

ભૂતપૂર્વ ભારતીય ઓપનરે કહ્યું હતું કે અમે જે રીતે શરૂઆત કરી તે પણ મહત્ત્વપૂર્ણ હતી અને ખેલાડીઓ દિવસેને દિવસે સારું પ્રદર્શન કરી રહ્યા છે.

રાષ્ટ્રીય ટીમ સાથેના તેમના અત્યાર સુધીના સમય વિશે પૂછવામાં આવતા ગંભીરે કહ્યું હતું કે, તમે સફરજન અને સંતરાની તુલના કરી શકતા નથી. કેટલાક લોકો પરિવર્તનને સ્પષ્ટ રીતે જોઈ શકતા નથી, પરંતુ અમે ખેલાડીઓને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે, સપોર્ટ સ્ટાફે તેમને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે અને અમે ભવિષ્યમાં પણ સારા પરિણામો પ્રાપ્ત કરવાનું ચાલુ રાખીશું.

# પાકિસ્તાન સામે જીત્યા ખરા પણ નેટ રન રેટ ઘટી ગયો

દુબઈ: એશિયા કપ ૨૦૨૫ માં ગઈ કાલે બે કટ્ટર હરીફ ટીમો ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી, જેમાં ભારતે ફરી એક વાર પાકિસ્તાનને ધૂળ ચટાડી . ભારતે પાકિસ્તાનને ૭ વિકેટથી હરાવ્યું, આ જીત સાથે એશિયા કપના સુપર-૪ માં ભારતીય ટીમનું સ્થાન લગભગ નક્કી થઈ ગયું છે.

પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો ગ્રુપ-અમાં ભારતીય ટીમ હાલ ટોચ પર છે, પરંતુ ગઈ કાલની જીત છતાં ટીમ ઇન્ડિયાને નેટ રન રેટમાં મોટું નુકશાન પહોંચ્યું છે.

એશિયા કપ ૨૦૨૫ના ગ્રુપ અ માં ભારત, પાકિસ્તાન, ઓમાન અને યુએઇની ટીમોનો સમાવેશ થાય છે. પાકિસ્તાન પહેલા ભારતીય ટીમે યુએઇની સામે ૯ વિકેટે શાનદાર જીત મેળવી હતી, અને બે પોઈન્ટ મેળવ્યા હતાં, ત્યાર બાદ પાકિસ્તાનને ૭ વિકેટે હરાવીને ભરતીય ટીમે વધુ બે પોઈન્ટ્સ મેળવ્યા હતાં. હાલ ચાર પોઈન્ટ્સ સાથે ભારતીય ટીમ ગ્રુપ-અમાં ટોચ પર છે. ભારતીય ટીમ ગ્રુપ-અના પોઈન્ટ ટેબલમાં ટોચ પર તો છે, પરંતુ પાકિસ્તાન સામેની મેચ બાદ ટીમની નેટ રન રેટમાં ઘટાડો થયો છે. યુએઇ સામેની મેચમાં ભારતે ૪.૩ ઓવરમાં જ જીત મેળવી લીધી હતી, જેને કારણે ટીમનો નેટ રન નેટ ૧૦.૪૮૩ પર પહોંચ્યો હતો, પરંતુ પાકિસ્તાનને આપેલો ૧૨૮ રનનો ટાર્ગેટ ચેઝ કરવા ભારતીય બેટરો એ ૧૫.૫ ઓવર રમી હતી, જેને કારણે ટીમ ઈન્ડિયાનો નેટ રન રેટ હવે ઘટીને ૪.૭૯૩ થઈ ગયો છે.

ભારત સામે હાર બાદ પાકિસ્તાન ગ્રુપ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે, તેની પાસે બે પોઈન્ટ છે અને નેટ રન રેટ ૧.૬૪૯ છે.

# મોહમ્મદ સિરાજ આઈસીસી પ્લૅયર ઑફ ધ મન્થ જાહેર

મુંબઈ: ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં હીરો રહેલા ભારતના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને એશિયા કપની ટીમમાં સ્થાન નથી મળ્યું પરંતુ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી)એ મોહમ્મદ સિરાજને મોટું સન્માન આપ્યું છે. સિરાજને પ્લેયર ઓફ ધ મન્થ જાહેર કરવામાં આવ્યો છે. આઇસીસીએ સિરાજને ઓગસ્ટ મહિના માટે પ્લેયર ઓફ ધ મન્થનું સન્માન આપ્યું છે. ભારતીય ટીમના ઈંગ્લેન્ડ પ્રાવાસ દરમિયાન સિરાજે મહત્વની ભૂમિકા ભજવી હતી. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજો વગર રમી રહેલી ભારતીય ટીમને ઈંગ્લેન્ડ સામેની સિરીઝ ૨-૨ બરાબર કરાવવામાં મોહમ્મદ સિરાજે સૌથી મોટો ફાળો આપ્યો હતો.

પાંચમી મેચના છેલ્લા દિવસે શાનદાર બોલિંગ કરીને સિરાજે ભારતીય ટીમને ૬ રનથી જીત આપાવી હતી. તેણે બંને ઇનિંગ મળીને ૯ વિકેટ લીધી. સિરાજે કહ્યું હતું કે, આઇસીસીનો પ્લેયર ઓફ ધ મન્થનો એવોર્ડ મળવો એ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણી ખૂબ જ યાદગાર રહી અને તે મારી કારકિર્દીની સૌથી મુશ્કેલ સ્પર્ધા રહી. મને એ વાતનો ગર્વ છે કે મહત્વપૂર્ણ સમયે હું ટીમ માટે યોગદાન આપી શક્યો. ઇંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં તેમની મજબૂત બેટિંગ લાઇનઅપ સામે બોલિંગ કરવી પડકારજનક હતી, પરંતુ તેનાથી મારું શ્રેષ્ઠ પ્રદર્શન બહાર આવ્યું. સિરાજે કહ્યું, આ એવોર્ડ જેટલો મારો છે એટલો જ મારા સાથી ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફનો પણ છે. તેમના સતત પ્રોત્સાહન અને વિશ્વાસે મને પ્રેરણા આપી. હું સખત મહેનત કરતો રહીશ અને ભારતીય જર્સી પહેરીને હંમેશા પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરીશ.

# હોંગ કોંગને ચાર વિકેટે હરાવી દીધું શ્રીલંકાએ

દુબઈ : એશિયા કપ ૨૦૨૫માં ગઈ કાલે રમાયેલી બીજી મૅચમાં હોંગ કોંગે શ્રીલંકાને જીતવા માટે આપેલા ૧૫૦ રનના લક્ષ્યાંકને લંકાની ટીમે ૭ બોલ બાકી હતા ત્યારે સિદ્ધ કરીને ચાર વિકેટે વિજય મેળવ્યો હતો.

અગાઉ, પહેલા બૅટિંગ કરતા હોંગ કોંગની ટીમે ૪ વિકેટે ૧૪૯ રન કર્યા હતા. હોંગ કોંગ તરફથી નિઝાકત ખાને અડધી સદી ફટકારી હતી. તેણે ૩૮ બોલમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૫૨ રન કર્યા હતા. ઓપનર અંશુમન રથે ૪૮ રનની ઇનિંગ રમી હતી. શ્રીલંકા તરફથી દુષ્મંથ ચમીરાએ બે વિકેટ લીધી હતી. શ્રીલંકાએ બાંગ્લાદેશ સામે મોટી જીત સાથે ટૂર્નામેન્ટની શરૂઆત કરી હતી. હોંગ કોંગને પહેલી મેચમાં અફઘાનિસ્તાન અને પછી બાંગ્લાદેશ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. બે મેચ હાર્યા બાદ ટીમ પહેલાથી ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. શ્રીલંકાના કેપ્ટન ચરિથ અસલંકાએ હોંગ કોંગ સામે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો.

વાનિન્દુ હસરંગાએ બાબર હયાતને આઉટ કર્યો હતો. શ્રીલંકાને પહેલી સફળતા હોંગ કોંગના ઓપનર ઝીશાન અલીના રૂપમાં મળી હતી. ઝીશાને ૨૩ રન ફટકાર્યા હતા. હોંગ કોંગે પહેલી ત્રણ ઓવરમાં ઝડપી શરૂઆત કરી અને કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના ૩૧ રન કરી લીધા હતા. ઝીશાન અલી અને અંશુમાન રથે ઇનિંગ્સ સંભાળી અને રન રેટ ઝડપી કર્યો હતો. અંશુમાન રથ ૪૮ રન કરી આઉટ થયો હતો.

# યુએઈનો ૪૨ રને ઓમાન સામે વિજય

દુબઈ : કૅપ્ટન મોહમ્મદ વસીમ અને અલીશાન શરફુએ ઝંઝાવતી અર્ધસદી ફટકારતાં અને જુનૈદ સિદ્દીકે ૨૩ રનમાં ચાર વિકેટ લેતાં એશિયા કપમાં સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)એ ઓમાનને ૪૨ રનથી હરાવ્યું હતું.

આ વિજયની મદદથી અમિરાતે એશિયા કપમાં સુપર-ફોરમાં પ્રવેશવાની આશા જીવંત રાખી હતી. વાસીમે ૫૪ બોલમાં ૬૯ રન કર્યા હતા. તે છેલ્લી ઓવરમાં આઉટ થયો હતો. તેના ઓપનિંગ પાર્ટનર શરફુએ ૩૮ બોલમાં ૫૧ રન કર્યા હતા. અમિરાતે પાંચ વિકેટે ૧૭૨ રન કર્યા હતા. હવે અમિરાત બુધવારે પાકિસ્તાનને હરાવે અને ભારત ઓમાન સામે જીતે તો અમિરાત સુપર-ફોરના રાઉન્ડમાં પ્રવેશી શકે.

# એશિયા કપ: આજે બાંગ્લાદેશ માટે 'કરો યા મરો'

### અફઘાનિસ્તાનના સ્પિનરો સામે થશે કસોટી

અબુ ધાબી : આજે એશિયા કપમાં બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન સામ સામે ટકરાશે. પોતાના બેટ્સમેનોના ખરાબ ફોર્મથી ઝઝૂમી રહેલા બાંગ્લાદેશને મંગળવારે એશિયા કપમાં અફઘાનિસ્તાન સામે ગ્રુપ-બીની મેચ 'કરો યા મરો'ની રહેશે. બાંગ્લાદેશના બેટ્સમેનોની અફઘાનિસ્તાનના સ્પિનરો સામે કસોટી થશે.

લિટન દાસની કેપ્ટનશિપ હેઠળની ટીમે હોંગકોંગ સામે શાનદાર વિજય સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી હતી, પરંતુ શ્રીલંકા સામે કારમી હાર સાથે તેના માટે સુપર-ફોરમાં પહોંચવાનું મુશ્કેલ બન્યું હતું. તે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને સરકી ગયું છે. નેટ રન રેટના આધારે અફઘાનિસ્તાન (૪.૭૦૦) આગળ છે. શ્રીલંકા (૨.૫૯૫) ગ્રુપ-બીમાં બીજા સ્થાને છે, તેથી બાંગ્લાદેશ (-૦.૬૫૦) ને ટૂર્નામેન્ટમાં ટકી રહેવા માટે કોઈપણ કિંમતે તેની છેલ્લી મેચ જીતવી પડશે.

બાંગ્લાદેશની સૌથી મોટી ચિંતા તેની બેટિંગ છે. તેનો ટોપ ઓર્ડર શ્રીલંકા સામે ખરાબ રીતે નિષ્ફળ ગયો હતો, ત્યારબાદ જૈકર અલી અને શમીમ હુસૈને છઠ્ઠી વિકેટ માટે ૮૬ રનની ભાગીદારી કરીને ઇનિંગ્સની જવાબદારી સંભાળી હતી. ફરી એકવાર બધાની નજર કેપ્ટન લિટન દાસ પર રહેશે, જેણે હોંગકોંગ સામે અડધી સદી ફટકારી હતી.

હવે તેમનો સામનો અફઘાનિસ્તાનના કેપ્ટન રાશિદ ખાન, અનુભવી મોહમ્મદ નબી, ડાબોડી સ્પિનર નૂર અહેમદ અને એએમ ગઝનફર જેવા મજબૂત સ્પિન આક્રમણ સામે થશે, જે અહીંની પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા કોઈપણ ટીમ માટે શ્રેષ્ઠ કોમ્બિનેશન હશે.

# આજથી ચાઈના માસ્ટર્સ બેડમિન્ટનની શરૂઆત

### લક્ષ્ય સેન, સાત્વિક-ચિરાગ પર રહેશે નજર

શેનઝેન (ચીન): હોંગકોંગ ઓપનની ફાઈનલ સુધી પહોંચનારા ભારતીય બેડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેન અને સાત્વિકસાઈરાજ રેંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી મંગળવારથી અહીં શરૂ થઈ રહેલી ચાઇના માસ્ટર્સ સુપર ૭૫૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં પોતાનું ફોર્મ જાળવી રાખવા માગશે.

છેલ્લાં બે વર્ષમાં પ્રથમ મોટી ટૂર્નામેન્ટની ફાઇનલમાં પહોંચેલા લક્ષ્યનો સામનો અહીં પહેલા રાઉન્ડમાં ફ્રાન્સના ટોમા જૂનિયર પોપોવ સામે થશે. પેરિસ ઓલિમ્પિકમાં ચોથા સ્થાને રહ્યા બાદથી અલ્મોરાનો ૨૪ વર્ષીય લક્ષ્ય ઘણી ટુર્નામેન્ટમાં શરૂઆતમાં જ બહાર થઈ ગયો હતો. જોકે તેણે હોંગકોંગ ઓપનમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

તેણે કહ્યું હતું કે, મારે વધુ આત્મવિશ્વાસ રાખવો પડશે. મારે પહેલા દિવસથી જ પ્રક્રિયાને વળગી રહેવું પડશે. આઠમી ક્રમાંકિત સાત્વિક અને ચિરાગ આ સીઝનમાં છ વખત સેમિફાઇનલમાં પહોંચ્યા છે. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બીજો બ્રોન્ઝ જીત્યો અને હોંગકોંગ ઓપનમાં રનર્સ-અપ રહ્યા હતા. જોકે, એશિયન ગેમ્સ ચેમ્પિયન જોડી આ સીઝનમાં ટાઇટલ જીતી શકી નથી. પહેલા રાઉન્ડમાં તેમનો સામનો મલેશિયાના જુનૈદ આરિફ અને રોય કિંગ યાપ સામે થશે.

છેલ્લા ૧૬ મહિનામાં આ તેમની પ્રથમ ફાઈનલ હતી. સાત્વિકે રવિવારે કહ્યું હતું કે, જે રીતે આપણે રમી રહ્યા છીએ, તે રીતે આપણે જીતી શકીએ છીએ. તે ફક્ત પોતાના પર વિશ્વાસ રાખવાની વાત છે. ગયા અઠવાડિયે જાપાનના કોડાઈ નરોઓકાને હરાવનાર આયુષ શેટ્ટીનો સામનો છઠ્ઠા ક્રમાંકિત ચીની તાઈપેઈના ચૌ ટિએન ચેન સામે થશે.

મહિલા સિંગલ્સમાં બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુનો સામનો ડેન્માર્કની જુલી ડાવાલ જેકબસેન સામે થશે. ૩૦ વર્ષીય સિંધુ વર્લ્ડ ચેમ્પિયનશિપ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી હતી પરંતુ લાઇન ક્રિસ્ટોફરસન સામે હારી ગઈ હતી.

મહિલા ડબલ્સમાં શ્વેતાપર્ણા અને ઋતુપર્ણા પાંડાનો સામનો મલેશિયાની ઑંગ શિન યી અને કારમેન ટિંગ સામે થશે.

# રજત પાટીદારની કેપ્ટનશિપમાં સેન્ટ્રલ ઝોન બન્યું ચેમ્પિયન

### દુલીપ ટ્રોફીની ફાઈનલમાં સાઉથ ઝોનને હરાવ્યું

બેંગલૂરુ : સોમવારે બેંગલૂરુમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સ ગ્રાઉન્ડ પર સાઉથ ઝોનને છ વિકેટથી હરાવીને સેન્ટ્રલ ઝોન ૧૧ વર્ષ બાદ દુલીપ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યું છે. રજત પાટીદારના નેતૃત્વ હેઠળની સેન્ટ્રલ ઝોન ટીમ સમક્ષ ૬૫ રનનો ટાર્ગેટ હતો, પરંતુ સાઉથ ઝોન ટીમના બોલરોએ તેમના બેટ્સમેનોની પરીક્ષા લીધી હતી. જ્યારે સેન્ટ્રલ ઝોને ૨૦.૩ ઓવરમાં ચાર વિકેટે ૬૬ રન કરીને લક્ષ્યાંક હાંસલ કર્યો ત્યારે અક્ષય વાડકર (૧૯ અણનમ, બાવન બોલ) અને યશ રાઠોડ (૧૩ અણનમ, ૧૬ બોલ) ક્રીઝ પર હતા. ડાબા હાથના સ્પિનર અંકિત શર્માએ દાનિશ માલેવાર (૦૫) ને આઉટ કર્યો હતો. બાદમાં તેણે સેન્ટ્રલ ઝોનના કેપ્ટન રજત પાટીદારની વિકેટ પણ લીધી હતી.

ફાસ્ટ બોલર ગુરજપનીત સિંહે શુભમ શર્મા અને સારાંશ જૈનની વિકેટ લીધી હતી. પ્લેયર ઓફ ધ મેચ રાઠોડ અને વાડકરે ત્યારબાદ સેન્ટ્રલ ઝોનને લક્ષ્ય સુધી પહોંચાડ્યું હતું. સારાંશને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. આ વર્ષે કેપ્ટન તરીકે પાટીદારનું આ બીજું ટાઇટલ છે. અગાઉ, તેણે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુને આઇપીએલમાં ચેમ્પિયન બનાવ્યું હતું.

મેચ પછી તેણે કહ્યું હતું કે, 'દરેક કેપ્ટન ટ્રોફી જીતવાનું પસંદ કરે છે. અમારા ખેલાડીઓએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સારું પ્રદર્શન કર્યું અને હું તેનાથી ખૂબ જ ખુશ છું.' રજતે એક વર્ષમાં ત્રણ ટીમોને ફાઇનલમાં પહોંચાડી છે અને બે વાર ચેમ્પિયન બન્યો છે. આઇપીએલ અને દુલીપ ટ્રોફી પહેલા રજતની કેપ્ટનશિપ હેઠળ મધ્ય પ્રદેશની ટીમ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની ફાઇનલમાં પહોંચી હતી પરંતુ મુંબઈ સામે હારી ગઈ હતી.

દક્ષિણ ઝોનના કેપ્ટન અઝહરુદ્દીને કહ્યું હતું કે દુલીપ ટ્રોફીની ફાઇનલમાં પહોંચવું તેમના માટે લાંબા સ્થાનિક સીઝનમાં પ્રેરણારૂપ બનશે, જે હવે ૧૫ ઓક્ટોબરથી રણજી ટ્રોફી તબક્કામાં પ્રવેશ કરશે. આગામી ડોમેસ્ટિક સીઝન ખૂબ લાંબી છે અને મને વિશ્વાસ છે કે અહીં મેળવેલા અનુભવનો અમને ફાયદો થશે.'

# પ્રેશરમાં સારું રમશે તો ભારતીય મહિલા ટીમ ક્રિકેટ વર્લ્ડ કપ જીતી શકે છે: નાઇક

મુંબઈ : ભૂતપૂર્વ ભારતીય મહિલા વિકેટકીપર-બેટ્સમેન સુલક્ષણા નાઈકે સોમવારે કહ્યું હતું કે ભારતીય મહિલા ટીમ ઘરઆંગણે વર્લ્ડ કપ જીતવા માટે સક્ષમ છે. જોકે તેના માટે તેણે દબાણનો સામનો કરતા શીખી લેવો પડશે. ભારતીય મહિલા ટીમ હજુ સુધી વન-ડે વર્લ્ડ કપ જીતી શકી નથી અને તે ૩૦ સપ્ટેમ્બરથી ભારત અને શ્રીલંકામાં યોજાનારી ટૂર્નામેન્ટમાં ટ્રોફીમાં વર્લ્ડ કપ જીતવાનો પ્રયાસ કરશે.

ભારત માટે બે ટેસ્ટ, ૪૬ વન-ડે અને ૩૦ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલા નાયકે અહીં વર્લ્ડ કપ ટ્રોફી પ્રવાસ દરમિયાન એક પેનલ ચર્ચામાં કહ્યું હતું કે, આ ટીમ વર્લ્ડ કપ જીતવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. મને ફક્ત દબાણની ચિંતા છે. તેઓએ દબાણ લેવું જોઈએ નહીં.

બીસીસીઆઈની ક્રિકેટ સલાહકાર સમિતિના સભ્ય નાયકે કહ્યું હતું કે, ભારતીય મહિલા ટીમે તેની આદત પાડી દેવી જોઈએ.

# પ્રોફિટ બુકિંગને કારણે નિફ્ટીની આઠ દિવસની આગેકૂચને બ્રેક, સેન્સેક્સ ૧૧૯ પોઈન્ટ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સતત આઠ દિવસની એકધારી આગેકૂચ બાદ સપ્તાહના પહેલા દિવસે પ્રોફિટ બુકિંગને કારણે નિફ્ટીની આઠ દિવસની તેજીને બ્રેક લાગી હતી, જ્યારે સેન્સેક્સ ૧૧૯ પોઇન્ટ ગબડ્યો હતો. તાજેતરની તેજી પછી ખાસ કરીને આઇટી અને ઓટો શેરમાં નફારૂપી વેચવાલીને કારણે સોમવારે અત્યંત અફડાતફડી વચ્ચે પસાર થઇને શેરબજાર નેગેટીવ ઝોનમાં સ્થિર થયું હતું.

પાંચ દિવસની તેજીના અંતે, ત્રીસ શેરોવાળા બીએસઈ સેન્સેક્સ ૧૧૮.૯૬ પોઇન્ટ અથવા ૦.૧૫ ટકા ઘટીને ૮૧,૭૮૫.૭૪ પોઇન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૧,૯૯૮.૫૧ પોઇન્ટની ઊંચી સપાટી અને ૮૧,૭૪૪.૭૦ પોઇન્ટની નીચી સપાટને અથડાયો હતો.

એ જ રીતે, આ તરફ પચાસ શેરોવાળો એનએસઈનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૪૪.૮૦ પોઇન્ટ અથવા ૦.૧૮ ટકા ઘટીને ૨૫,૦૬૯.૨૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો અને તેના આઠ દિવસના અપટ્રેન્ડને બ્રેક લાગી હતી.

માર્કેટ એનલિસ્ટ્સે જણાવ્યું હતું કે બજારો આ સપ્તાહની યુએસ ફેડરલ રિઝર્વ પોલિસી મીટિંગના પરિણામની રાહ જોઈ રહ્યા હોવાથી રોકાણકારોએ સાઇડ લાઇન પર રહેવાનું અથવા પ્રોફિટ બુકિંગ કરવાનું પસંદ કર્યું હતું.

સેન્સેક્સ કંપનીઓમાં, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એશિયન પેઇન્ટ્સ, ઇન્ફોસિસ, ટાઇટન, સન ફાર્મા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા અને પાવર ગ્રીડ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે, બજાજ ફાઇનાન્સ, ઇટર્નલ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા.

સોમવારે બજાર નિયમનકાર તરફથી મળેલા અપડેટ મુજબ, કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની અને હીરો મોટર્સ, એમવી ફોટોવોલ્ટેઇક પાવર, પાઈન લેબ્સ, મણિપાલ પેમેન્ટ અને આઇડેન્ટિટી સોલ્યુશન્સ અને ઓર્કલા ઇન્ડિયાને આઇપીઓ ફ્લોટ કરવા માટે લીલીઝંડી મળી ગઈ છે. આઇવેલ્યુ ઇન્ફોસોલ્યુશન્સના આઇપીઓની પ્રાઇસ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૨૮૪થી રૂ.૨૯૯ની રેન્જમાં નક્કી કરવામાં આવી છે. સબ્સ્ક્રિપ્શન ૧૮ સપ્ટેમ્બરના રોજ ખૂલશે અને ૨૨ સપ્ટેમ્બરના રોજ બંધ થશે. એન્કર રોકાણકારોને ફાળવણી ૧૭ સપ્ટેમ્બરે થશે. મિનિમમ લોટ સાઈઝ ૫૦ ઇક્વિટી શેર છે અને ત્યારબાદ ૫૦ ઇક્વિટી શેરના ગુણાંકમાં રોકાણ કરી શકાશે. એનએસઇ અને બીએસઇ પર લિસ્ટિંગ ૨૫મીએ થશે.

બિરલા કોર્પોરેશને રૂ. ૪૩૩૫ કરોડના રોકાણ સાથે નવા ગ્રાઇન્ડિંગ યુનીટ અને ક્લિંકર સ્ટેશન મારફત સિમેન્ટનું ઉત્પાદન ૨૭.૬૦ મિલિયન ટન સુધી વિસ્તારવાનો લક્ષ્ય જાહેર કર્યો છે. લાર્સન એન્ડ ટુબ્રોને મુંબઇથી અમદાવાદ રૂટ માટેના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે રૂ. ૨૫૦૦ કરોડથી મોટો ઓર્ડર મળ્યો છે. ટીવીએસ મોટરે ઇલેક્ટ્રીક થ્રી વ્હીલર્સ માટે એટીએલ સાથે સહયોગ સાધ્યો છે.

શ્રીજી શિપિંગ ગ્લોબલ લિમિટેડે ૩૦ જૂનના રોજ પૂરા થયેલા પહેલા ક્વાર્ટરમાં કામગીરીમાંથી આવક રૂ. ૧૬૧.૧૯ કરોડ હતી, જે ૨૦૨૫ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૧૩૦.૦૭ કરોડ હતી. એબિટા રૂ. ૫૯.૮૭ કરોડ

અને ચોખ્ખો નફો રૂ. ૨૫.૨૦ કરોડ સામે રૂ. ૩૭.૫૪ કરોડ નોંધાયો છે. ચોખ્ખા નફાનું માર્જિન પાછલા વર્ષના સમાનગાળાના ૧૯.૧૧ ટકા સામે ૨૩.૦૮ રહ્યું છે. મહારાષ્ટ્ર સ્કૂટરે શેરદીઠ રૂ. ૧૬૦નું વચગાળાનું ડિવિડંડ જાહેર કર્યું છે.

સર્વેશ્વર ઓવરસીઝ લિમિટેડે સિંગાપોર સ્થિત સ્વાન ઇન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી પ્રીમિયમ ભારતીય પારબોઇલ્ડ રાઇસના પુરવઠા માટે ચાર મુખ્ય નિકાસ કરાર મેળવ્યા છે. ચોખાની વિવિધ જાતોમાં કુલ ઓર્ડરનું કદ ૬૩.૧૦ કરોડ રૂપિયા જેટલું છે. કંપની પ્રીમિયમ બાસમતી ચોખા માટે જાણીત બ્રાન્ડ છે. સ્વાન ઇન્ટરનેશનલ કૃષિ પેદાશોના સ્ટોરેજ વેરહાઉસિંગ, પ્રોસેસિંગ અને પરિવહન ક્ષેત્રે કાર્યરત છે. એસબીઆઇ



એમએફ સહિત આઠ મ્યુચ્યુઅલ ફંડની એસેટમાં ઓગસ્ટમાં રૂ. ૩૦૦૦ કરોડનું ધોવાણ થયું છે

ફેડરલ પોલિસી મીટિંગ પહેલા રોકાણકારો સાવધ માનસમાં રહ્યા હોવાથી બેન્ચમાર્ક સૂચકાંકો મોટાભાગે ફ્લેટ રહ્યા હતા, ગયા સપ્તાહની તેજી પછી આઇટી ઇન્ડેક્સમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. ફેડરલ દ્વારા વ્યાજ દરમાં પચ્ચીસ બેસિસ પોઇન્ટનો ઘટાડો મોટાભાગે બજારે ડિસ્કાઉન્ટ કરી લીધો છે અને હવે બોન્ડ યીલ્ડ માટે તાગ મેળવવા માટે ફેડરલના વ્યાજદર અંગેના આગામી ગાઇડન્સ પર બજારની મીટ છે.

મજબૂત સ્થાનિક વપરાશ માગ બજારને સેન્ટિમેન્ટને ટેકો આપવાનું ચાલુ રાખે છે અને ઘટાડાને મર્યાદિત કરે છે, જ્યારે અમેરિકા સાથેની ટ્રેડ ડીલ સકારાત્મક રહેવાનો આશાવદ અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના પૂર્વાર્ધમાં કોર્પોરેટ અર્નિંગ્સ સારી રહેવાનો આશાવાદ રોકાણકારોના વિશ્વાસને વધુ ટેકો આપી રહ્યો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ સકારાત્મક ઝોનમાં સ્થિર થયો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચા મથાળે બંધ રહ્યો હતો. જાપાનનો શેરબજાર રજાને કારણે બંધ રહ્યું હતું. યુરોપમાં બજારો મોટાભાગે ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા, જ્યારે યુએસ બજારો શુક્રવારે મિશ્ર નોંધ પર બંધ થયા હતા.

શુક્રવારે, સેન્સેક્સ ૩૫૫.૯૭ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા ઉછળીને ૮૧,૯૦૪.૭૦ પોઇન્ટ પર સ્થિર થયો હતો, જે સતત પાંચમા દિવસે તેજીમાં રહ્યો હતો. જ્યારે સતત આઠમા દિવસે અપટ્રેન્ડ નોંધાવતો નિફ્ટી બેન્ચમાર્ક ૧૦૮.૫૦ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા વધીને ૨૫,૧૧૪ પોઇન્ટ પર પહોંચી ગયો હતો.

પાછલા અઠવાડિયે, બીએસઈ બેન્ચમાર્ક ૧,૧૯૩.૯૪ પોઈન્ટ અથવા ૧.૪૭ ટકા ઉછળ્યો છે અને નિફ્ટી ૩૭૩ પોઈન્ટ અથવા ૧.૫૦ ટકા વધ્યો છે. આઠ ટ્રેડિંગ દિવસોમાં, નિફ્ટી ૫૩૪.૪ પોઈન્ટ અથવા ૨.૧૭ ટકા ઉછળ્યો છે. ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૮ ટકા વધીને ૬૭.૩૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારે રૂ. ૧૨૯.૫૮ કરોડના ઇક્વિટી ખરીદ્યા હોવાનું એક્સચેન્જ ડેટામાં જણાવાયું છે.

એકધારી આઠેક દિવસની આગેકૂચ બાદ પ્રોફિટ બુકિંગ વચ્ચે બેન્ચમાર્કમાં પીછેહઠ છતાં માર્કેટ કેપિટલમાં વધારો નોંધાયો હતો. સત્ર દરમિયાન રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો, જ્યારે આઈટી શેરોમાં તીવ્ર ઘટાડા જોવા મળ્યો હતો. સત્રને અંતે એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૧.૩૩ લાખ કરોડનો વધારો થયો સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૯૦૪.૭૦ના બંધથી ૧૧૮.૯૬ પોઈન્ટ્સ (૦.૧૫ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૧,૯૨૫.૫૧ ખૂલીને ઊંચામાં ૮૧,૯૯૮.૫૧ સુધી અને નીચામાં ૮૧,૭૪૪.૭૦ સુધી જઈને અંતે ૮૧,૭૮૫.૭૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૧૦ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૦ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૪૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૬ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૯ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૬ ટકા ઘટ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૮.૭૨ લાખ કરોડથી રૂ. ૧.૩૩ લાખ કરોડ વધીને રૂ. ૪૬૦.૦૫ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે રિયલ્ટી ૨.૪૭ ટકા, કેપિટલ ગુડ્સ અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૬૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૫૩ ટકા, પાવર ૦.૫૧ ટકા, એનર્જી ૦.૩૧ ટકા અને સર્વિસીસ ૦.૨૮ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ ૦.૬૩ ટકા, આઈટી ૦.૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫ ટકા, હેલ્થકેર અને ટેક ૦.૪૫ ટકા અને ઓટો ૦.૩૨ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૮૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૩૩૦ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૮૮૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૬ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૧૦.૬૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૫૫૮ સોદામાં ૬૭૪ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૧,૨૧,૧૦૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨૬,૧૮,૫૪૫.૫૩ કરોડનું રહ્યું હતું.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બજાજ ફાઈનાન્સ ૦.૬૮ ટકા, ઈટર્નલ ૦.૫૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૪૬ ટકા, લાર્સન ૦.૩૩ ટકા અને રિલાયન્સ ૦.૩૨ ટકા વધ્યા હતા, જ્યારે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૬૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૬૬ ટકા, ઈન્ફોસિસ ૧.૧૫ ટકા, ટાઈટન ૧.૧૪ ટકા, સન ફાર્મા ૦.૮૫ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૭૨ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૩૯ ટકા ઘટ્યા હતા.

## ડોલર સામે રૂપિયો છ પૈસા વધીને ૮૮.૨૦ પર પહોંચ્યો



મુંબઈઃ સોમવારે રૂપિયો રેન્જ બાઉન્ડ ટ્રેડિંગ જોવા મળ્યો અને છ પૈસા વધીને ૮૮.૨૦ (ક્પ્રોવિઝનલ)ની સપાટી પર બંધ થયો હતો. સ્થાનિક એકમ યુએસ ટ્રેડ ટેરિફ અંગે ચિંતા અને જીડીપી દર ઘટાડાની આશા વચ્ચે અથડાયેલું રહ્યું છે. વિદેશી હૂંડિયામણ બજારના ફોરેક્સ ડીલરોએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેન્કના સંભવતઃ હસ્તક્ષેપથી અસ્થિરતાને નિયંત્રિત કરવામાં અને સ્થાનિક એકમના ઝડપી અવમૂલ્યનને રોકવામાં મદદ મળી છે. આંતરબેંક વિદેશી વિનિમય પર, રૂપિયો ૮૮.૨૫ પર ખુલ્યો, પછી દિવસ દરમિયાન ગ્રીનબેક સામે ૮૮.૩૦ના ઇન્ટ્રાડે નીચા અને ૮૮.૧૩ના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યો હતો. સ્થાનિક એકમ દિવસ માટે ૮૮.૨૦ (પ્રોવિઝનલ) પર સ્થિર થયો હતો, જે તેના અગાઉના બંધ કરતા છ પૈસા વધુ હતો.

## બુલિયન માર્કેટમાં નિરસ હવામાન વચ્ચે સોનાચાંદીના ભાવ ઘટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બુલિયન માર્કેટમાં નિરસ હવામાન વચ્ચે સોનાચાંદીના ભાવમાં સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો. બુલિયન ટ્રેડર્સ અનુસાર એકધારી તેજી રહી હોવાથી ઇન્વેસ્ટર્સ દ્વારા પ્રોફિટ બુકિંગ અને શ્રાદ્ધ પક્ષ ચાલતો હોવાથી ઘરાકી સહેજ ઠંડી પડી હોવાથી સોમવારે સોનાચાંદી સહેજ ઝાંખા પડ્યા હતા.

જોકે, એક ડીલરે જણાવ્યું હતું કે સામાન્ય રીતે શ્રાદ્ધ પક્ષમાં ઘરાકી બિલકુલ ઠપ હોય છે, તેને સ્થાને આ વખતે સારી કહી શકાય એવી ઘરાકી જોવા મળી છે. જીઓ-પોલિટિકલ પરિસ્થિતિ જોતાં બજારનો અંડરટોન મજબૂત જણાઇ રહ્યો છે. રશિયા, ઇઝરાયલ કે યુક્રેન જેવા દેશ સરળતાથી યુદ્ધ વિરામ કરવા માગતા નથી અને અમેરિકા રેટ કટ જાહેર કરશે તો કિંમતી ધાતુને વધુ બુસ્ટ મળશે એવી બજારમાં ચર્ચા છે.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું દસ ગ્રામે રૂ. ૧,૦૯,૭૦૭ના પાછલા બંધ સામે રૂ. ૧,૦૯,૬૦૩ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૧૯૬ના ઘટાડા



સાથે રૂ. ૧,૦૯,૫૧૧ની સપાટી પર બંધ રહ્યું હતું. એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું દસ ગ્રામે રૂ. ૧,૦૯,૨૬૮ના પાછલા બંધ સામે રૂ. ૧,૦૯,૧૬૪ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૧૯૬ના ઘટાડા સાથે રૂ. ૧,૦૯,૦૭૨ની સપાટી પર બંધ રહ્યું હતું.

એ જ રીતે, .૯૯૯ ટચની હાજર ચાંદી સટ્ટાકીય અને ઇન્ડસ્ટડ્રઉઈઅલ લેવાલીના પર્યાપ્ત ટેકાના અભાવે દબાઇ હતી. મુંબઇના ઝવેરી બજાર ખાતે આ શ્વેત કિમતી ધાતુનો ભાવ રૂ. ૧,૨૮,૦૦૮ પ્રતિ કિલોના પાછલા બંધ સામે રૂ. ૧,૨૭,૭૬૩ના ભાવે ખૂલીને અંતે એક કિલોદીઠ રૂ. ૨૧૭ના ઘટાડા સાથે રૂ. ૧,૨૭,૭૯૧ની સપાટીએ સ્થિર થઇ હતી.

નવી દિલ્હી ખાતે ચાંદી રૂ. ૧,૩૨,૩૦૦ના નવાં શિખરે પહોંચી હતી, જ્યારે સોનું વિક્રમી ઊંચી સપાટીથી પાછું ફર્યું હતું. ઓલ ઇન્ડિયા સારાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સોમવારે ચાંદીના ભાવ ૩૦૦ રૂપિયા પ્રતિ કિલોના ઉછાળા સાથે ૧,૩૨,૩૦૦ રૂપિયાની ઉચ્ચતમ સપાટીએ પહોંચી છે.

જ્યારે ૯૯.૯ ટકા શુદ્ધતાના પ્રમાણભૂત ગોલ્ડનો ભાવ (તમામ કરના સમાવેશ સહિત) ૧૦ ગ્રામદીઠ ૫૦૦ રૂપિયાના ઘટાડા સાથે ૧,૧૩,૩૦૦ રૂપિયા બોલાયો હતો અને આમ ચાર દિવસીય તેજીની આગેકૂચને બ્રેક લાગી હતી. પાછલા સત્રમાં શુક્રવારે, તેનો ભાવ રૂ. ૭૦૦ના ઉછાળા સાથે ૧૦ ગ્રામ દીઠ ૧,૧૩,૮૦૦ રૂપિયાના વિક્રમી સ્તરે પહોંચ્યા હતા.

એ જ રીતે, ૯૯.૫ ટકાની શુદ્ધતા ધરાવતા સોનાના ભાવ પણ ૧૦ ગ્રામ દીઠ રૂ. ૫૦૦ના ઘટાડા સાથે ૧,૧૨,૮૦૦ (તમામ કરનો સમાવેશ) રૂપિયાના સ્તરે પહોંચ્યું હતું. પાછલા બજાર સત્રમાં આ કિંમતી ધાતુ ૧૦ ગ્રામ દીઠ ૧,૧૩,૩૦૦ રૂપિયાના સ્તર પર બંધ થઈ હતી.

## જીએસટીમાં રાહત બાદ સરકાર નિકાસ પ્રોત્સાહન પેકેજ લાવવાની તૈયારીમાં

મુંબઇઃ જીએસટીમાં સામાન્ય લોકોને રાહત આપ્યા બાદ હવે મોદી સરકાર આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલા મુદ્દા પર મોટું પગલું લેવાની તૈયારીમાં છે. સરકારી સૂત્રો અનુસાર, કેન્દ્ર સરકાર ટૂંકસમયમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફથી પ્રભાવિત નિકાસકારો માટે ખાસ રાહત પેકેજની જાહેરાત કરશે.

અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા સુધીના ટેરિફે ભારતીય ટેક્સટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરીના નિકાસકારો સામે ગંભીર પડકારો ઊભા કર્યા છે.

આ સિવાય ચામડું, ફૂટવેર, કેમિકલ, એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ, કૃષિ અને દરિયાઈ નિકાસ સંબંધિત ઉદ્યોગો પર પણ અસર થઈ છે. આ ઉદ્યોગ સાથે જોડાયેલા નિકાસકારોએ થઈ રહેલા નુકસાનની ભરપાઈ માટે કેન્દ્ર સરકાર સમક્ષ માગ કરી હતી. જેને ધ્યાનમાં લેતાં રાહત પેકેજ આપવા વિચારણા થઈ રહી છે.

સરકારી સાધનો અનુસાર, પ્રસ્તાવિત યોજનામાં નાના અને મધ્યમ નિકાસકારોની લિક્વિડિટીની સમસ્યા દૂર કરવા, કાર્યકારી મૂડી બોજો ઘટાડવા, તેમજ સૌથી મહત્ત્વનું નોકરીઓ સુરક્ષિત રાખવા સામેલ થશે. જ્યાં સુધી નિકાસકારો માટે નવા બજારની શોધ ન થાય ત્યાં સુધી ઉત્પાદન ચાલુ રાખવામાં કોઈ અડચણ ન નડે તે હેતુ સાથે આ રાહત પેકેજ જાહેર કરવામાં આવશે.

સાધનોએ જણાવ્યું કે, આ પેકેજ કોવિડ-૧૯ મહામારી દરમિયાન એમએસએમઇ સેક્ટરને આપવામાં આવેલા રૂ. ૨૦ લાખ કરોડના રાહત પેકેજની તર્જ પર તૈયાર કરવામાં આવી રહ્યું છે. તે સમયે જે રીતે આ રાહત પેકેજ ઉદ્યોગો માટે આશીર્વાદ સમાન રહ્યું હતું.

આ પગલાંથી નિકાસકારોને મુશ્કેલીના દોરમાંથી બહાર નીકળવામાં મદદરૂપ થઈ હતી. વધુમાં સરકાર એક્સપોર્ટ પ્રમોશન મિશન પર પણ કામ કરી રહી છે. જેની જાહેરાત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં થઈ હતી. આ મિશનનો હેતુ ભારતના નિકાસ બજારને વૈશ્વિક સ્તરે હરીફાઈ માટે મજબૂત બનાવવા તેમજ નવા બજારોમાં ભારતીય પ્રોડક્ટ્સની ઉપલબ્ધતા વધારવાનો છે.

જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં લોકોને મોટી રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં હવે જીએસટીના માત્ર બે સ્લેબ લાગુ રહેશે. જે પાંચ ટકા અને ૧૮ ટકા રહેશે. હાનિકારક અને લકઝરી પ્રોડક્ટ્સ માટે એક અલગ ૪૦ ટકાનો સ્લેબ બનાવવામાં આવ્યો છે. જીએસટીમાં આ નવા સુધારા ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થશે.

## નિકાસ ૬.૭ ટકા વધીને ૩૫ અબજ ડોલરના સ્તરે, આયાતમાં ૧૦ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ ટેરિફ વોર અને જીઓપોલિટિકલ ટેન્શનને કારણે વાતાવરણ ડહોળાયું હોવા છતાં સરકારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ભારતની નિકાસ ઓગસ્ટમાં ૬.૭ ટકા વધીને ૩૫.૧ અબજ ડોલરના સ્તરે પહોંચી હતી, જ્યારે આયાત ૧૦.૧૨ ટકા ઘટીને ૬૧.૫૯ અબજ ડોલર નોંધાઇ હતી.

ગયા વર્ષે ઓગસ્ટમાં નિકાસ ૩૨.૮૯ અબજ ડોલર હતી અને આયાત ૬૮.૫૩ અબજ ડોલર હતી. ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન વેપાર ખાધ ૨૬.૪૯ અબજ ડોલર હતી જે એક વર્ષ પહેલાના મહિનામાં ૩૫.૬૪ અબજ ડોલર હતી.

એપ્રિલ-ઓગસ્ટ ૨૦૨૫-૨૬ દરમિયાન, નિકાસ ૧૮૪.૧૩ અબજ ડોલર હતી, જ્યારે આયાત ૩૦૬.૫૨ અબજ ડોલર હતી. પત્રકારોને ડેટા અંગે માહિતી આપતા વાણિજ્ય સચિવ સુનિલ બર્થવાલે જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતા અને વેપાર નીતિની અનિશ્ચિતતા હોવા છતાં, ભારતના નિકાસકારોએ ખૂબ જ સારું પ્રદર્શન કર્યું છે.

## ઇજનેરી નિકાસને આઠ અબજ ડોલરનો ફટકો પડશે

નવી દિલ્હી : ભારતની યુએસમાં એન્જિનિયરિંગ નિકાસમાં ૭.૫ થી ૮ બિલિયન ડોલરનો ઘટાડો થવાનો અંદાજ છે કારણ કે આ ક્ષેત્રની સમગ્ર પ્રોડક્ટ બાસ્કેટ હવે પચાસ ટકા ટેરિફનો સામનો કરી રહી છે, જેના કારણે સરકારી સહાયની તાત્કાલિક જરૂર છે.

ટેરિફના કારણે આ ક્ષેત્રે વ્યવસાય પચાસ ટકા ઘટી ગયો છે. બીજીતરફ સંપૂર્ણ ટેરિફ અસર અમલમાં આવે તે પહેલાં નિકાસને ફ્રન્ટલોડિંગ કર્યા પછી, નવા ઓર્ડર આવી રહ્યા ના હોવાની માહિતી એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે આપી હતી. ૨૦૨૪-૨૫માં, અમેરિકામાં એન્જિનિયરિંગ નિકાસ વીસ બિલિયન ડોલર હતી. આમાંથી, પાંચ બિલિયન ડોલરની સ્ટીલ, એલ્યુમિનિયમ અને સંબંધિત ઉત્પાદનોનો સમાવેશ થાય છે, ૨.૬ બિલિયન ડોલર ઓટો સેક્ટરની નિકાસમાંથી આવ્યા હતા, જ્યારે બાકીના ૧૨.૫ બિલિયન ડોલરમાં અન્ય એન્જિનિયરિંગ માલનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર ભારતનો વેપારી નિકાસમાં સૌથી મહત્વપૂર્ણ ફાળો આપનાર છે. સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનોની નિકાસમાં લગભગ વીસ ટકા ઘટાડો થવાની ધારણા છે, જ્યારે ઓટો ક્ષેત્રની નિકાસમાં ૦.૫ બિલિયન ડોલરનો ઘટાડો થવાની સંભાવના છે.

આ ઘટાડો પ્રમાણમાં સાધારણ છે કારણ કે વૈશ્વિક સ્પર્ધકો સમાન ટેરિફ સ્તરનો સામનો કરે છે. જુલાઈ ટેરિફ સમયમર્યાદા પહેલા જ્યારે બેઝલાઇન ટેરિફ હજુ પણ દસ ટકા પર હતી, ત્યારે નિકાસકારોએ શક્ય તેટલી વધુ શિપમેન્ટ અમેરિકા રવાના કરી દીધી હતી. પરિણામે, ભારતની એકંદર એન્જિનિયરિંગ નિકાસ એપ્રિલ-જુલાઈમાં વાર્ષિક ધોરણે ૬.૦૮ ટકા વધીને ૩૯.૩૪ બિલિયન ડોલર થઈ હતી.

આ જ સમયગાળા દરમિયાન અમેરિકામાં નિકાસ ૧૨.૬૦ ટકા વધીને ૬.૯૫ અબજ ડોલર થઈ હતી, જેમાં ફક્ત જુલાઈમાં ૧૯.૨૦ ટકા વધીને ૧.૮૧ અબજ ડોલર થઈ હતી. ટેરિફના ભય વચ્ચે, ઔદ્યોગિક મશીનરી અમેરિકામાં સૌથી મોટી નિકાસ હતી, જે એપ્રિલ-જુલાઈમાં ૧૭ ટકા વધીને ૧.૫૭ અબજ ડોલર થઈ હતી.

## જથ્થાબંધ ફુગાવો બે મહિના પછી પોઝિટિવ ઝોનમાં, પહોંચ્યો ચાર માસની ટોચે

નવી દિલ્હીઃ ખાદ્યચીજોના ભાવમાં વધારો થતાં જથ્થાબંધ ફુગાવો ચાર માસની ટોચે પહોંચ્યો છે. દેશમાં છેલ્લા બે-ત્રણ મહિનાથી મોંઘવારીમાં રાહત મળ્યા બાદ ઓગસ્ટમાં નજીવો વધારો જોવા મળ્યો છે. દેશનો જથ્થાબંધ ફુગાવો ઓગસ્ટમાં વધી ૦.૫૨ ટકા નોંધાયો છે. જે જુલાઈમાં -૦.૫૮ ટકા હતો. જથ્થાબંધ મોંઘવારીમાં વૃદ્ધિ પાછળના કારણો ખાદ્ય ચીજો, મેન્યુફેક્ચરિંગ, નોન-ફૂડ આર્ટિકલ્સ, નોન મેટલિક મિનરલ પ્રોડક્ટ્સ અને ટ્રાન્સપોર્ટ ઈક્વિપમેન્ટના ભાવમાં વધારો છે.

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, પ્રાથમિક ચીજવસ્તુઓમાં જથ્થાબંધ ફુગાવાનો દર ઓગસ્ટ, ૨૦૨૫માં ૧.૬૦ ટકા વધી ૧૯૧.૦ પર પહોંચ્યો છે. જે જુલાઈમાં ૧૮૮ હતો. નોન-ફૂડ આર્ટિકલ્સમાં ફુગાવો ૨.૬૬ ટકા સામે નજીવો વધી ૨.૯૨ ટકા નોંધાયો છે. જ્યારે ખાદ્ય ચીજોમાં ફુગાવો ૧.૪૫ ટકા રહ્યો છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસમાં ફુગાવો ઓગસ્ટમાં ૦.૪૩ ટકા રહ્યો હતો.

ઈંધણ અને વીજમાં ફુગાવો ઘટ્યો છે. ઈંધણ અને વીજળીમાં મોંઘવારીનો દર ઓગસ્ટમાં ૦.૬૯ ટકાથી ઘટી ૧૪૩.૬ થયો છે. જે જુલાઈમાં ૧૪૪.૬ હતો. વીજ અને ખનિજ તેલની કિંમતો અનુક્રમે -૨.૯૧ ટકા અને -૦.૦૪ ટકા પર રહી છે. જ્યારે કોલસાની કિંમત સ્થિર રહી હતી. મેન્યુફેક્ચરિંગ ખર્ચ વધતાં ઉત્પાદનના ભાવ વધ્યા છે. ખાદ્ય ચીજો, વસ્ત્રો, વિદ્યુત ઉપકરણો, અન્ય પરિવહન ઉપકરણો અને મશીનરીના ભાવોમાં પણ વધારો જોવા મળ્યો છે. બીજી તરફ બેઝિક મેટલ, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિક્સ, ઓપ્ટિકલ પ્રોડક્ટ્સ, વસ્ત્રો, લાકડું અને ફર્નિચરના ભાવોમાં ઘટાડો નોંધાયો છે.

રિટેલ ફુગાવો પણ વધ્યો છે. જથ્થાબંધ મોંઘવારી પહેલાં જાહેર થયેલા રિટેલ ફુગાવાના આંકડાઓ પર નજર કરીએ તો ઓગસ્ટમાં રિટેલ ફુગાવો પણ વધી ૨.૦૭ ટકા નોંધાયો છે. જે અગાઉ જુલાઈમાં ૧.૬૧ ટકા હતો. આ સાથે રિટેલ ફુગાવો સળંગ નવ મહિના સુધી ઘટ્યા બાદ વધ્યો છે. જે નવેમ્બર, ૨૦૨૪થી સતત ઘટી રહ્યો હતો.

બાર્કલેઝે જણાવ્યું હતું કે ઓગસ્ટમાં ખાદ્ય પદાર્થોના ડબલ્યુપીઆઇ ડિફ્લેશનમાં ઘટાડો અને ઊંચા કોર ફુગાવાએ ઇંધણમાં ઊંડા ડિફ્લેશનને સરભર કર્યું છે. આગામી મહિનાઓમાં ડબલ્યુપીઆઇમાં સાધારણ વધારો થવાની અપેક્ષા હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, ઉત્પાદિત ઉત્પાદનોના કિસ્સામાં, ઓગસ્ટમાં ફુગાવો વધીને ૨.૫૫ ટકા પર રહ્યો હતો, જે અગાઉના મહિનામાં ૨.૦૫ ટકા હતો.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u






રાજકોટ શહેરમાં રેસકોર્સના મેદાનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસની ઉજવણી નિમિત્તે ભવ્ય 'નમોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એનજીઓ ફેડરેશન દ્વારા આયોજિત આ રંગારંગ મલ્ટિમીડિયા મ્યુઝિકલ શોને જોવા ભાજપના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી)

# કચ્છના કંડલા-મુંદરા બંદરો પર રૂ. ૭૭૦ કરોડના હવાલા કૌભાંડનો ડીઆરઆઈએ પર્દાફાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છના કંડલા અને મુંદરા બંદરો ફરી એકવાર મોટા કૌભાંડના કારણે ચર્ચામાં આવ્યા છે. ડાયરેક્ટરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા તાજેતરમાં એક વિશાળ આયાત-નિકાસ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં ૪૯ જેટલી શેલ કંપનીઓ મારફતે ૭૭૦ કરોડથી વધુની કસ્ટમ ડ્યુટી ચોરી અને હવાલા દ્વારા મની લોન્ડરિંગ કરવામાં આવ્યું હોવાનું બહાર આવતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ડીઆરઆઈની ડિજિટલ ફોરેન્સિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, ગત ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સુનિલ આકાશ કુમાર નામના શખ્સે નકલી શેલ કંપનીઓ સંબંધિત દસ્તાવેજો મોકલ્યા હતા. આયાત દસ્તાવેજોમાં ખોટી માહિતી દાખલ કરાઈ હતી.

હોંગકોંગમાંથી આયાત કરાયેલો માલ મુંદરા ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં આવેલા 'કેરી ઈન્ડો લોજિસ્ટિક્સ'ના વેરહાઉસમાં રાખવામાં આવતો. ત્યાંથી તે સિંગાપોર અને અમેરિકામાં નિકાસ કરાતો હતો, પરંતુ પૈસા પરત ભારતમાં આવતા નહોતા.૪૯ શેલ કંપનીઓ બનાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે ગેરકાયદે વ્યવહાર કરવામાં આવ્યા હતા. રૂ.૨૬,૪૮૬ કરોડનો આયાત વ્યવહાર અને રૂ.૨૭,૧૩૮.૩૯ કરોડનો નિકાસ વ્યવહાર માત્ર કાગળ ઉપર કરવામાં આવ્યો હતો.આયાત કરાયેલ માલનું મૂલ્ય હકીકતમાં કરતા વધારે બતાવવામાં આવ્યું.

નિકાસ બાદ જે રકમ પરત આવવાની હતી, તે ભારતમાં લાવવામાં આવી જ નહોતી. આ રીતે હવાલા નેટવર્ક દ્વારા રૂપિયા સીધા દુબઈ, સિંગાપોર અને હોંગકોંગમાં મોકલવામાં આવ્યા હતા.

આ પુરાવાના આધારે ડીઆરઆઈએ મુખ્ય આરોપી કૃષ્ણન જયશંકર ઐયરની ધરપકડ કરી હતી જયારે અગાઉ અટકમાં લેવાયેલા કેરી ઈન્ડો લોજિસ્ટિકસના મલિક સુનિલ જોઈસરની ઓફિસમાંથી મહત્ત્વપૂર્ણ પુરાવા એકત્ર કરી લેવામાં આવ્યા હતા અને આ કૌભાંડમાં સામેલ અન્ય બે આરોપીઓ હાલ જેલમાં છે.

કંડલા અને મુંદરા બંદરો મારફતે થયેલાં આ રૂ.૭૭૦ કરોડના કસ્ટમ ડ્યૂટી ચોરી અને હવાલા કૌભાંડમાં કસ્ટમ, ઇન્કમ ટેક્સ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ પણ ડીઆરઆઈ સાથે સંયુક્ત તપાસમાં જોડાયા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભચાઉમાં ટ્રેઈલર અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભચાઉના બટિયા પુલ નીચેથી પસાર થઇ રહેલી મોટરસાઈકલને ટક્કર માર્યા બાદ તેના રાક્ષસી પૈડાં નીચે આવી ગયા બાદ શરીરના બે ટુકડા થઇ જતાં માનસંગ જગા કોલી (ઉં.વ. ૩૨)નું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જ્યારે હતભાગીના ભત્રીજા મનસુખ વસ્તા કોળીને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પ્રાણઘાતક અકસ્માત અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ભચાઉ શહેરના જૂનાવાડા વિસ્તારમાં રહેનાર માનસંગ કોળી આગામી તહેવારો માટે બજારમાંથી નવા કપડાં ખરીદવાં માટે પાડોશમાં રહેતા પોતાના કુટુંબી ભત્રીજા એવા આ બનાવના ફરિયાદી મનસુખ વસ્તા કોળીને સાથે મોટરસાઇકલ લઈને ગયા હતા. નવાં કપડાં ખરીદીને બંને પરત ઘર તરફ જઈ રહ્યા હતા. તેઓ બટિયા પુલ નીચેના સર્વિસ રોડ ઉપર પહોંચ્યા હતા તેવામાં પાછળથી પૂરપાટ વેગે ધસી આવેલા ટ્રેઈલરએ મોટરસાઈકલને ટક્કર મારી દેતાં કાકા-ભત્રીજા નીચે પટકાયા હતા. આ વેળાએ માનસંગ કોળી પરથી ટ્રેઇલરના પૈડાં ફરી વળતાં તેના શરીરના બે ટુકડા થઈ જતાં ઘટનાસ્થળે જ હતભાગીએ જીવ ખોયો હતો,જ્યારે ફરિયાદી સદ્ભાગયે ટ્રેઈલરના વચ્ચેના ભાગે આવી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. પોલીસે બનાવ અંગે અકસ્માત સર્જી, નાસી છૂટેલા ટ્રેઇલર ચાલક વિરુદ્ધ ગુન્હો દર્જ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# કચ્છમાં શિક્ષકોની અછતના મુદ્દે મુંદરાના મોખા ટોલ નાકે આશાપુરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચક્કાજામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશના બીજા નંબરના સૌથી મોટા કચ્છ જિલ્લામાં લાંબા સમયથી વર્તાઈ રહેલી શિક્ષકોની અછતના મુદ્દે લાંબા સમયથી લડત ચલાવી રહેલી જાણીતી સંસ્થા આશાપુરા ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનો તથા કાર્યકર્તાઓએ મુંદરાના મોખા ટોલનાકા પર ચક્કાજામ કરી, હાથમાં બેનરો લઈ રાજ્ય સરકાર વિરુદ્ધ સૂત્રોચારો કર્યા હતા. આ આંદોલનના પગલે મોખા ટોલ નાકા પર વાહન વ્યવહાર ઠપ થઈ ગયો હતો. ટોલનાકે વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં લઈને પોલીસ તંત્રએ પહેલેથી જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. છતાં પરિસ્થિતિ તંગ બનતા પોલીસે આશરે ૫૦ જેટલા આગેવાનોની અટકાયત કરી પ્રાગપર પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. આ અંગે આશાપુરા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગજેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે કચ્છ માટે ખાસ ભરતીની જાહેરાત કરી હોવા છતાં શિક્ષકોની જગ્યાઓ પૂરતી ભરાઈ નથી. અનેક ગામડાંઓની શાળાઓ આજે પણ પૂરતા શિક્ષકો વિના ચાલી રહી છે, જેના કારણે બાળકોના ભણતર ઉપર ગંભીર અસર પડી રહી છે. અત્યારે ગુજરાતમાં સૌથી વધારે શિક્ષકોની ઘટ કચ્છ જિલ્લામાં છે. અહીંની પ્રાથમિક શાળામાં ૫૦ ટકા મહેકમની ઘટ જોવા મળી રહી છે. શાળા પ્રવેશોત્સવ તેમજ સૌ ભણે સૌ આગળ વધે તેવી યોજનાઓની સફળતાનાં કરાઈ રહેલા દાવાઓ વચ્ચે કચ્છનું શિક્ષણનું સ્તર સતત કથળી રહ્યું છે. આ સરહદી જિલ્લામાં ૧,૬૪૫ જેટલી પ્રાથમિક શાળા આવેલી છે. ■

# શેરબજારમાં નફાના નામે સાયબર ક્રિમિનલોની જાળમાં સપડાયેલા યુવાને ₹ ૪.૨૦ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારતીય શેરબજારમાં ઓપશન ટ્રેડિંગ, બલ્ક ટ્રેડિંગ, ઇન્ટ્રા-ડે ટ્રેડિંગ પ્રત્યે લોકોમાં રુચિ વધવાની સાથે ટીપ આપીને વધુ નફો કમાવી આપવાના નામે બની બેઠેલા ટ્રેડિંગ ગુરુઓ કમ ઓનલાઇન ચીટરોનો વ્યાપ પણ સતત વધી રહ્યો છે તેવામાં આવા ચીટરોની જાળમાં ફસાયેલા ભચાઉના એક યુવાનને રૂ.૪.૨૦ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો.

મુળ બનાસકાંઠાના હાલે ભચાઉના ભવાનીપુરમાં રહેતા લાલા શંકરભાઈ રાઠોડે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અજ્ઞાત લોકોએ તેની સાથે વ્હોટ્સએપ અને ફોન મારફતે સંપર્ક કર્યો હતો, જેમાં ભારતીય શેરબજારમાં રોકાણ કરી વધુ નફાની લાલચ આપી હતી. વિશ્વાસ કેળવી ફરિયાદીના ખાતામાંથી ટુકડે ટુકડે ૪.૨૦ લાખ પોતાના ખાતામાં જમાવી કરાવી લેવામાં આવ્યા હતા. પરંતુ હવે રૂપિયા પણ નથી મળ્યા અને વળતર પણ નથી મળ્યું.

અલગ અલગ મોબાઈલ નંબરથી વાત કરનારા રાઘવ પટેલ, રઘુ પટેલ, સાહીલ પટેલ, પ્રદીપ બ્રોકર, રાજવંત ચૌધરી તેમજ પેમેન્ટ સ્વીકારનારા યુપીઆઈ ધારકો અને બેંક ખાતાના ધારક સામે ભચાઉ પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. ■

# માંડવીના પદમપુરના દંપતીના સંયુક્ત બેંક ખાતામાંથી ૯.૨૪ લાખ રૂપિયા ઉપડી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૈસા સાચવવાની બાબતમાં ભરોસાપાત્ર માનવામાં આવતી બેન્કોમાં પણ આજના ડિજિટલ યુગમાં નાણાં સુરક્ષિત નથી રહ્યા એ ચિંતાજનક બાબતની સાબિતીરૂપ ઘટના માંડવી તાલુકાના પદમપુર મધ્યે બહાર આવવા પામી છે જેમાં એક પટેલ દંપતીના જોઈન્ટ સેવિંગ્સ એકાઉન્ટમાંથી બારોબાર ૯.૨૪ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. આ અંગે હીરાલાલ હંસરાજ પટેલે સાયબર ક્રાઇમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અને તેમના પત્નીના માંડવીની એચડીએફસી બેંકના સંયુક્ત બચત ખાતામાંથી પાંચ લાખ અને ત્યાર બાદ ચાર લાખ ચોવીસ હજાર તેમની જાણ વિના કોઈ સાયબર ક્રિમિનલ દ્વારા ઉપાડી લીધા હતા. બેન્કનો સંદેશો પ્રાપ્ત થતાં તેઓ શાખામાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે તપાસ કરતાં ખાતામાંથી નાણાંનું ટ્રાન્ઝેક્શન થયું હોવાનું અને સંભવિત તેમના મોબાઈલ ફોનને હેક કરી લઈને આ લાખો રૂપિયાની ઓનલાઈન ઠગાઈ થઈ હોવાનું માલૂમ પડયું હતું. સામાન્ય રીતે કોઈ મોટો નાણાકીય વ્યવહાર બેંક મારફતે થાય ત્યારે બેંક દ્વારા ખાતેદારને અગાઉથી જાણ કરાતી હોય છે, જ્યારે માંડવીના આ કિસ્સામાં કોઈ પણ પ્રકારની જાણ કર્યા વિના નાણાં સેરવાઈ ગયાં હતાં. ■

# ભાવનગર ભાજપ વડા પ્રધાન મોદીના જન્મદિવસ નિમિતે સેવા પખવાડિયું ઉજવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ છે. આ નિમિત્તે ભાવનગર શહેર ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં શહેર અને મંડલ સંગઠન દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર ૨૦૨૫ ગાંધી જયંતી સુધી વિવિધ સેવાકીય પ્રવૃતિ દ્વારા 'સેવા પખવાડિયું' ઉજવવામાં આવનાર છે. જે અંતર્ગત રક્તદાન શિબિર, આરોગ્ય શિબિર, પ્રદર્શની, મોદી વિકાસ મેરેથોન, પં. દીનદયાળજી જયંતી અંતર્ગત સંગોષ્ઠી તેમજ વોર્ડ વાઇઝ પુષ્પાંજલી અને વૃક્ષારોપણ, દિવ્યાંગો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું સન્માન, વોકલ ફોર લોકલનો પ્રચાર- પ્રસાર, સ્વચ્છતા અભિયાન, મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ તેમજ ખાદી ખરીદી જેવા સેવાકાર્યો આગામી પખવાડિયામાં કરવામાં આવનાર છે. ઉક્ત સેવાકાર્યોના આયોજન માટે શહેર અને મંડલ સ્તરે અધ્યક્ષ કુમારભાઈ શાહના માર્ગદર્શનમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ■

# ભાવનગરના ભાદ્રોડ નજીક રસ્તા પર પડેલા બંધ ટ્રક સાથે અન્ય ટ્રક અથડાતા ડ્રાઈવરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઉત્તર પ્રદેશના ગારહી ખાતે ટ્રાન્સપોર્ટમાં ક્લીનર તેના ડ્રાઇવર સાથે ઉત્તર પ્રદેશથી અમરેલી તરફ ટ્રક લઈને જતો હતો તે દરમિયાન રાજુલા જતા મહુવાના ભાદ્રોડ નજીક રોડની સાઇડમાં ગેરકાયેદસર રીતે પાર્ક કરેલ બંધ ટ્રકમાં તેમનો ટ્રક પુરપાટ ઝડપે ઘુસી જતાં તેમની સાથે રહેલ ટ્રક ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે ક્લીનરને ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માતની પ્રાપ્ત થતી માહિતી મુજબ ઉત્તર પ્રદેશના હાપુડ જિલ્લાના નાવડા ગાવ ખાતે રહેતા મુજાહિદઅલી સલીમખાનએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ઉતર પ્રદેશના મેરઠ જિલ્લામાં એ ટુ ઝેડ ટ્રાન્સપોર્ટમાં નોકરી કરે છે અને તેઓ ડ્રાઇવર મોહદ વાસીમ શામુન સાથે ઉતર પ્રદેશથી તેમના ટ્રકમાં સામાન ભરી અમરેલીના રાજુલા ખાતે જવા નિકળ્યા હતા. તે દરમિયાન ઘોઘા ના રો-રો ફેરીથી રાજુલા જતા હતા તે વેળાએ મહુવાના ભાદ્રોડ નજીક પહોંચતા માધવ હોટલ નજીક રોડની સાઇડમાં ગેરકાયદેસર રીતે પાર્ક કરેલ ટેન્કરની પાછળ તેમનો ટ્રક ઘૂસી જતાં ગંભીર અકસમાત સર્જાયો હતો.

જેમાં તેમની સાથે રહેલા ડ્રાઇવર મોહદ વાસીમ શામુનનું ગંભીર ઇજાના કારણે ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું જ્યારે ક્લીનર મુજાહિદઅલીને ગંભીર ઇજા સાથે મહુવાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જ્યાં ગેરકાયેદસર પાર્ક કરેલ ટેન્કર ચાલક વિરૂદ્ધ મહુવા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગરનું બોરતળાવ છલકાવાથી અડધો ફૂટ દૂર

## ખોડીયાર તળાવમાં નવા નીરની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ નથી, પરંતુ તેમ છતાં બોરતળાવના ઉપરવાસમાંથી પાણીની આવક શરૂ હોવાતી બોરતળાવની સપાટી સતત વધી રહી છે. બોરતળાવ થોડા જ દિવસોમાં છલોછલ ભરાય તેવી શકયતા છે. શહેરના બોરતળાવની સપાટી હાલ ૪૨.૬ ફૂટે પહોંચી છે અને બોરતળાવમાં હાલ ૧.૪ ફૂટ પાણીની આવક શરૂ છે તેથી હજુ સપાટી વધવાની શકયતા છે.

બોરતળાવની કુલ સપાટી ૪૩ ફૂટ છે તેથી આશરે અડધો ફૂટ બોરતળાવ ખાલી છે. વરસાદ નહીં હોવાથી બોરતળાવમાં હાલ પાણીની ધીમી આવક શરૂ છે. પાણીની આવક યથાવત્ રહેશે તો આગામી પાંચ દિવસમાં બોરતળાવ ભરાય જવાની સંભાવના છે અને જો સારો વરસાદ આવશે તો બોરતળાવ વહેલા પણ ભરાય શકે છે. ભાવનગરવાસીઓ બોરતળાવ છલકાય તેની લોકો આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ભાવનગર જિલ્લાના રાજપરા ખોડિયાર તળાવ વિસ્તારમાં પણ વરસાદ નથી પરંતુ પાણીની ધીમી આવક શરૂ છે, જેના પગલે તળાવની સપાટીમાં ધીરે ધીરે વધારો થઈ રહ્યો છે. રાજપરા ખોડિયાર તળાવની કુલ સપાટી ૩૦.૬ ફૂટ છે અને હાલ ૨૭.૨ ફૂટ સપાટી પહોંચી છે. ■

# વડા પ્રધાન મોદી ૨૦ સપ્ટે. ભાવનગરની મુલાકાતે, રોડ સહિતના કામો યુદ્ધના ધોરણે શરૂ






(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમના જન્મદિવસના ત્રીજા દિવસે એટલે તા. ૨૦ સપ્ટેમ્બરને શનિવારે ભાવનગરની મુલાકાતે આવશે. વડા પ્રધાનના કાર્યક્રમની તૈયારીઓને લઈ વહીવટી તંત્ર ઊંધા માથે થઈ ગયું છે અને બેઠકોનો દૌર વધારી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

વડા પ્રધાનના કાર્યક્રમ મુદ્દે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રોડ સહિતના કામો શરૂ કરવામાં આવ્યા છે.

વડા પ્રધાન મોદીની શનિવારે ભાવનગર મુલાકાતની મિનિટ્સ ટુ મિનિટ્સનો કાર્યક્રમ હજુ જાહેર થયો નથી. પરંતુ વડા પ્રધાન સંભવત સવારે ૧૦-૩૦ કલાકે ભાવનગર આવશે. વડા પ્રધાનના કાર્યક્રમની તૈયારીઓનું જિલ્લા કલેક્ટર દ્વારા મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે. ૨૭ કમિટીની રચના થઈ છે, તેની કમાન વર્ગ-૨ અને વર્ગ- ૩ના અધિકારીઓને સોંપાઈ છે. તેમની નીચે વર્ગ-૪ના કર્મચારીઓ પણ અલગ-અલગ ફરજ બજાવશે. વડા પ્રધાનના કાર્યક્રમને લઈ વહીવટી અધિકારીઓ, રાજકીય પક્ષો, નેતાઓ સાથે જિલ્લા કલેક્ટર તંત્રના ઉચ્ચ અધિકારીઓએ બેઠકો યોજવામાં આવી રહી છે. યુવાનો રીલ્સ બનાવી રાજકારણીઓ અને સરકારી તંત્રના પાપે ભાવનગરના થયેલા ભુંડા હાલની વેદના વાયરલ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પ્રશ્નોની હારમાળાનું લાંબુ લિસ્ટ મુકી સાહેબ (વડા પ્રધાન) ત્રણ-ચાર મહિને ભાવનગર આવતા રહે તો શહેરની સૂરત બદલાઈ જાય તેવો કટાક્ષ પણ કરી રહ્યા છે. તંત્ર ધારે તો રોડ સહિતનાકાર્યો ફટાફટ કરી શકે છે. પરંતુ માત્ર સાહેબ આવતા હોય ત્યારે જ આમ ઝડપી કામ થાય છે. એટલે લોકો એવું ઈચ્છે રહ્યા છે કે શહેરના અન્ય વિસ્તારોમાં પણ તંત્ર આ રીતે કામ કરે. ■

# અમરેલીના સાવરકુંડલામાં બે યુવાનો પર સિંહણે હુમલો કર્યો

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓની સંખ્યામાં વધારો થતાની સાથે જ માનવ જીવન પર હુમલાના બનાવ પણ વધવા પામ્યા છે. જેમાં ખાસ કરીને માલઢોર ચરાવતા માલધારીઓ ઉપર વન્યપ્રાણીઓના હુમલા યથાવત્ રહેવા પામ્યા છે. આવા જ એક બનાવમાં સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામ નજીક આવેલા નાના ઈશ્વરિયા ગામના બે યુવાન પર સિંહણે હુમલો કર્યો હતો. જેથી તાત્કાલિક બંને યુવાનને સારવાર અર્થે હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મળતી વિગત પ્રમાણે, સાવરકુંડલા તાલુકાના નાના ઈશ્વરિયા ગામના બે યુવાન માલધારીઓ પોતાના માલઢોર ચરાવવા માટે સીમ વિસ્તારમાં ગયા હતા. ત્યારે બપોરના સમયે અચાનક જ એક સિંહણ શિકાર કરવાના હેતુથી ત્યાં ધસી આવી હતી, જેમાં પોતાના માલઢોરને બચાવવા માટે બંને યુવાનોએ હાકલા પડકારા કરતા સિંહણે ઓમગીરી ઈશ્વરગીરી ગોસ્વામી (ઉં.વ ૨૦) પર કેડના ભાગે અને પગના ભાગે હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હતી. ■

# કેન્દ્રીય ગૃહ પ્રધાન આવતા સપ્તાહે રાજકોટની મુલાકાત લેશેઃ સ્વ. વિઠ્ઠલ રાદડિયાની પ્રતિમાનું અનાવરણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ૨૨ સપ્ટેમ્બરના રોજ રાજકોટની મુલાકાત લેશે. તેઓ સ્વ. વિઠ્ઠલ રાદડીયાના પ્રતિમાનું અનાવરણ પણ કરશે. મળતી વિગત પ્રમાણે, રાજકોટ જિલ્લા કક્ષાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા ૨૨ સપ્ટેમ્બરે રાજકોટમાં યોજાશે, જેમાં દેશના પ્રથમ સહકારીતા પ્રધાન અને ગૃહ પ્રધાન અમિત શાહ ઉપસ્થિત રહેશે.

સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રનો પાયો મજબૂત કરવામાં રાજકોટના સ્વ. અરવિંદભાઈ મણિયાર તથા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયાનું સહકારી ક્ષેત્રે મોટું યોગદાન છે. સહકારી સોસાયટીઓએ દેશના વિકાસનું વૈકલ્પિક મોડેલ છે. રાજ્ય કે દેશમાં સ્થાનિક સ્તરે સહકારી મંડળી-બેન્કની ભૂમિકા ખૂબ મોટી છે. નાના માણસોની મોટી બેન્ક કહેવાતી સહકારી બૅન્કો નાગરિકોને મોટો આર્થિક આધાર પૂરો પાડે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડાયેલી ૮૨૧ દૂધ મંડળીના ૬૦,૫૯૦ દૂધ ઉત્પાદકોના બૅન્ક એકાઉન્ટમાં ૬૦ કરોડ જેટલી રકમ જમા કરાવવામા આવી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા ૧૧૪૨ કરોડ રૂપિયાનું ટર્નઓવર કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૮૦ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો થયો હતો. જે અંતર્ગત ૬૦ કરોડ રૂપિયા દૂધ ઉત્પાદકોના બેંક એકાઉન્ટમાં દૂધ ભાવ ફેરના ચૂકવવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકો દ્વારા પ્રતિ દિવસ અંદાજિત ૪.૫૦ લાખ લીટર દૂધ ઉત્પાદિત કરીને ડેરીને સોંપવામાં આવે છે અને વર્ષ દરમિયાન ૧૬ કરોડ લીટરથી પણ વધુ દૂધની આવક રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘને થાય છે.

રાજકોટ ડિસ્ટ્રિક્ટ બૅન્કના ચેરમેન જયેશ રાદડિયાની આગેવાનીમાં ખેડૂત સંમેલનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ■